આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર



# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૧મું
એપ્રિલ - ૨૦૧૭ ● અંક : ૧૦
પાના નં.-૧ ● (કુલ પેજ : ૭૪)

૧૫ એપ્રિલ ૨૦૧૭ પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૦૪-૨૦૧૭ કિંમત : રૂા. ૧૮/-







હાશ! અભ્યાસમાંથી વિરામ
અને વેકેશનની યોજનાઓનું આયોજન.....









માનસિક અને શારીરિક આરામ માટે
મિત્રો અથવા પરિવાર સાથે પ્રવાસ.....

તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) ● દિનેશભાઈ આર. મહેતા ● ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬. ● ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.

Girlie™
Ladies Bag | Ladies Foot Wear
Unit-1, Ground Floor, Urja House, Swastic Cross Road,
C.G. Road, Ahmedabad - 380009.
Ph. : 079-26562011
E-mail : girlie.ahmedabad@gmail.com

ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.
મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૪૦૦૯૬૯-૭૦
● ફિક્સ ડીપોઝિટ ઉપર આકર્ષક વ્યાજદરો
● બચત તથા કરંટ ખાતા માટેની યોજના
● રૂા. ૧ કરોડ સુધીની લોન ધિરાણની વિવિધ યોજનાઓ અને વ્યાજનો દર
- FD ના ખાતેદાર માટે ૯૦ થી ૯૫% સુધી OD માત્ર ૧ % વધુ વ્યાજ થી તેમજ થર્ડ પાર્ટી OD માટે પણ માત્ર ૧% વધુ વ્યાજ.
- વિવિધ સાઈઝના લોકર ફક્ત ગ્રાહકો માટે વગર વ્યાજની ડીપોઝિટથી

SILICON®
ZERO MAINTENANCE LAMINATE
RANGE
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors
Customer Care: 09376327182, 09375021100
Email: info@silicon-group.com; coordinator@silicon-group.com
Web.: www.silicon-group.com

Navinbhai Patel
Director
Mob. : 9825034905
Ramjibhai Patel
Ratanshibhai Patel
PATIDAR
PATIDAR PACKERS PVT. LTD.
Wooden Boxes Crafts & Pallets.
Mfrgs. & Specialist in Seaworthy Packaging.
Opp. Ahmedabad Steel Craft, Near G.V.M.M., Odhav Road, Ahmedabad - 382 415.
Ph.: 079 - 22901233, 22902433, 22900933

Aashish Dinesh Mehta
Vikas Infrastructure
Land Developers & Investors
804, Aakridi Heights, Opp. Aangan Party Plot,
Nr. Prerna Tirth Derasar, Satellite, Ahmedabad-15.
(M) : 93741 31715, 94288 26997
Email : vikas_infra@rediffmail.com

હિમાંશુ ભાઈલાલ ઠક્કર
+91 98793 01004
+91 93740 01004
પ્રેરણા સ્ત્રોત
શ્રી લોહાણા મહાપરિષદ
અખિલ ગુજરાત લોહાણા સમાજ
શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ
શ્રી જલારામ અભ્યુદય જનસેવા ટ્રસ્ટ
શ્રી કચ્છી સમાજ અમદાવાદ
અમર રઘુવંશમ્
શ્રી રઘુકુળ વિશ્વ
jaymahaparishad@gmail.com
shreeraghuvansham@gmail.com

મહેમાનોનું માન, સ્નેહીઓનું સન્માન... કર્ણાવતીની દાબેલી થી જ શોભે...
મણીનગરના પ્રખ્યાત
કર્ણાવતી™ દાબેલી સેન્ટર
આપકા સ્વાદ... હર પલ યાદ..
Our Main Branch
Maninagar
1, Radhamandir Complex, Opp. Hirabhai Tower,
Uttamnagar, Maninagar, Karnavati - 380 008.
Drive-In-Road
LL /12, Indraprastha Tower, Nr. Himalaya Mall, Drive - In - Road, Bodakdev, Ahmedabad- 380052.
Bopal
A -01 & 02, New York Arcade, Nr. Bhavya Park, Opp. Inductherm, Bopal, Ahmedabad.
★ Food's Regent Spice Products (Mfg. Dabeli Instant Masala)
6,7,8, Ground Floor, Karmam Avenue, Opp. Surya City,
B/h.Hirabhai Tower, Maninagar, Ahmedabad.

Mahendra Sangoi
Chairman, M.D.
RAMDEV GROUP
Mfg. of
Cement Concrete Blocks
& Pavers
Builders and Developers
Ami Zarna, Opp. Navneet Hi-tech Hospital, L.T. Road, Dhaisar (E), Mumbai-400 068.
Telefax : 28940150/51 • E-mail : mahedrasangoi@ramdevgroupindia.com
Website : www.ramdevgroupindia.com

**વર્ષ-૩૧ ● અંક - ૧૦**
**૧૫ એપ્રિલ, ૨૦૧૭**

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
**દિનેશ આર. મહેતા**
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
**ભોલાભાઈ ગોલીબાર**
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
**શ્રી ભરત ઓઝા - સભ્ય**
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
**શ્રી સુનીલ દાવડા - સભ્ય**
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**

| | | |
|---|---|---|
| વતનના વાવડ | - | ભરત ઓઝા |
| ગાંધીનગર ગાથા | - | વર્ષા મહેતા |
| મહિલા વિશ્વ | - | રેખાબેન શુકલ |
| કલરવ | - | દિનેશ માંકડ |
| શબ્દ-શોધ | - | પ્રદીપ જોશી-આદિપુર |

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com
●
Kutchshruti Available on
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**

| | | |
|---|---|---|
| ૨ વર્ષ | : રૂા. | ૫૦૦/- |
| ૫ વર્ષ | : રૂા. | ૧૦૦૦/- |
| આજીવન | : રૂા. | ૧૫૦૦/- |

ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

# આ અંકમાં....

## વિભાગ-૧ :-

**તંત્રી લેખ**
- અંધશ્રદ્ધા ........ **અશોક મહેતા...૫**

**પ્રાસંગિક**
- રાષ્ટ્રીય વહાણવટા દિવસ – ૫મી એપ્રિલ ........ **વી. જે. ઠક્કર....૭**
  **નિવૃત્ત નાયબ મત્સ્યોદ્યોગ નિયામક**
- ૭મી એપ્રિલ : વિશ્વ આરોગ્ય દિવસ
  હતાશા : ચાલો વાતો કરીએ - નિરામય જીવન માટે
  મનોવ્યાપારમાં સંતુલન સાધીએ ........ **કિરણ ચાંપાનેરી 'સેતુ'....૮**
  **ફ્રીલાન્સ પત્રકાર**

**કચ્છ**
- કચ્છના અવિસ્મૃત સંભારણા ........ **પ્રભાકર ધોળકિયા....૧૦**
- કચ્છના પ્રજાવત્સલ રાજવી મ.શ્રી વિજયરાજજીનું અંતિમ વિશ્રાંતિ સ્થાન : વિજય વિલાસ પેલેસ ........ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ...૧૨**

**કારકિર્દી**
- સ્કૂલ, બાળક, ઘડતર અને ફી? ........ **ભીમજી નાકરાણી...૧૪**
  **તંત્રી : 'સરદાર જ્યોતિ', ઉમિયા દર્શન**

**પ્રતિક્રિયા**
- માણસનો નવો રંગ ........ **ભોલાભાઈ ગોલીબાર...૧૫**

**સાયન્સ અને ટેક્નોલોજી**
- પૃથ્વી ડિફેન્સ વ્હિકલ : મિસાઈલ ઈન્ટરસેપ્ટરની સફળતા કઈ રીતે મહત્ત્વની છે? ........ ...૧૬

**વિચાર વિમર્શ**
- બે સ્ત્રી વચ્ચેના સંબંધ અને વલણોને કોઈ સમજી શકતું નથી ........ **ડૉ. યાસીન દલાલ....૧૮**

**હાસ્ય રંગ**
- હાસ્ય મારો પ્રાણ છે : તારક મહેતા (ઈન્ટરવ્યુ)..... **પાર્થ બી. દવે, પત્રકાર....૨૦**

**વાર્તા**
- મારો દીકરો હજુ જીવે છે (માનવ ઓર્ગન ડોનેશન પર આધારિત) ........ **બલવીરસિંહ જાડેજા....૨૨**

## સેલ્ફી (Selfie)


- રાણક, રા'ખેંગાર અને સિદ્ધરાજ : પ્રણય ત્રિકોણનો કરુણ અંત ........ .૨૮


## ધર્મ દર્શન


- રામ નવમીએ શ્રી રામનો પરિચય કરીએ ........ .૨૯
- રામાયણ પ્રશ્નોત્તરી ........ **પી.એમ. પરમાર** ........ ૩૦


## લઘુ કથા


- ચકલીનો માળો ........ **નવીન ત્રિપાઠી 'અલ્પ'** ........ ૩૧
- ગભરામણ ........ **નિખિલ એચ. ઠક્કર** ........ ૩૩


## સાંપ્રત પ્રશ્ન (જાહેર આહ્વાન)


- સાંપ્રત વિચાર મંચ ........ **સંકલન : હસમુખભાઈ મહેતા** ........ ૩૩


## વિવિધતા


- પ્રતિભાવ ........ ૩૪
- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૩૭
- વતનના વાવડ ........ **સંકલન : ભરત ઓઝા** ........ ૩૮
- વિવિધ માહિતી ........ ૪૦
- શબ્દ શોધ : ક્રમાંક - ૬૦ ........ ૭૦


## મેઘધનુષ


- ચાખવાની છે! ........ **એન.જે. ગોલીબાર** ........ ૪૬
- ફરજ ........ **પ્રભુલાલ સિધ્ધપુરા** ........ ૪૬
- કેડી આય ........ **રજનીકાંત ઓઝા** ........ ૪૬
- લાઈબ્રેરી ........ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** ........ ૪૬
- લઘુ કાવ્યો ........ **અરુણા અરુણ ઠક્કર** ........ ૪૭
- ગોલીયાં ........ **અરવિંદ સોમૈયા** ........ ૪૭
- હૃદય આલેખ (કાર્ડિયોગ્રાફ) – અછાંદસ કાવ્ય ........ **ચંદ્રવદન એચ. ધોળકિયા** ........ ૪૭
- ગુટકા ખાઓ... ઈનામ જીતો!! ........ **હીરાલાલ વી. ઊનડોઠવાલા** ........ ૪૮
- વખતજી બલિહારી ........ **હરિદાસ કે. ઠક્કર 'હરિ'** ........ ૪૮

- વર્તમાનપત્રોના આધારે ........ ૪૯


## વિભાગ-૨ :-


- પરિવાર સમાચાર ........ ૬૩
- સમાજ સમાચાર ........ ૬૪
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ ........ ૬૮
- 'સરસ્વતી સન્માન' : ૨૦૧૭-૨૦૧૮ ફોર્મ ........ ૭૧

તંત્રીલેખ

# અંધશ્રદ્ધા



અશોક મહેતા

ગુજરાતભરમાંથી અનેક લોકોએ પોતાની આજીવિકાના કારણોસર અમદાવાદને પસંદ કરેલ છે. દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત, સાબરકાંઠા, પંચમહાલ, સૌરાષ્ટ્ર, કચ્છ વગેરે વિસ્તારોના અનેક પરિવારોએ અહીં આવીને પોતાનો વસવાટ કાયમ માટે સ્વીકારી લીધેલ છે. સાથે સાથે રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ કે દક્ષિણ ભારત વગેરે રાજ્યોના અનેક પરિવારો પણ અહીં સ્થિર થયેલ છે. તેઓ સહુએ અમદાવાદને પોતાની કર્મભૂમિ તરીકે સ્વીકારી લીધેલ છે.

ભારતના કોઈ પણ રાજ્યના કે પ્રદેશના લોકો ધર્મ, જ્ઞાતિ, સંપ્રદાય વગેરેથી વિભાજિત થયેલા છે એ રીતે અહીં અમદાવાદમાં સ્થાયી થઈને પણ તેઓ વિભાજિત રહેવા પામેલ છે. કોઈ વિભાજન સંપ્રદાયના કારણે તો કોઈ વિભાજન જ્ઞાતિ કે પ્રદેશના કારણે થવા પામેલ છે. આ દરેક પરિવારોએ પોતાના નાતજાતના વાડામાં રહીને સામાજિક સંગઠનો ઊભા કરેલ છે અને એ સંગઠનને પોતાના વિશાળ પરિવાર સમા સમજી વારે-તહેવારે એકત્રિત થતા રહે છે. આ રીતે અમદાવાદ સ્થિત દરેક પરિવાર પોતાના નાતજાતના વાડામાં રહી પોતાની સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક કે શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરતો આવેલ છે. વાર-તહેવારે એકત્રિત થઈ ઉજવણી પણ કરે છે. જો કે આ જ પરિસ્થિતિ ભારતભરના શહેરોની રહેવા પામેલ છે.

આ સંગઠનો પોતાના સમાજના પરિવારોને સાથે રાખી આધુનિક જગત સાથે તેની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા તાલમેલ સાધવા પૂરેપૂરી કોશિશ કરે છે. તેઓની વિવિધ પ્રવૃત્તિઓમાંની એક પ્રવૃત્તિ એટલે કે શૈક્ષણિક પ્રવૃત્તિ વિશે આજે આપણે સવિશેષ નોંધ લઈએ.

દરેક સમાજ પોતાના બાળકો માટે સરસ્વતી સન્માનના આયોજનો ગોઠવે છે. વર્ષભરના અભ્યાસના પરિણામો પછી પોતાના સમાજના તેજસ્વી બાળકોનું તેઓ સન્માન કરે છે. અને એ રીતે આ બાળકોને પોતાનાથી શક્ય પ્રોત્સાહન પૂરું પાડવા કોશિશ કરે છે. કોઈ સમાજ આ બાળકોને સસ્તા દરે નોટબુકો - પાઠ્ય પુસ્તકોનું વિતરણ કરે છે. કોઈ સમાજ આ બાળકોને વધુ અભ્યાસ અર્થે સબસીડી કે લોન આપે છે. કોઈ સમાજ કારકિર્દી ઘડતરના સેમિનારો યોજે છે તો કોઈ બાળકોના એપ્ટીટ્યુડ ટેસ્ટ લે છે. કોઈ સમાજે શાળા, કૉલેજ વગેરેની સ્થાપના કરેલ છે તો કોઈ સમાજે વિદ્યાર્થી - વિદ્યાર્થિનીના રહેવા માટે હોસ્ટેલની સગવડ ઊભી કરેલ હોય છે. આટલા બધા વર્ષોના અથાગ પ્રયાસ પછી આજે આપણે જોઈ શકીએ છીએ કે દરેક સમાજે સારા એવા તજજ્ઞો પૂરા પાડેલ છે. દરેક સમાજમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, ફાઇનાન્સિયલ ઍડવાઇઝર કે કન્સલ્ટન્ટ, ટેક્ષ કન્સલ્ટન્ટ્સ, ઍડવોકેટ્સ, ડૉક્ટર્સ, આર્કિટેક્ટ્સ, કોમ્પ્યુટર એન્જિનિયર્સ, ઇન્ફોર્મેશન ટેકનોલોજી કન્સલ્ટન્ટ વગેરે પ્રકારના તજજ્ઞો પેદા થવા પામેલ છે. આ એક સુખદ પરિસ્થિતિનું નિર્માણ થવા પામેલ છે કે જેના કારણે આ નિષ્ણાતોના પરિવારો અને તેની સાથે સાથે તેઓનો સમાજ પણ સુખી અને સંપન્ન બની રહેલ છે. સાથે સાથે તેઓનું બૌદ્ધિક જીવન પણ ઊંચું જવા પામેલ છે.

આ સાથે એક સવિશેષ નોંધ લેવાની રહે છે કે આપણે આ ક્ષેત્રે હજુ પણ ઘણું બધું કાર્ય કરવાનું બાકી રહે છે. ભારતીય સમાજના માનસમાં હજારો વર્ષોથી અંધશ્રદ્ધા જેવી બાબતો એટલી જોડાઈ ગયેલ છે કે હજુ પણ આપણે તેને દૂર કરી શક્યા નથી. જીવનમાં એવી અનેક બાબતો બને છે કે જેનો વૈજ્ઞાનિક રાહે ઉકેલ શોધવાના બદલે અંધશ્રદ્ધાની રાહે આજે પણ ઉકેલ શોધવામાં આવે છે. એન્જિનિયરિંગમાં માસ્ટરની ડિગ્રી મેળવેલ હોય કે અન્ય કોઈ વિભાગમાં નિષ્ણાતનું પદ મેળવેલ હોય તો પણ તે વ્યક્તિના માનસમાંથી આપણે હજુ સુધી અંધશ્રદ્ધા દૂર કરી શક્યા નથી. પોતાના ભણતરમાં પૂરેપૂરી લગની લગાવી આગળ વધેલ બાળક જ્યારે પરીક્ષા આપવા જાય ત્યારે મંદિરે જઈ ભગવાનના દર્શન - પૂજા કરી પોતે સારા માર્કસ મેળવી પાસ થાય તેવી યાચના કરે છે. તેઓ બાધા - રાખડી રાખે છે કે ભીડભંજન હનુમાનની માનતા

માને છે. જેમની ઉપાસના કરવામાં આવે છે તેઓ કોઈ ચમત્કાર સર્જશે અને તેનાથી આપણને સારા પરિણામો મળી શકશે તેવી શ્રદ્ધા કે અંધશ્રદ્ધા ઘણા બાળકોના મનમાં હજુ પણ ઘર કરી રહેલ છે. જો કે આ માન્યતા તેમની આજુબાજુના અને પરિવારના લોકોના વ્યવહારના કારણે પણ તેમનામાં ઉત્પન્ન થયેલી હોય છે. મા આશાપુરા, મા ભવાની, મા જગદંબા, મા કાલીકાદેવી, મા અંબે મા, મા સંતોષી માતા, મા સચ્ચી માતાને વંદન કરી અથવા તેમના પ્રત્યે શ્રદ્ધા વ્યક્ત કરી અથવા તેમની બાધા રાખી તેઓ કોઈ ચમત્કાર સર્જશે અને આપણા હિતના પરિણામો તેઓ મેળવી આપશે તેવી માનસિકતા આપણા આ ભણેલ ગણેલ વર્ગમાંથી પણ હજુ ગઈ નથી. તે માટે હોમ, હવન, યજ્ઞ, ચંડીપાઠ વગેરેનો આશરો લેવામાં પણ આ યુવાનો બિલકુલ ખચકાટ અનુભવતા નથી. બલકે પૂરેપૂરી શ્રદ્ધાથી તેનું અનુસરણ કરે છે. પોતાના કુળદેવી, દેવસ્થાન કે આરાધ્ય દેવોની ભક્તિભાવથી પૂજા કરી પોતાને ગમતા પરિણામો આવે તેવી અપેક્ષા રાખે છે. પોતાના વિવિધ પ્રકારના દુન્યવી દુઃખો દૂર થશે તેવી ભાવના પણ રાખે છે. આજુબાજુના પારિવારિક વાતાવરણને કારણે આધુનિક શિક્ષણ પામેલ યુવાન પણ આ બાબત શાંતિથી વિચારી શકતો નથી અને પોતાના પરિવારનું અનુસરણ કરે છે.

એક પરિવાર છેલ્લા ત્રીસેક વર્ષથી અમેરિકામાં રહે છે પરંતુ તેઓ જ્યારે ભારત આવે ત્યારે ભુવા પાસે અચૂકપણે પોતાનું ભવિષ્ય જાણવા કોશિશ કરે છે. આ માન્યતા તેમના પરિવારના અન્ય લોકોમાં પણ જડાઈ ગયેલ છે. આ રીતે અમેરિકા જેવા દેશોમાં રહેનાર પરિવાર પણ અંધશ્રદ્ધાથી દૂર જઈ શકતો નથી. બોરીવલી, વિરાર વગેરે પરાઓમાં રહેનાર અનેક પરિવારો આજે પણ આ પ્રકારની અંધશ્રદ્ધામાંથી બહાર નીકળી શકતા નથી. આપણે જ્યારે આ પરિવારોની વાત કરીએ છીએ ત્યારે તેમના પરિવારની આધુનિક કેળવણી પામેલ બાળકોનો પણ સમાવેશ થઈ જાય છે. જ્યારે પ્રથમ વખત ભારતમાં થુમ્બાથી અવકાશમાં રોકેટ છોડવામાં આવેલ ત્યારે વર્તમાનપત્રોમાં સમાચાર આવેલ કે એ વૈજ્ઞાનિકોએ સવારમાં પોતાના ઘરે હોમ-હવનનો કાર્યક્રમ યોજેલ અને ત્યારબાદ અવકાશ મથક પર ઉપસ્થિત રહી અવકાશમાં રોકેટ છોડવાની કામગીરીનો આરંભ કરેલ. આ પરિસ્થિતિનો અંત આવે તેવી પરિસ્થિતિનું નિર્માણ દરેક સમાજની શૈક્ષણિક સમિતિએ કરવું જરૂરી છે. આધુનિક જમાનામાં ઉચ્ચ શિક્ષણ મેળવેલ શિક્ષિત વર્ગ એક તરફ અને પરિવારની અસરના કારણે અંધશ્રદ્ધા ના છોડી શકતો આજ શિક્ષિત વર્ગમાંના કેટલાક યુવાનો, એમ બે વિરોધાભાસી પરિબળોની વચ્ચે જીવી રહેલ છે એ આજની સત્ય હકીકત છે.

દરેક સમાજની જે - જે શૈક્ષણિક સમિતિઓ તેમના બાળકો કે યુવાનોની કારકિર્દીના ઘડતર માટે જે રીતે આધુનિક વિવિધ શાળાઓના જ્ઞાન પીરસે છે તે રીતે તેઓએ આ યુવાનોની અંધશ્રદ્ધાવાળી માન્યતા દૂર કરાવવા પણ પ્રયાસો કરવા અતિ જરૂરી છે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગલોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

---

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## માસિક મુખપત્ર "કચ્છશ્રુતિ"ના ગ્રાહકો જોગ અપીલ

*મુખપત્ર "કચ્છશ્રુતિ"ના તાજેતરમાં નોંધાયેલા અનેક ગ્રાહકોના અમે ખૂબ ખૂબ આભારી છીએ. "કચ્છશ્રુતિ"ની લોકપ્રિયતા નિહાળીને તેનાં ગ્રાહકોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે, જે એક આનંદની બાબત છે. આ પ્રકારનો સહયોગ કાયમ મળતો રહેશે, તેવી અપેક્ષા રાખીએ છીએ.*

*આ રીતે અગાઉ નોંધાયેલા ગ્રાહકો પૈકી કેટલાકનું બે વર્ષનું લવાજમ ગત માસમાં પૂરું થયું છે. તેવા ગ્રાહકોની એક યાદી તૈયાર થઈ રહી છે અને "કચ્છશ્રુતિ"માં તેમનાં નામો પ્રકાશિત કરીએ તે અગાઉ તેવા અમારા દિલબર ગ્રાહકવર્ગને ખાસ જણાવવાનું કે તેઓ પોતાનું લવાજમ સમાજ કાર્યાલયમાં પોતાના સંપૂર્ણ સરનામા અને ટેલિફોન નંબર સાથે તાત્કાલિક મોકલાવી "કચ્છશ્રુતિ"ના ગ્રાહકપદનું રીન્યુઅલ સમયસર કરાવી લે એવી અમારી હાર્દિક અપીલ છે. જેથી "કચ્છશ્રુતિ"ના અંકો તેમને નિયમિત રીતે મોકલાવી શકાય. જેઓએ અગાઉ રૂા. ૩૦૦/- કે રૂા. ૫૦૦/-ની ડિપોઝીટ ભરેલ છે તેઓને પણ (પોસ્ટ ખાતાના નિયમ પ્રમાણે) પોતાના લવાજમનો ચેક શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફિસ પર મોકલી આપવા અમે અપીલ કરીએ છીએ.*

***મનુભાઇ કોટડિયા, કન્વીનર, વ્યવસ્થાપક સમિતિ – "કચ્છશ્રુતિ"***

પ્રાસંગિક

# રાષ્ટ્રીય વહાણવટા દિવસ : ૫મી એપ્રિલ



વી. જે. ઠક્કર,
નિવૃત્ત નાયબ મત્સ્યોદ્યોગ નિયામક

કરોડો વર્ષોથી પૃથ્વીના પેટાળમાં રહેલા ભૂસ્તરીય ફેરફારોના પરિપાકરૂપે ખંડીય પ્લેટોના ખસવાને કારણે એશિયા - આફ્રિકા ખંડો એકબીજાથી છૂટા પડ્યા અને કિનારાની જે રચના થઇ તે હજારો વર્ષથી વિકસેલ કચ્છ - સૌરાષ્ટ્રના વહાણવટાની પાયાની વિકાસ ગાથા છે. ખાંચાખૂંચીવાળો કિનારો અને બે સુરક્ષિત અખાતો કચ્છનો અખાત અને ખંભાતનો અખાત આપણાં કચ્છ સૌરાષ્ટ્રના કિનારે વિકસેલ બંદરો અને તેના આધારિત વહાણવટા માટેના મુખ્ય પરિબળો છે. જો કે ભૂતકાળમાં ૨૦મી સદીના ઉત્તરાર્ધ સુધી કચ્છમાં લખપત - જખૌ, માંડવી, મુંદ્રા, તુણા તથા સૌરાષ્ટ્રના નવલખી, જોડિયા, જામનગર, પોરબંદર, માંગરોળ, વેરાવળ, મૂળ દ્વારકા, માડવાડ, દીવ, નવા બંદર, જાફરાબાદ, મહુવા અને ભાવનગર વહાણવટા અને બંદરીય વેપારથી ધમધમતાં હતાં. કારણકે નદીના મુખ્ય પ્રદેશો પર બંદર બનતા અને ચોમાસામાં નદીઓના પૂરના પાણી છેક દરિયાની ખાડી સુધીની ચેનલોને સાફ રાખતી. આને કારણે મોટા વહાણો નદી કિનારાના શહેરો સુધી આવી શકતા અને ત્યાં બંદરનો વિકાસ થયો. સાથોસાથ વહાણવટું તથા વેપાર પણ વિકસ્યો. ત્યારે યાતાયાતનાં સાધન તરીકે પણ વહાણોનો ઉપયોગ વધારે થતો કારણકે જમીન દ્વારા યાતાયાતની વ્યવસ્થા ખૂબ જ ટાંચી હતી. સ્થાનિક માલની હેરફેર અને વેપારમાંથી સગવડતા વધતાં અને ભૌગોલિક રીતે નજીકના દેશો જેવા કે ઇરાન, ઇરાક, અરબસ્તાન, મસ્કત, આફ્રિકા જેવા દેશો સાથે વિદેશ વેપાર વધવા લાગ્યો અને કચ્છ સૌરાષ્ટ્રની સાહસિક પેઢીઓની નામના વિદેશમાં વધતાં વહાણવટાને વિદેશ વેપારનો વ્યાપ વધ્યો. આ ઉપરાંત દેશી વહાણોનાં કુશળ કારીગરો દ્વારા ઉચ્ચતમ ગુણવત્તાવાળાં વહાણો બનવા લાગ્યા. જે મહાસાગરોની સફર માટે નેવલ આર્કિટેક્ટની જરૂરિયાત મુજબ સી-વર્ધી અને સી.કામ સલામત સફર કરી શકતા. **જેથી વિદેશીઓ પણ કચ્છ સૌરાષ્ટ્રમાં કારીગરો પાસે વહાણ બંધાવતા.** આ ઉપરાંત દેશી, ભૌગોલિક ખગોળશાસ્ત્રનાં અનુભવવાળા માલમો (કેપ્ટન) આવાં વહાણો એક ખંડમાંથી બીજા ખંડમાં સફળ રીતે લાવતા - લઇ જતા. આ સિલસિલો ૨૦મી સદીની શરૂઆત સુધી ચાલ્યો. પણ પછી સ્ટીલના મોટા જહાજો સ્ટીમરો યુરોપમાં બનવા લાગી અને આંતરખંડિય વેપારમાં આવો બલ્ક કેરિયર જહાજોનો યુગ શરૂ થયો. **આપણા કચ્છ સૌરાષ્ટ્રનાં સાહસિકોએ પણ માલવાહક સ્ટીમરો દ્વારા વિદેશ વેપારની પહેલ ઇ.સ. ૧૯૧૯માં ૫ મી એપ્રિલે કરી અને પ્રથમ માલવાહક સ્ટીમર એસ.એસ. લોયાલિટી મુંબઈથી માલ ભરી લંડન રવાના કરાઈ. આની યાદગીરી રૂપે ભારત સરકાર દ્વારા ૫ મી એપ્રિલને રાષ્ટ્રીય વહાણવટા દિવસ તરીકે દર વર્ષે ઉજવવામાં આવે છે અને આ કંપનીના માલિક આપણાં ગુજરાતી સપુત શ્રી નરોત્તમ મુરારજી વંશ પરંપરાગત દરિયાઇ વેપાર સાથે જોડાયેલ છે.** આમ દેશી વહાણવટાથી માંડીને સ્ટીમરોનો જમાનો આવ્યો અને કચ્છ સૌરાષ્ટ્રના સાહસિક વેપારીઓનો તેમાં મોટો ફાળો રહ્યો.

- **મહાબંદરોનો વિકાસ અને નાના બંદરો પડી ભાંગ્યા**

આઝાદી બાદ દરિયાઈ વ્યવસાયમાં મોટું પરિવર્તન આવ્યું. બલ્ક કરિયર દ્વારા જાયન્ટ કાર્ગોની હેરાફેરી સરળ બનતાં આવાં જહાજો અમુક બંદર જ્યાં સ્ટીમર લાંગરી શકે તેટલી ઊંડાઈનાં પાણી ઉપલબ્ધ બને ત્યાં જ ઉતરાણની વ્યવસ્થાઓ મોટાપાયે વધારવામાં આવી અને મોટી ક્રેઇનો દ્વારા માલ ભરેલા કન્ટેઇનરો ઉતરવા લાગ્યાં અને ઝડપથી સમયના વિલંબ વગર માલ ઉતારવા ચઢાવવાની વ્યવસ્થાઓ ઉપલબ્ધ થતાં કચ્છ સૌરાષ્ટ્રમાં કંડલા, મુંદ્રા, વાડીનાર, પીપાવાવનો આંતરરાષ્ટ્રીય કાર્ગો ઉતારવા ચઢાવવાની સગવડતાવાળા મહાબંદરોનો વિકાસ થયો. ભારત સરકાર દ્વારા પણ આવા બંદરો માટેની માળખાકીય સુવિધાઓ વધારવા માટેની યોજનાઓ અમલી બનાવી દેશના એક્સપોર્ટ - ઇમ્પોર્ટને વેગ મળે તે હેતુથી વિકાસ કરવામાં આવી રહ્યો છે.

તાજેતરમાં રાજ્ય સરકાર તરફથી પણ કેટલાક નાના બંદરોના વિકાસને ધ્યાને લઇ આંતરમાળખાકીય સગવડો જેવી કે ચાર લેન હાઈવે, કનેક્ટિવિટી, સ્માર્ટ પોર્ટસિટી વગેરે યોજનાઓ દ્વારા નાના મધ્ય બંદરો ઓખા, નવલખી, દહેજ, બેડી, જામનગર વગેરેના વિકાસ માટે જાહેરાત થયેલ છે. જે ગુજરાતનાં બંદરીય વેપારને વધુ વેગ આપી ધંધા રોજગારની નવી તકો ઊભી થવાની પૂરી સંભાવના છે.

જમીન ઉપર ખેતીવાડીના વિકાસને

(અનુસંધાન : જુઓ પાના નં.-૯ ઉપર)

પ્રાસંગિક

### ૭મી એપ્રિલ : વિશ્વ આરોગ્ય દિવસ

# હતાશા : ચાલો વાતો કરીએ – નિરામય જીવન માટે મનોવ્યાપારમાં સંતુલન સાધીએ

• કિરણ ચાંપાનેરી 'સેતુ' - ફ્રીલાન્સ પત્રકાર •

આધુનિક જીવનશૈલીમાં માનસિક તણાવ વધુ રહે છે અને ભાવાત્મક તણાવ સૌથી વિશેષ રહે છે. ડગલે ને પગલે આજે તણાવ સર્જાય છે. આજનો માનવી અસ્વસ્થ છે, ભવિષ્યની ચિંતાઓથી ઘેરાયેલો છે. વિદ્યાર્થી અભ્યાસ અને કારકિર્દીના ઘડતર માટે ચિંતાથી ઘેરાયેલો છે, વ્યક્તિ વધુ કમાવાની ભાગદોડમાં અટવાયેલો રહે છે. પરિણામે તે અસલામતી અને અળગાપણું અનુભવે છે. તેમાંથી તણાવ અને હતાશા સર્જાય છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (W.H.O.), એ વિશ્વના દેશોના સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ અંગે પરસ્પર સહયોગ અને ધારાધોરણો નક્કી કરતું સંગઠન છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન, એ સંયુક્ત રાષ્ટ્ર સંઘનો એક અનુસાંગીક પ્રભાગ છે. ૧૯૪૭માં ૭મી એપ્રિલે W.H.O.ની મહાસભા મળેલી અને વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવેલ. તે પ્રમાણે વૈશ્વિક સ્તરે આરોગ્ય જાગૃતિ માટે ૧૯૫૦થી દર વર્ષે ૭મી એપ્રિલે 'વિશ્વ આરોગ્ય દિન'ની ઉજવણી કરવામાં આવે છે. W.H.O. દ્વારા પ્રસ્થાપિત આ દિવસે વૈશ્વિક સ્તરે પ્રસરેલી બીમારીઓને નાબૂદ કરવાની કાર્યવાહીને અમલમાં મૂકવા માટે અને દેશને નિરોગી બનાવવાનો દ્રઢ સંકલ્પ કરવામાં આવે છે. આ વર્ષે વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણીનો વિષય છે "હતાશા : ચાલો વાત કરીએ."

વિશ્વના દરેક દેશમાં અને જીવનના દરેક ક્ષેત્રમાં નાના મોટા સૌને હતાશા ઘેરી વળતી હોય છે. હતાશાના કારણે વ્યક્તિના રોજિંદા કામકાજ પર અસર પડે છે. પરિવાર, મિત્રો, સમાજ, નોકરીના સ્થળે અને સૌથી માઠી અસર તેના આરોગ્યને થાય છે. હતાશાથી ઘેરાયેલ વ્યક્તિ ક્યારેક પોતાની જાતને જ ઇજા પહોંચાડી શકે છે. ક્યારેક તો આવી વ્યક્તિ આત્મહત્યા પણ કરી બેસે છે. હતાશાને સારી રીતે સમજી, તેને રોકવા અને સારવાર કરવાથી બીમારી સંબંધિત લક્ષણો દૂર કરી સારી રીતે જીવી શકાય છે.

W.H.O. - હતાશાને માનસિક નિષ્ક્રિયતાનું એક લક્ષણ માને છે. હતાશા એ માનસિક નિષ્ક્રિયતાની ગંભીર સ્થિતિ છે. આજે વિશ્વમાં દર પાંચ સ્ત્રીએ એક સ્ત્રી અને દર દસ પુરુષે એક પુરુષ તેના જીવનમાં હતાશાનો ભોગ બને છે. વૈજ્ઞાનિકો પણ સંમત થાય છે કે હતાશા, એ મનોરોગ છે. આનુવંશિક લક્ષણો, હોર્મોન્સમાં ફેરફાર, કોઈ શારીરિક બીમારી, તણાવ, દુઃખ, કેફી દ્રવ્યનું સેવન જેવા અનેક પરિબળો હતાશાને નોતરે છે.

જીવન સંસારમાં એવું કોઈ ક્ષેત્ર નથી કે જ્યાં હતાશા ન હોય. લગ્ન, બાળકની સારસંભાળ, કારકિર્દી, આર્થિક પરિસ્થિતિ – એમ જીવનમાં ડગલેને પગલે સમાધાન કરતા કરતા હતાશા ક્યારે મનનો કબજો લઈ લે છે તેનો ખ્યાલ રહેતો નથી. અને એકવાર હતાશાનો ભોગ બન્યા પછી ફરી વાર હતાશાનો ભોગ બનવાની સંભાવના વધુ રહે છે. ડાયાબિટીસ, હૃદય રોગનો હુમલો, ચિંતા જેવા રોગ તેમાં ભળવાથી હતાશાની અસર ગંભીર બને છે.

હતાશાથી પીડાતા લોકોનું નિદાન ઘણું મોડું થાય છે. કેટલીકવાર વ્યક્તિ પોતે જ નિદાન કરાવવાનું ટાળતો હોય છે. ત્યારે હતાશા મોટી સમસ્યા બને છે. પરંતુ જો હતાશા કે માનસિક રોગના લક્ષણો દેખાય કે તરત જ પ્રારંભિક સારવાર કરવામાં આવે તો તે અસરકારક નીવડે છે.

હતાશા વ્યક્તિના વિચારો, વર્તણૂંક, લાગણીઓ અને શારીરિક સ્વાસ્થ્યને પણ માઠી અસર કરે છે. હતાશ વ્યક્તિ નિરાશા, ઉદાસીનતા, વ્યગ્રતા, ક્રોધ, દોષભાવ અનુભવે છે. કુટુંબ, મિત્રો અને મનગમતી પ્રવૃત્તિમાંથી હતાશ વ્યક્તિનો રસ ઓછો થઈ જાય છે કે રસ રહેતો નથી. હતાશ વ્યક્તિમાં એકાગ્રતા રહેતી નથી. નિર્ણય કરવામાં મુશ્કેલી, યાદ રહેતું નથી. પોતાની જાતને નુકસાનકારક વિચારો આવે છે. ભ્રમણા અથવા આભાસ પણ ગંભીર હતાશાનું કારણ છે. હતાશાથી ઘેરાયેલ વ્યક્તિ ભીડથી દૂર રહે છે, લોકોને મળવાનું ટાળે છે, કેફી દ્રવ્યનું સેવન કરવા લાગે છે. શાળા, કાર્ય અને અન્ય જવાબદારી ભૂલી જાય છે. હતાશ વ્યક્તિ થાકેલી કે અશક્ત લાગે, તેને ન સમજાય તેવા દર્દ - દુઃખાવા થાય, ભૂખ ન લાગે, વજનમાં ઘટાડો થાય, ઊંઘમાં ફેરફાર થાય, બહુ ઊંઘે રાખે અથવા ઊંઘ ન આવે, જાતીય

સમસ્યા સર્જાય છે.

પ્રસંગોપાત આપણે પણ હતાશાના ઉપર બતાવેલ લક્ષણમાંથી એકાદનો અનુભવ કરતા હોઈશું. પણ એકાદવાર એકાદ લક્ષણ પ્રગટવાથી હતાશા પેદા થઈ જતી નથી. પરંતુ અવારનવાર આ લક્ષણો દેખાય તો મનોચિકિત્સકને બતાવવું જોઈએ અને હતાશાના લક્ષણોનો ખ્યાલ આવ્યા બાત તરત જ મનોચિકિત્સકના માર્ગદર્શન હેઠળ સારવાર લેવી જોઈએ. વ્યક્તિને હતાશામાંથી બહાર કાઢવા, ખંખેરવા, હતાશાને દૂર કરવા સતત તેની સાથે વાતો કરતા રહેવું અને તેને પ્રવૃત્તિમય રાખવી જોઈએ. ગુજરાતીમાં કહેવત છે : "વાત કરવાથી મન હળવું થાય." ધ્યાન હતાશામાંથી માનવીને ઉગારી શકે છે. ધ્યાનમાં બેસવાથી શરીરના રસાયણો બદલાય છે જે શરીર અને મનને સ્વસ્થતા આપે છે.

મનોવ્યાપાર એટલે મન દ્વારા વિચારવું. શુધ્ધ સાત્વિક આહાર અને વાતાવરણ રહનસહન મનને પ્રફુલ્લિત, પલ્લવિત રાખે છે. આજના ભાગદોડભર્યા જીવનમાં પારિવારિક સંબંધોમાં ઓટ આવતી જાય છે. સંયુક્ત કુટુંબ પ્રથા તૂટી રહી છે. કૌટુંબિક સંબંધોના સ્થાને કોમ્પ્યુટર, ઇન્ટરનેટ જેવા ઇલેક્ટ્રોનિક્સ સાધનોએ કબજો જમાવ્યો છે. પરિણામે મનની પરમ શાંતિ ખોરવાઇ છે. આના કારણે માનસિક સંતુલન ખોરવાતા મનોરોગનું પ્રમાણ વધ્યું છે. નિયમિત ધ્યાનયોગ કરવાથી મનોવ્યાપારને સમતોલ કરી શકાય છે. મનોવ્યાપાર અને આહાર વિહારમાં સંતુલન સાધીને શાંતિમય નિરામય સો વર્ષ કેમ ન જીવીએ!? વિશ્વ આરોગ્ય દિન ઉજવવા પાછળનો હેતુ બસ એટલો જ છે કે લોકોમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ આવે અને વ્યક્તિનું સ્વાસ્થ્ય સુધરે તો દેશ નિરોગી બને અને દેશ નિરોગી હોય તો સારોય સંસાર નિરોગી બને.

*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર હા.સોસાયટી,*
*સૈજપુર બોઘા, અમદાવાદ-૩૮૨ ૩૪૬.*
*મો. ૯૯૯૨૮ ૩૩૨૬૮*

## રાષ્ટ્રીય વહાણવટા દિવસ

**(અનુસંધાન : પાના નં.-૭ ઉપરથી ચાલુ)**

ધ્યાને લઈ મોટા બંધો, બંધારા તથા ચેકડેમો મોટાપાયે બંધાતા કચ્છ સૌરાષ્ટ્રનાં નાના મધ્યમ બંદરોની ખાડીમાં મોટાપાયે પુરાણ થવા લાગ્યું. ચોમાસામાં નદીઓના મુખ પ્રદેશોમાં વરસાદી પૂરના પાણીઓથી જે ફ્લશ થઈ ખાડીઓ સાફ રહેતી તે બંધો, બંધારા બંધાતા બંધ થયું અને બંદરોની ખાડીઓ પુરાવા લાગી. આને કારણે નાના બંદરોના વહાણવટાને ભારે વિપરીત અસર થઈ. તેથી નાના બંદરોનું વહાણવટું પડી ભાંગ્યું. પરંતુ તેમ છતાં નવલખી જેવા બંદરો ભરતી ઓટના દરરોજ ભારે કરંટ સાથે આવતા દરિયાઇ પાણીથી કુદરતી રીતે સાફ રહે છે અને ઓખા જેવું બંદર કુદરતી રીતે સાનુકૂળ દરિયાઈ સ્થાન ધરાવતું હોવાથી આ રીતે કુદરતી સાનુકૂળ પરિસ્થિતિને ધ્યાને લઈ ઓખા પાસે પોશિત્રાને આંતરરાષ્ટ્રીય સ્તરે ટ્રાન્ઝિટ પોર્ટ તરીકે વિકાસની પૂરી શક્યતા છે. જે અંગે વિચારી રાજ્ય અને રાષ્ટ્રના વિકાસને ધ્યાને રાખી યોગ્ય થવાની જરૂર છે.

*૧૭, નટવર પાર્ક, મોરબી-૨.*
*મો. ૯૪૨૮૨ ૮૧૪૧૭*

## માસિક મુખપત્ર "કચ્છશ્રુતિ"ના લેખકશ્રીઓને નમ્ર નિવેદન

૧. દરેક લેખ, કૃતિ સાથે લેખકશ્રીની તસવીર પ્રિન્ટ કરવાની હોવાથી દરેક લેખકશ્રીઓએ પોતાની લેખન સામગ્રી સાથે તસવીર મોકલાવવા અનુરોધ છે. જેમની લેખનસામગ્રી નિયમિત રીતે પ્રકાશિત થાય છે તેઓએ માત્ર એક વખત પોતાની તસવીર મોકલવાની રહેશે.

૨. એવું ધ્યાન પર આવેલ છે કે, ઘણાં લેખકશ્રીઓ પોતાની કૃતિઓની નકલો એક સાથે અનેક સામયિકોમાં મોકલાવી આપે છે. પરિણામે એક સપ્તાહમાં સ્થાનિકેથી પ્રકાશિત થતાં ૨ થી ૩ મેગેઝિનોમાં એક જ પ્રકારની સામગ્રી જોવા મળે છે, જે ઇચ્છનીય નથી. એટલે તેવી સામગ્રીની નકલ 'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત કરવા મોકલાવી નહીં.

૩. સામાન્ય રીતે દરેક માસની ૧૫મી તારીખ સુધી મળેલ લેખન સામગ્રી ત્યાર પછીના માસના અંકમાં લેવામાં આવે છે.

૪. એક સમયે એક જ લેખ, કાવ્ય, કૃતિ મોકલાવવા ખાસ અનુરોધ છે.

૫. લેખન સામગ્રીની ફોટો નકલ સ્વીકૃત થશે નહીં.

૬. લેખન સામગ્રી ફુલ-સ્કેપ પેપર ઉપર અને બે લાઇન વચ્ચે સ્પેસ છોડીને લખાણ હોવું ખાસ જરૂરી છે.

૭. લેખન સામગ્રી મૌલિક / પ્રથમ વખતની હોવી જોઈએ.

***- વ્યવસ્થાપક સમિતિ***

# કચ્છના અવિસ્મૃત સંભારણા



પ્રભાકર ધોળકિયા

આઝાદી પહેલાં, બીજા વિશ્વયુધ્ધના અરસામાં કચ્છમાં સંવત ૧૯૯૬માં ભયંકર દુષ્કાળ પડેલો તે વખતે મારો ભુજમાં જન્મ. એટલે અત્યારે હું ૭૫+ છું. અમારા પિતાશ્રી વકીલ હતા. એટલે લોહીમાં કાયદો વહે જન્મથી.

★ 'કચ્છશ્રુતિ' તંત્રીમંડળના મિત્રોની વિનંતી. એટલે મને થયું કે મારી સ્મૃતિ પટલ પરથી બધી યાદદાસ્તો વિસ્મૃત થઈ જાય તે પહેલાં મેં નજરે જોયેલ - અનુભવેલ અને સ્મૃતિ પટ સમક્ષ હજુ તરતી હકીકતો કલમથી ટપકાવી લઉં.

★ હું પાટવાડી સ્કૂલમાં ગુજરાતી ધોરણ-૪ સુધી ભણ્યો. કચ્છમાં મહારાવશ્રી માધુભા સાહેબ રાજા હતા. તેમના જન્મ દિવસે તથા અષાઢી બીજના દિવસે ગોળના પડા સ્કૂલમાં વિદ્યાર્થીઓને વેચાય. ત્યારબાદ સાકરના પડા શરૂ થયા હતા. સ્કૂલમાં બહુ આનંદ થતો - હોંશ થતી. ભુજમાં નાગરચકલામાં આવેલ કાળાભાઈના ડેલામાં આવેલ ઘરથી પાવડીની પાળી પરથી ચાલતા ચાલતા નિશાળે પહોંચીએ! સ્મિથ સાહેબ સ્કૂલમાં આવે તે સમયે જે વિદ્યાર્થીના દાંત સફેદ હોય તેને સફેદ પેન મળતી! નિશાળમાં શિસ્ત - હાઈસ્કૂલ સુધીના તમામ સાહેબોના નામો આજે પણ યાદ છે. સ્મરણ પટ પર યાદ કરી વંદન કરું છું. મેટ્રિકની પરીક્ષા રાજકોટ આપવા જવું પડતું. ૧૯૫૪થી ભુજ સેન્ટર થયું. મેં ભુજમાં ૧૯૫૫માં મોલાતમાં બેસતી લાલન કૉલેજમાંથી એસ.એસ.સી.ની પરીક્ષા આપી હતી. તે વખતે અનેરો આનંદ રહેતો. ૫ દિવસમાં પરીક્ષા પૂરી થતી. રોજ બે બે પેપર. રિસેસમાં સગાવહાલાં - કુટુંબીઓ નાસ્તા લઈને આવે અને પેપરની ચર્ચા થતી. ૧૯૫૩માં લાલન કૉલેજની સ્થાપના થઈ. મેં બી.એ.ની પરીક્ષા લાલન કૉલેજ મોલાતમાંથી પાસ કરેલી. ઈન્ટરની પરીક્ષા રાજકોટમાં આપવા ગયેલો. કંડલાથી નવલખી લોન્ચમાં બેસીને રાજકોટ પહોંચતા.

★ કચ્છના રાજા મહારાવશ્રી માધુભા સાહેબ ગુજરી ગયા તે યાદ છે. તેમની સ્મશાન યાત્રા મહાદેવના નાકા બહાર તળાવની સામેના ઓટલા પર બેસીને જોઈ હતી. તેમને માંડવી વિજય વિલાસ લઈ જવાતા હતા. તે સમયે લોકોની આંખોમાં આંસુની ધારા વહેતી મેં જોઈ હતી.

★ તેમના પુત્ર મ.શ્રી મદનસિંહજી ગાદી પર બેઠા તે પણ યાદ છે. હું અને મારા ભાઈ રત્નાકરભાઈ (ભુજમાં પ્રખર એડવોકેટ છે) મારા પિતાશ્રી સાથે ગયા હતા. દરબારગઢમાં હકડેઠઠ ગીરદી હતી. માથામાં ટોપી પહેરવી ફરજિયાત હતી. તે સમયે હું ટોપી પહેરીને ગયો હતો. ૧૦ અથવા ૧૧નો સમય હતો.

★ નાગપંચમીની અસવારી અમે પાવડીની બહાર ચોકમાં ઊભીને જોતા. ખૂબ સુંદર અને રળિયામણું ચિત્ર આજે ઝાંખુ ઝાંખુ યાદ છે.

★ તા. ૧૪-૮-૧૯૪૭ના મધ્યરાત્રિએ ભુજ બજાર ખીચોખીચ માણસોથી ભરેલી હતી. અમે બે ભાઈઓ પિતાશ્રી સાથે ભારતનો ઝંડો ખરીદવા ગયા હતા. સ્વતંત્ર દિને કચ્છમાં શું થયું? તેની બહુ ખબર નથી.

★ તા. ૧૫-૮-૧૯૪૭ના કયા મહાનુભાવે ધ્વજ વંદન કર્યું તે યાદ નથી. કારણકે કચ્છનું ભારત સાથે જોડાણ ૧લી જૂન, ૧૯૪૮ના રોજ થયું હતું. કચ્છ 'ક' વર્ગમાં હોઈ **પ્રથમ ચીફ કમિશ્નર શ્રી સી.કે. દેસાઈ** આઈ.સી.એસ. આવ્યા હતા. બહુ લોકપ્રિય હતા. હું બહુ જ નાનો હતો પણ તેમનો ચહેરો યાદ છે. તે પછી **શ્રી એસ.એ. ઘાટગે** આઈ.એ.એસ. આવેલા. તે પછી કચ્છનું ૧-૧૧-૧૯૫૬થી બૃહદ્ મુંબઈ રાજ્યમાં વિલીનીકરણ થતાં કચ્છ એક જિલ્લો થયો.

★ 'ક' રાજ્ય દરમિયાન **શ્રી પ્રેમજીભાઈ ઠક્કર તથા જમિયતરાયભાઈ વૈદ્ય** સલાહકારો તરીકે નિમાયા હતા અને ૧-૧૧-૧૯૫૬ સુધી રહ્યા હતા. તે દરમિયાન અદ્‌ભુત કામગીરી - વહીવટ ચાલતો હતો. કચ્છના કલેક્ટરો જેઓ લોકપ્રિય, ખંતીલા તથા નિર્ણય શક્તિમાં ઝડપવાળાની યાદીમાં સર્વશ્રી **તુલસીદાસભાઈ શેઠ, હરિભાઈ છાયા, ખાબડે, બાલાકૃષ્ણન, એચ.કે.એલ. કપૂર અને ગોપાલસ્વામિ**નો ઉલ્લેખ કરવો જરૂરી છે. દુષ્કાળ કચ્છની ઓળખ. એટલે અછતના પ્રશ્નો, વહીવટના પ્રશ્નો, છાડબેટનું આંદોલન, વેચાણવેરો પ્રથમવાર નાંખવામાં આવ્યો ત્યારે જબરદસ્ત આંદોલન થયેલું. તેનો હલ લાવવામાં

ઉપર જણાવેલ તંત્રના ઉચ્ચ અધિકારીઓનું માર્ગદર્શન મહત્ત્વનું બન્યું હતું.

★ કચ્છના ન્યાયતંત્ર અંગે વિચારીએ તો રાજાશાહીમાં તેનું માળખું કેવું હતું તે અંગે મને ઝાંખો ખ્યાલ છે. "દેશી શિરસ્તો" - કાયદો ખૂબ જ ઓછા પેઈજનો ગ્રંથ. તેમાં કચ્છને સ્પર્શતા તમામ કાયદાઓનો સમાવેશ ટૂંકમાં પરંતુ સચોટ રીતે કરવામાં આવ્યો હતો. વટાંતર (Mortgage), ૯૯૯ વર્ષની, ૯૯ વર્ષની બંધી, તામિલ વગેરે શબ્દો આજે પણ યાદદાસ્ત થાય છે – **બહુ ઓછાને ખ્યાલ હશે કે કચ્છમાં રાજાશાહીમાં મોરને રાષ્ટ્રીય પ્રાણી તરીકે ગણવામાં આવેલ.**

★ તે સમયે પણ વરિષ્ઠ કોર્ટ એટલે હાઈકોર્ટ, ડિસ્ટ્રીક્ટ કોર્ટ, મેજિસ્ટ્રેટ કોર્ટો હતી. 'ક' રાજ્ય થતાં જ્યુડિશિયલ કમિશ્નર (હાઈકોર્ટ સમકક્ષ) આવ્યા. તે શ્રી આર.એસ. ત્રિવેદી આઈ.સી.એસ. હતા. કચ્છની કોર્ટોના વહીવટને નવું કલેવર આપ્યું હતું. તે પછી શ્રી જે.એ. બક્ષી તથા એલ.પી. દવે આવ્યા અને કચ્છ જિલ્લો બન્યો (બૃહદ્ મુંબઈ રાજ્યનો). એડિ. ડિસ્ટ્રિક્ટ જજ શ્રી કુલીનચંદ્ર દેસાઈ, ડિસ્ટ્રિક્ટ જજ શ્રી ઈશ્વરભાઈ અંતાણી, કચ્છની હાઈકોર્ટના જજ શ્રી નૌતમલાલભાઈ માંકડ હતા. મેજિસ્ટ્રેટ તરીકે શ્રી નવીનભાઈ માંકડ, શ્રી ટી.પી. કંસારા (હંસરાજભાઈ કંસારાના પિતાશ્રી), શ્રી નર્મદાશંકર મહેતા, શ્રી પ્રાણલાલ વૈદ્ય, શ્રી કુંદનલાલ રાણા, શ્રી કીર્તિ કિશોર મોતા અને અન્યની સેવાઓની નોંધ લેવી ઘટે.

★ હું એક રસપ્રદ વાત કરું તો અમે બધા ભાઈઓના લોહીમાં કાયદાનું સિંચન. એટલે ઘરમાં રમત પણ ફરિયાદી - આરોપી - વાદી - પ્રતિવાદીની હોય. ઝઘડા થાય પછી અમે પોતે પતાવટ કરી લઈએ. તે વખતના એડવોકેટ જનરલ શ્રી પ્રેમજીભાઈ રાઘવજી ઠક્કરની સારી પર્સનાલીટી હતી. કોર્ટમાં સુંદર રજૂઆત વિશે પિતાશ્રી અમને વાતો કરતા.

★ એન્જિનિયર્સમાં શ્રી પ્રભુલાલ કે. વોરા તથા શ્રી હરિપ્રસાદ અંતાણીની રસ્તાઓ, સરકારી મકાનો, સિંચાઈ યોજનાઓની કામગીરી કચ્છીઓના સ્મરણ પટ પર કાયમ રહેશે. મને એવો આછો ખ્યાલ છે કે કોઈ એક બે વર્ષ (સાલ યાદ નથી) અમે અને કચ્છના લોકોએ રતડ - જુવારનો પણ ઉપયોગ કરેલો. ઘઉં, ચોખાનું ઉત્પાદન તદ્દન નિષ્ફળ ગયું હતું. વાહન વ્યવહાર તો હતો જ નહીં. માલસામાન બીજેથી મંગાવવાની ઘણી મુશ્કેલી હતી. કચ્છમાં ઉત્પન્ન થયેલા લાલ ચોખા મેં ખાધા છે તેવો મને ખ્યાલ છે.

★ ઘરના લોકો તરફથી દબાણ થતું કે અમારા જેવા છોકરાઓએ સાંજે વ્યાયામ શાળાએ જવું. ત્યાં મજા પણ બહુ આવતી. ડંબેલ્સ (હાથની કસરતનું એક સાધન), લેઝીમ, મલખમના દાવ થતા. તે બધું હવે ધીમે ધીમે નવા સ્વરૂપમાં ફેરવાઈ જતું હોય તેમ જણાય છે. ૧૯૫૩માં ભુજ - માંડવી વગેરે સ્થળોએ વીજળી આવી. તે પહેલાં ભણવાનું ફાનસમાં કરતા હતા. રસ્તાઓના ફાનસના કાચ નગરપાલિકાના માણસો સાફ કરી જતા. અત્યારના જેવા અજવાળા – પ્રકાશનો ૧૦મો ભાગ પણ તે વખતે ન હતો. છતાં સાંજે લોકો બહાર ફરવા જતા. **પંખા, એ.સી., રેડિયો વગર આનંદથી અને લાગણીમય જીવન જીવતા હતા.** આજે આપણે એ.સી., ટી.વી., વોશિંગ મશીન, ફ્રીજ વગર રહી શકતા નથી. કપડાં, પાવડીમાં ધોવાતા હતા. પીવાનું પાણી પસંદગીના કૂવામાંથી આવતું હતું. મધ જેવું મીઠું પાણી હતું. તેમાં બધા મિનરલ્સ, વિટામિન્સ હોય. અત્યારે તો આર.ઓ. પાણીમાં પણ કશું હોતું નથી તેમ કહેવાય છે.

★ અત્યારે આ ઉંમરે પણ જ્યારે સંપૂર્ણ નિવૃત્તિ હોય ત્યારે પણ સરકારે મને સતત બિઝિ રાખ્યો છે એટલે આનંદ આવે છે. વિચારોને વ્યક્ત કરવા જેટલો અવકાશ મળે છે. જેથી ઉપરોક્ત હકીકતોની રજૂઆત કરી છે. જેનો મને ઉપરછલ્લો ખ્યાલ છે. જે સ્મૃતિપટ પર સતત ભટકાયા કરે છે. તેને મેં કલમથી કંડારવાનો એક નમ્ર પ્રયાસ અત્રે કરેલ છે.

*એ/૩૦૩, "શક્તિ" એફ.પી.-૨૪૩*
*જીવાભાઈ ટાવરની સામે,*
*સંદેશ પ્રેસ રોડ, બોડકદેવ,*
*અમદાવાદ-૩૮૦ ૦૫૪.*
*ફોન : (૦૭૯) ૨૬૮૫૫૨૪૧*
*મો. ૯૩૭૬૧ ૩૨૯૩૨*

## રામાયણ પ્રશ્નોત્તરીના જવાબો

(૧) શ્રી ગુરુ નાનકજી (૨) મુનિશ્રી પ્રચેતાના દસમા પુત્ર (૩) શાંતા - ઋષ્યશૃંગ (૪) આદિગ્રંથ (૫) સોમવતી - શાંતનુ (૬) કોઈ પણ મંત્રના સવા લાખ જાપ (૭) શિવ, (૮) શંબરાસુર (૯) શ્રમણા (૧૦) રામ, સીતા, ભરત, લક્ષ્મણ, હનુમાનજી (૧૧) વડ, પીપળો, બીલી, આંબલી, અશોક (૧૨) રામ-૫૧, હનુમાન-૨૧, સુંદર-૯ (૧૩) તાડકા અને સુંદ (૧૪) લંકિની (૧૫) મયાસુર (૧૬) પ્રાકૃત (૧૭) ઔષધિપ્રસ્થ (૧૮) વેદવતી (૧૯) રઘુકુલ રીતિ સદા ચલી આઈ (૨૦) માંડવી - શ્રુતકીર્તિ (૨૧) વરસાદ અને ચાસ (૨૨) લવ-કુશ (૨૩) ઋક્ષરજસ (૨૪) દુંદુભિ (૨૫) ત્રિકુટ (૨૬) મકરધ્વજ (૨૭) ૯૨૨૮ ચોપાઈ (૨૮) સરયુ નદીમાં જળસમાધિ (૨૯) ત્રિજટા (૩૦) કૈકસી-વિશ્રવા (૩૧) યુધાજિત (૩૨) ૨૪૦૦૦ શ્લોકો (૩૩) સુનયના (૩૪) પિનાકપાણી (૩૫) તપ.

કચ્છ

# કચ્છના પ્રજાવત્સલ રાજવી મહારાવશ્રી વિજયરાજજીનું અંતિમ વિશ્રાંતિ સ્થાન



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

કચ્છના રાજવીઓની ગાથા અતિ રોચક શૈલીમાં કચ્છના રાજ કવિવર શ્રીમાન શંભુદાનભાઈ ગઢવીએ આલેખી છે. કચ્છના નેતા શ્રી પુષ્પદાનભાઈ ગઢવી જેઓ ચાર ટર્મ સુધી સાંસદ રહ્યા, તેમના પિતાશ્રી શંભુદાનભાઈ ઈશ્વરદાનભાઈ ગઢવી. શ્રી શંભુદાનભાઈ ભુજની શ્રી લખપતસિંહ વ્રજભાષા પાઠશાળાના અંતિમ આચાર્ય હતા. તેઓનું પુસ્તક "કચ્છ દર્શન" પુનઃ મુદ્રિત થતાં તેનું વિમોચન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે થયું.



મહારાવ શ્રી વિજયરાજજી

મહારાવશ્રી ખેંગારજીના સ્વર્ગવાસ બાદ સંવત ૧૯૯૮ના મહા સુદ-૨ ના રોજ છપ્પન વર્ષની વયે મા.શ્રી વિજયરાજજી રાજગાદી પર આવ્યા. તેઓશ્રીનો છ વર્ષનો શાસનકાળ પ્રજાવત્સલતા દર્શાવી રહ્યો છે. તેઓએ ભુજમાં બેંક ઑફ ઇન્ડિયાની શાખા ખોલાવી. અદલ ઈન્સાફ માટે હાઈકોર્ટ સ્થાપી. ભુજમાં નાની રૂદ્રાણી પાસે ઍરોડ્રોમ બનાવડાવ્યું. હરિજનોના બાળકો માટે શાળાઓ બંધાવી. કચ્છની નદીઓના જળની સંગ્રહ વ્યવસ્થા કરાવી. માંડવી પાસે આજે પણ "વિજય સાગર ડેમ" વિદ્યમાન છે. કચ્છના મુખ્ય શહેરોમાં નગરસભાની રચના કરી.

કચ્છમાં માંડવી પાસે કાઠડા ગામની નજદીક તેઓએ પોતાના શોખ સમો એક આલીશાન મહેલ બનાવડાવ્યો. જેનું નામ "વિજય વિલાસ પેલેસ" રાખ્યું. આ વિજય વિલાસ પેલેસ સમુદ્રકાંઠે બાંધવામાં આવેલો છે. કચ્છના વનસ્પતિશાસ્ત્રી શ્રી જયકૃષ્ણ ઈન્દ્રજી પાસે પેલેસ પાસે વિશાળ ગાર્ડન રચાવ્યો. સમુદ્રકાંઠે ડૂન હાઉસ, ઇલેક્ટ્રિસિટી માટે પાવર હાઉસ, સેવકો માટેના આવાસો, ગેરેજ, ડામર રોડ જેવી સુવિધાઓ રચી. અમુક સમયે તેઓ ભુજમાં રહેતા. જેમ ભુજમાં પ્રાગમહેલ નિહાળતાં મહારાવશ્રી પ્રાગમલજી યાદ આવે તેમ વિજય



વિજય વિલાસ પેલેસ - માંડવી

વિલાસ મા.શ્રી વિજયરાજજી સાહેબની યાદ અપાવે છે.

એક સમયે જ્યારે પુત્ર મ.શ્રી મદનસિંહજી સાથે તેઓ વિજય વિલાસ હતા ત્યારે સાંજે ડૂન હાઉસ પર ફરવા શ્રી મદનસિંહજીને સાથે લઈ ગયા. જ્યારે થોડો રસ્તો કપાયો ત્યારે શ્રી વિજયરાજજીએ પુત્રને કહ્યું કે, "મદન, આ સામેનું મકાન હું શા માટે બંધાવું છું તે તને ખબર નહીં હોય. આ વાત હું તને માત્ર એકલાને જ જણાવવા માગું છું.

ભુજમાં આવેલ સ્મશાનગૃહ છતરડીમાં પરિવારને અગ્નિ સંસ્કાર થાય છે. પરંતુ મારી અંતર ઈચ્છા આ સ્થાન પર એટલી ચોંટી ગઈ છે કે મારા શબને તમારે અહીં જ લાવી અગ્નિસંસ્કાર કરવા." શ્રી મદનસિંહજી આ વાત સાંભળી વિસ્મય પામ્યા. તરત જ તેઓ બોલ્યા, "બાવા, આપની ઈચ્છા વસિયતનામામાં લખી રાખો. ઘડીની ખબર પડતી નથી. જો હું આ દુનિયામાંથી વિદાય પામું તો આ વાત મારી સાથે જ વહી જાય. બાકી આપશ્રીની આજ્ઞા મને શિરોમાન્ય છે." સંગીત સાહિત્યના પ્રેમી શ્રી વિજયરાજજી ઘણા આધ્યાત્મિક હતા. મહારાવશ્રી લખપતજીની જેમ શિવભક્ત હતા. તેઓ ભુજની પૂર્વે બે માઈલ પર આવેલ શ્રી જડેશ્વર મહાદેવ, સુરલ ભીટ્ટના દર્શને સોમવારે અવશ્ય જતા. રસ્તામાં ઊભેલા અરજદારોની અરજ પણ સાંભળતા. તેઓએ પશુબલી બંધ કરાવ્યા.

મહારાવશ્રી વિજયરાજજીએ પ્રજાજોગ એક સૂત્ર બહાર પાડેલું કે, "**પ્રજાના સંતોષમાં રાજાનું કલ્યાણ સમાયેલું છે. સુખ-દુઃખના સમયમાં આ અમારું સૂત્ર રહેશે.**" વિજયરાજજીની માંદગી સમયે પુત્ર શ્રી મદનસિંહ સેવાર્થે રાતભર રહેતા. જ્યારે પિતાશ્રીનો દેહવિલય થયો ત્યારે ભુજના સ્મશાનગૃહ માટે તૈયારી થતાં જ શ્રી મદનસિંહજીએ માંડવી વિજય વિલાસ લઈ જવા પરિવારને જણાવ્યું – પિતાશ્રીની અંતિમ ઇચ્છા વ્યક્ત કરી. ભુજથી વિજય વિલાસ જતાં ૬૩ તોપોની સલામી અપાઈ કારણકે તેમની વય ત્રેસઠ વર્ષની હતી. ખુલ્લી જીપકારમાં શબને ફૂલોથી સજાવી ગોઠવેલું – રાજ્ય બેન્ડના વેદનાસભર સ્વરો, બોડીગાર્ડ, મોટરના કાફલાઓ સહિત સાંજે વિજય વિલાસ પહોંચ્યા ને તેમની અંતિમ ઇચ્છા પૂર્ણ કરી. આજે તો અનેક પ્રવાસીઓ આ સ્થળની મુલાકાત લે છે. એટલું જ નહીં, અનેક ફિલ્મોનું ફિલ્માંકન અત્રે થયેલું છે.

*કવિવર શ્રી શંભુદાનજી ગઢવી લખે છે કે –*

***અલકાપુરી સમ ઓપતો જે, વસુંધા વિજય વિલાસ,***
***દીસે આજ ઉદાસ, વિજયરાજજી વૈકુંઠ જતાં.***

*"સહજાનંદ", ૬-એ, લીમડા લાઇન,*
*શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય રોડ, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

## હાસ્ય મારો પ્રાણ છે.... : તારક મહેતા

(અનુસંધાન : પાના નં.-૨૧ ઉપરથી ચાલુ)

■ *જીવનથી અસંતોષ, અફસોસ કે ફરિયાદ ખરા?*

– (સહેજ હસીને...) ના...

■ *છેલ્લેઃ તમે ઘણા બધા હાસ્યલેખો લખ્યા છે, ચિક્કાર... તો હાસ્ય વિશે શું કહેશો?*

– હાસ્ય મારો પ્રાણ છે...

■ *કચ્છ વિશે શું કહેશો?*

– કચ્છ આખું ફર્યો છું. મારી વાઇફને ત્યાંની દેવીઓની, બધી માનતાઓ રાખવાની બધી ટેવ. એટલે... મને આ એવોર્ડ મળ્યો, એ પણ કચ્છની માનતાને કારણે જ!

■ *લોકોને કોઈ સંદેશો, કશી શિખામણ આપવા - કહેવા માંગો છો?*

– હસતાં રહો, હસાવતા રહો...! બસ. બીજું શું હોય?

*૨૦૧, નારાયણ કૃપા કોમ્પ્લેક્સ, સત્યમ ફ્લેટ્સની સામે,*
*બાલાજી ગાર્ડન રેસ્ટોરન્ટની બાજુમાં,*
*પ્રેરણાતીર્થ દેરાસર, સેટેલાઇટ,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૯૧૩૦૫૬૧૧૧*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

### માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ' માટે જાહેરાતના માસિક દર

| ક્રમ | વિગત | કલર | આખુ પાનું રૂા. | અડધું પાનું રૂા. | ૧/૪ પાનું રૂા. | અંદર બોટમ પટ્ટી |
|---|---|---|---|---|---|---|
| ૧. | અંકની અંદરનું પાનું | મલ્ટી કલર | ૫,૦૦૦/- | ૩,૦૦૦/- | ૨,૦૦૦/- | — |
| ૨. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦/- | ૧,૫૦૦/- | ૧,૦૦૦/- | — |
| ૩. | અંદર બોટમ પટ્ટી ૭" x ૧" | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦/- |

(૧) એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
(૨) એક સાથે **૦૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
(૩) એક સાથે **03** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

**નોંધ : જાહેરાતની સાઇઝ**
(૧) ફુલ પેઈજ : ૭" x ૯.૫"
(૨) હાફ પેઈજ : ૭" x ૪.૫"
(૩) ૧/૪ પેઈજ : ૩.૨૫" x ૪.૨૫"
(૪) બોટમ પટ્ટી : ૭" x ૧"

**વિઝિટિંગ કાર્ડ સાઈઝ જાહેરાતની વિગત**

**જાહેરાતની સાઈઝ** : ૯૦ mm x ૬૦ mm ● **કલર** : મલ્ટી કલર

**ભાવ – બાર મહિનાની જાહેરાતના દર**

■ કવર પેઈજ નં.-૪ : રૂા. ૨૦,૦૦૦/- (વિઝિટીંગ કાર્ડ સાઈઝ)
■ કવર પેઈજ નં.-૩ : રૂા. ૧૫,૦૦૦/- (વિઝિટીંગ કાર્ડ સાઈઝ)
■ કવર પેઈજ નં.-૨ : રૂા. ૧૫,૦૦૦/- (વિઝિટીંગ કાર્ડ સાઈઝ)
■ અંદરનું પાનું : રૂા. ૧૦,૦૦૦/- (વિઝિટીંગ કાર્ડ સાઈઝ)

કારકિર્દી

# સ્કૂલ, બાળક, ઘડતર અને ફી?

ભીમજી નાકરાણી
તંત્રી : 'સરદાર જ્યોતિ', 'ઉમિયા દર્શન'

તાજેતરમાં અમદાવાદની એક શાળાએ ૧૩% જેટલો ફી વધારો એકદમ જ કરી દીધો. વાલીઓ ધન્યવાદને પાત્ર છે કે તેમણે સતત લડત આપી અને ફી વધારો પરત ખેંચાયો! પણ ક્યાં સુધી? જિલ્લા શિક્ષણ અધિકારીઓ અને રાજ્ય સરકારનું શિક્ષણ ખાતું મહેરબાન રહેશે ત્યાં સુધી.

હમણાં હમણાં જ મારા ઘરમાં મારી પૌત્રીના શિક્ષણ બાબત (કેળવણી નહીં) મારા આધુનિક પુત્રવધૂ અને દીકરો તેમના મિત્રગ્રુપમાં કોણ ક્યાં ભણે છે તેની ચર્ચા કરે છે. આ બધા માને છે કે ૨॥ વર્ષે 'બેબી સીટર', યુરો કિડ્સ એટલે કે નર્સરી પહેલાં જ તેને બે-એક કલાક માટે પણ ક્યાંક મોકલવી. પછી નર્સરી, પછી જુનિ. કે.જી., સિનિયર કે.જી., પછી પ્રાથમિક શિક્ષણ. પણ માધ્યમ અંગ્રેજી જ જોઈએ અને સી.બી.એસ.સી. જ જોઈએ અને પણ મોંઘામાં મોંઘી સ્કૂલ! નહિંતર એના મિત્રોમાં વટ કેવી રીતે પડે?

બીજી બાજુ ધોરણ ૧૧-૧૨ સાયન્સ માટે સંબંધીના દીકરાઓને મોકલવા છે. આર્થિક સ્થિતિ સામાન્ય છે અને આવી ધોરણ-૧૧, ૧૨ સાયન્સની સેલ્ફ ફાઈનાન્સ શાળાઓનો રાફડો ફાટ્યો છે. ધોરણ-૧૨ માટે બે વર્ષના રૂા. ૨ લાખથી માંડી રૂા. ૩ લાખ ૩૦ હજાર સુધી ફી હોસ્ટેલ સાથે લેવામાં આવે છે. હવે આમાંયે શાળાની પસંદગી કરવાની છે. બાળકને ખાસ ખ્યાલ નથી, વાલી ફીની ચિંતામાં છે. દેખાદેખીનો સવાલ છે. તે ફલાણાનો દીકરો - ફલાણી સ્કૂલમાં છે અને પછી પ્રારંભ થાય છે ફી ના ચક્કર. દેવું કરીનેય બાળકને ભણાવવાનો છે. શાળાઓમાં પાછું ટકાનું ધોરણ તો ખૂબ ઊંચું જોઈએ. આ સમાજમાં ૩૫% લોકો એવા છે, બાળમંદિરથી માંડી કૉલેજ સુધી આવી તગડી ફી ભરીને બાળકોને ભણાવી શકે છે. બાકીના ૬૦થી ૬૫% પ્રજાના બાળકોના શિક્ષણની ચિંતા કોણ કરશે? **સરકાર અને સમાજના આગેવાનો તો એક જ છે. બંનેને ખાનગીકરણમાં રસ છે.** શાળાની પસંદગી તો હવે બાળક જન્મે તે સાથે જ ચિંતાનો વિષય છે અને તગડી ફી ઉઘરાવી ખાનગી શાળામાં આર.ટી.ઈ. મુજબ ૨૫% સંખ્યા લેવાતી નથી અને લાભાર્થી મા-બાપને આ બાબતે કંઈ રસ નથી. સ્કૂલ માટે નવી પેઢી શા માટે હાઈફાઈ કરે છે તે સમજ બહાર છે. સૌથી મોટી વાત માત્ર દેખાદેખી અને સોસાયટી છે. **સ્કૂલમાં બાળક માત્ર અક્ષરજ્ઞાન લે છે, કેળવણી, કોઠાસૂઝ અને જ્ઞાન લેતો નથી.** સ્કૂલ બાળકના જીવન ઘડતરમાં માત્ર ૩૦% ભાગ ભજવે છે. બાકીના ૭૦% માટે તો બાળક અને વાલીએ મહેનત કરવાની છે. દિલ્હી પબ્લિક સ્કૂલ, બિરલા સ્કૂલ કે પછી કે.જી., પ્રાથમિકમાં વાર્ષિક રૂા. ૩ લાખ સુધીની ફી ઉઘરાવતી અનેક સ્કૂલોમાં બાળકનું ઘડતર આકાર પામતું નથી. માત્ર શિક્ષણ મેળવી ઉપલા ધોરણમાં જાય છે. નવી પેઢીના ગાંડપણને કેવી રીતે રોકવું તે અઘરું છે. બાળકના જીવન ઘડતર, શિક્ષણ, ઉછેર, માધ્યમ બાબતે નવયુવાન મા-બાપ પાસે ન તો જ્ઞાન છે કે ન તો તેની પાસે કોઈ વાંચન છે. **૯૦% બીજા ઉપર, મિત્રો ઉપર, સગા સંબંધીઓ ઉપર આધાર રાખીને બાળક માટે સ્કૂલની પસંદગી થાય છે.** એટલી હદ સુધી કે પોતાની આર્થિક સ્થિતિને ધ્યાનમાં લીધા વિના નવી પેઢીના મા-બાપ (મમ્મી-પપ્પા, ડેડી) ખાસ કરીને બહેનો - મમ્મીઓ પોતાના બાળક માટે વટ ખાતર તગડી ફીના ધોરણે ચાલતી સ્કૂલો (શિક્ષણની ફેક્ટરીઓ)માં પોતાના બાળકના બાળપણનો બલિ ચડાવી દે છે. જેમાં કોઈ ડહાપણ નથી. જેટલી તગડી ફી અને બાહ્ય સુવિધા વધુ, હાઈફાઈ સ્ટાફ વધુ, તે શાળાની ડિમાન્ડ વધુ. ડોનેશન પણ વધુ. **કોલેજ કરતા પણ પ્રાથમિક કે સ્કૂલનું શિક્ષણ મોંઘું છે. સાયન્સ માટે તો ગરીબ મા-બાપ પોતાના દીકરાને ભણવા ક્યાં મોકલે, તે મોટો પ્રશ્ન છે.** દરેક સ્થળે ટ્યુશન ક્લાસ પણ એટલા જ છે. તેની ફી પણ મોંઘી છે. કે.જી. થી કૉલેજ સુધી ટ્યુશન ફરજિયાત છે. આ આખી શિક્ષણ પદ્ધતિ ફી, ટ્યુશન પ્રથા, ખાનગીકરણ ઉપર ખૂબ જ ચર્ચાઓ, સેમિનાર થાય છે. શિક્ષણ વિશે ચર્ચા કરે છે પણ 'વાંઝણી' ચર્ચાઓનું પરિણામ મળતું નથી. સરકાર કે સિસ્ટમ પાસે જઈ તે બધા કોઈ ફેરફાર કરાવી શકતા નથી. સામયિકોમાં પણ ચર્ચાઓ થયા કરે છે. પરિણામ શૂન્ય છે. અત્યારે તમામ મોટા ઉદ્યોગ જૂથો પાસે પોતાના આધુનિક શિક્ષણ સંકુલો છે. એટલે આ કહેવાતા શિક્ષણવિદોની પીપુડી સાંભળે કોણ? હવે આ આખી સિસ્ટમને સુધારવા માટે સામાન્ય પ્રજાએ જ જાગૃત થવું પડે. દરેક

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૮ ઉપર)

પ્રતિક્રિયા

# માણસનો નવો રંગ



ભોલાભાઈ ગોલીબાર

*કોણ કહે છે માણસ રંગ નથી બદલતો... કોઈના મોઢે સાચી વાત કરીને જુઓ... એક નવો રંગ દેખાશે.*

યુનિવર્સિટીમાં નવા નિમાયેલા કુલપતિનો પહેલો દિવસ હતો. યુનિવર્સિટીના નાનકડા હૉલમાં કર્મચારીઓ અને કુલપતિ વચ્ચે એક મુલાકાત યોજાઈ. કુલપતિ બધા કર્મચારીઓને સંબોધી પોતાના અનુભવ કહી રહ્યા હતા.

અચાનક એક કર્મચારીએ કુલપતિને વચ્ચેથી અટકાવતાં કહ્યું, 'કુલપતિ મહોદય, તમારે એક વાત ન ભૂલવી જોઈએ કે તમારા પિતા અમારા પરિવાર માટે બૂટ-ચપ્પલ બનાવતા હતા' અને એટલું કહી એ હસવા લાગ્યા. કર્મચારીઓ ખુશ હતા કે એમણે બધાની વચ્ચે કુલપતિની હાંસી ઉડાવી. જોકે, ત્યાં હાજર કેટલાક લોકોને કર્મચારીઓએ કુલપતિની હાંસી ઉડાવી એ વાત ગમી નહિ. જ્યારે કેટલાક લોકોના મોઢે ચિંતા અને ટેન્શન દેખાતા હતા કે હવે શું થશે?

કુલપતિએ સીધા પેલા કર્મચારી સામે જોયું અને કહ્યું, 'સાહેબ, હું જાણું છું કે મારા પિતા આપના પરિવાર માટે બૂટ-ચપ્પલ બનાવતા હતા અને બની શકે કે અહીં બીજા પણ કેટલાક લોકો હશે જેમણે મારા પિતાના હાથના બનેલા બૂટ-ચપ્પલ પહેર્યા હશે. એનું કારણ એ છે કે એ જેવા બૂટ-ચપ્પલ બનાવતા હતા એવા બૂટ-ચપ્પલ કોઈ બનાવી નહોતું શકતું. એ રચનાકાર હતા. એ ફક્ત બૂટ-ચપ્પલ નહોતા બનાવતા. બૂટ-ચપ્પલ બનાવવામાં એ પૂરેપૂરી રીતે મગ્ન થઈ જતા. હું તમને એક સવાલ પૂછવા માગું છું કે, 'શું તમને મારા પિતાએ બનાવેલ બૂટ-ચપ્પલથી કોઈ તકલીફ થઈ હતી? એમના બૂટ-ચપ્પલ માટે તમને કોઈ ફરિયાદ છે? હું આ સવાલ એટલા માટે પૂછું છું કે હું જાતે બૂટ-ચપ્પલ બનાવવા માંગું છું. જો તમને કોઈ ફરિયાદ હોય તો હું તમારા માટે નવા બૂટ-ચપ્પલ બનાવી આપીશ. જોકે, હું જ્યાં સુધી જાણું છું અત્યાર સુધી મારા પિતાના હાથના બનાવેલા બૂટ-ચપ્પલથી કોઈને ફરિયાદ નથી. મારા પિતા ખૂબ જ મહાન હતા અને એમના કામમાં ખૂબ જ નિપુણ હતા. મને મારા પિતા પર ગર્વ છે.'

ત્યાં હાજર બધા લોકો ચૂપ હતા. નાનકડા હોલમાં એકદમ શાંતિ છવાઈ ગઈ. બધાને નવાઈ લાગી કે આ કુલપતિ કઈ માટીનો બનેલો છે. કુલપતિને એ વાતનું અભિમાન હતું કે એના પિતા એટલી કુશળતાથી પોતાનું કામ કરતા હતા કે એમણે કોઈ એક વ્યક્તિના મોઢેથી પણ પિતાના કામ વિશે ફરિયાદ નહોતી સાંભળી.

આપણે પણ એ વાતનું ધ્યાન રાખવાની જરૂર છે કે આપણી પરવાનગી વગર કોઈ આપણને ઠેસ નથી પહોંચાડી શકતું. હંમેશાં પરિસ્થિતિઓ દુઃખદાયી નથી હોતી, આપણી પોતાની પ્રતિક્રિયા જ એમને દુઃખદ બનાવી દે છે.

***ગોલીબાર પબ્લિકેશન્સ***
***કાશીરામ ટેક્ષટાઈલ્સની પાછળ***
***એશિયન પેઈન્ટસ ગોડાઉનની બાજુમાં***
***બોમ્બે હાઈ વે, નારોલ, અમદાવાદ-૩૮૨ ૪૦૫.***
***ટેલિ. : ૨૫૩૨૯૧૮૧, ૨૫૩૨૯૬૭૧***

## બે સ્ત્રી વચ્ચેના સંબંધો અને વલણ

**(અનુસંધાન : પાના નં.-૧૯ ઉપરથી ચાલુ)**

કોલેજમાં ભણતી યુવતીઓ અંદર અંદર એમના પ્રોફેસરે લખાવેલી નોટસને સોનાચાંદીના ઘરેણાંની જેમ સાચવી રાખશે, અને ભૂલેચૂકે પોતાની બહેનપણીને નહીં આપે. પેલી બહેનપણીએ કોઈ છોકરા પાસેથી નોટસ મેળવવી પડશે. એક જ ઓફિસમાં એકથી વધુ મહિલાઓ હોય, ત્યારે એમની વચ્ચે પરસ્પર સહકારની ભાવના કરતા ઈર્ષ્યા અને ખટપટ જ કેમ વધુ જોવા મળે છે? અલબત્ત, આમ હંમેશાં બનતું નથી. અને આથી વિપરીત સ્થિતિ પણ ઘણીવાર જોવા મળે છે. બે નોકરી કરતી સ્ત્રીઓ કે સાથે ભણતી યુવતીઓ પરસ્પર સહકાર સાધીને એકમેકને આધાર અને રક્ષણ આપે એવા કિસ્સા પણ ઘણીવાર જોવા મળે છે. પણ, સ્ત્રી અને સ્ત્રી વચ્ચેના સંબંધ વિશે કોઈ વાત મજબૂત રીતે ખાતરી પૂર્વક કહી શકાતી નથી.

કદાચ આ એક પેચીદો, પેરેડોક્સયુક્ત, વિરોધાભાસથી ભરેલો, અટપટો પ્રશ્ન છે.

***સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,***
***રાજકોટ-૩૬૦ ૮૮૧.***
***ફોન : (૦૨૮૧) ૨૫૭૪૩૨૪, ૨૫૭૫૩૨૭***

સાયન્સ એન્ડ ટેકનોલોજી

## પૃથ્વી ડિફેન્સ વ્હિકલ :

# મિસાઇલ ઇન્ટરસેપ્ટરની સફળતા કઇ રીતે મહત્ત્વની છે?

**દ્વિ-સ્તરીય ઇન્ટરસેપ્ટર મિસાઇલના સફળ પરીક્ષણથી ભારતનો સમાવેશ સુરક્ષા કવચ ધરાવતા માત્ર પાંચ દેશોમાં થયો**

ઉત્તર પ્રદેશની ચૂંટણી, તમિલનાડુની સત્તાખેંચ, ટ્રમ્પની દબંગાઈ અને રાજનેતાઓના વચન વૈભવ વચ્ચે ભારતે એક મહત્ત્વની સિદ્ધિ મેળવવા તરફ કૂચ કરી છે. એ સિદ્ધિ એટલે મિસાઈલ ઈન્ટરસેપ્ટરનું કામ કરનારી પૃથ્વી ડિફેન્સ વ્હિકલ (પીડીવી) નું સફળ પરીક્ષણ. મિસાઈલ ઈન્ટરસેપ્ટર શબ્દનો સાદો અર્થ એવો થાય કે મિસાઈલને રોકી પાડવું. જેમ પોલીસની ઈન્ટરસેપ્ટર વાન હોય એમ પીડીવી એ મિસાઈલની ઈન્ટરસેપ્ટર વાન છે એમ સમજી લો. તેનું કામ દુશ્મનનું મિસાઈલ ભારતના કોઈ ભાગ તરફ આવતું હોય તો તેને હવામાં જ અટકાવી ત્યાં તોડી પાડવાનું છે.

ઓડિશાના કાંઠે આવેલા વ્હિલર ટાપુને હવે અબ્દુલ કલામ આઈલેન્ડ નામ આપી દેવામાં આવ્યું છે. મિસાઈલ ટેકનોલોજી વિકસીત કરવાનું અને મિસાઈલોનું સર્જન કરવાનું કામ કરતા ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ) એ ૧૧મી ફેબ્રુઆરીએ સવારે ૭.૪૫ વાગ્યે આ ટેસ્ટિંગ કર્યું હતું.

બંગાળના ઉપસાગરમાં ભારતે પહેલેથી જ એક જહાજ મોકલી આપ્યું હતું. તેમાંથી એક ડમી મિસાઈલ છોડવામાં આવ્યું. તે સાચા મિસાઈલ જેવું જ હોવા છતાં તેમાં શસ્ત્રો ન હોય. એ મિસાઈલ દુશ્મનનું છે એમ ધારી લેવાનું. ભારતનાં કોઈ પ્રદેશ પર, માનો કે ઓડિશાના કાંઠે જ એ મિસાઈલનો પ્રહાર થઈ રહ્યો છે. કોઈ પણ યુદ્ધ વખતે આ સામાન્ય રીતે થતી પ્રક્રિયા છે. મિસાઈલનો હુમલો આવી રહ્યો છે એવી ખબર પડ્યા પછી તુરંત પૃથ્વી ડિફેન્સ વ્હિકલ (એટલે કે ભારતની ધરતીનું રક્ષણ કરવાની જવાબદારી જેના શીરે છે એવી સિસ્ટમ) સક્રિય થાય છે.

દુશ્મન મિસાઈલ ક્યાંથી આવી રહ્યું છે, ક્યાં પહોંચશે? કેટલે ઊંચે છે? કેટલી ઝડપ છે? વગેરે પીડીએસના કમ્પ્યુટરો ગણી કાઢે છે. એ પછી પીડીવીમાં રહેલું મિસાઈલ પોતાની મેળે રવાના થઈને હવામાં જ દુશ્મન મિસાઈલને તોડી પાડે. એટલું કરે એટલે કામ પૂર્ણ.

શનિવારે થયેલા પરીક્ષણ દરમિયાન ભારતના પીડીવીએ આ કામગીરી સફળતાપૂર્વક કરી બતાવી હતી. બંગાળના અખાતમાં રાખેલા જહાજે મિસાઈલ ફાયર કર્યું, એ હવામાં ૯૭ કિલોમીટર ઊંચે હતું અને કાંઠાથી ૨૦૦ કિલોમીટર દૂર હતું ત્યારે જ પીડીવી દ્વારા તેને તોડી પાડવામાં આવ્યું હતું. સફળતા એટલેથી અટકી ન હતી. ભારતનું આ પરીક્ષણ દ્વિ-સ્તરીય હતું. દુશ્મનો તો ઘણા છે. કેટલે દૂરથી અને કેવું મિસાઈલ ભારત તરફ છોડાશે એ ખબર નથી. **એ સંજોગોમાં પૃથ્વીના વાતાવરણમાં અને વાતાવરણ બહાર (એક્ઝોએટમોસ્ફિયર) માં કામ આપી શકે એવી ઇન્ટરસેપ્ટિંગ સિસ્ટમ જોઇએ. ભારત એ જ વિકસાવી રહ્યું છે.** અગાઉના પરીક્ષણોમાં પૃથ્વીના વાતાવરણની અંદર જ પીડીવીને સફળતા મળી હતી. આ વખતે થયું એ પરીક્ષણ બાહ્ય વાતાવરણ અંગેનું હતું. દૂરથી આવતા વધુ આક્રમક મિસાઈલને પણ એ રીતે તોડી પાડી શકાય છે.

ભારત માટે આ સ્થિતિ સમજી લો કે મહાભારતમાં કરણને મળેલા કવચ કુંડળ જેવી છે. બહુ જાણીતી કથા છે. દુર્યોધનના સખા કર્ણના શરીર પર કવચ અને કાનમાં કુંડળ હોય ત્યાં સુધી તેનો વધ કરવાનું શક્ય ન હતું. કર્ણને હાર આપવી હોય તો પહેલા તેના કવચ કુંડળને દૂર કરવા પડે. કુરુક્ષેત્રમાં એ કવચ-કુંડળ દૂર કરી રથનું પૈડું સરખુ કરવા કર્ણ નીચે ઉતર્યો ત્યારે જ તેનો સંહાર થઈ શક્યો. મિસાઈલ ઈન્ટરસેપ્ટર એ આધુનિક કવચ કુંડળ છે, જેનું કામ કોઈ આખા વિસ્તારની સુરક્ષા કરવાનું છે. **જે વિસ્તાર મિસાઇલ ઇન્ટરસેપ્ટરથી સજ્જ હોય ત્યાં દુશ્મનો સરળતાથી હુમલો કરી શકતા નથી.** ભારત દિલ્હી, મુંબઈ જેવા શહેરો અને અન્ય ભારતના મહત્ત્વપૂર્ણ વિસ્તારોને આવા કવચ-કુંડળ હેઠળ આવરી લેવા માંગે છે.

શસ્ત્રોનો વિકાસ એ સતત ચાલતી પ્રક્રિયા છે. ભારત પાસે પરમાણુ શસ્ત્રો છે એટલે આપણો દેશ સલામત છે એવું માનીને બેસી ન શકાય. યુદ્ધમાં દરેક સ્તરે, દરેક તબક્કે, દરેક સ્થળે, દરેક સમયે લડત આપી શકે એ માટે અનેક પ્રકારના શસ્ત્રો જોઈએ. એટલે જ વિવિધ પ્રકારના મિસાઈલો, ફાઈટર વિમાનો, રોકેટ સહિતના બધા હથિયારો વિકસાવતા રહેવા પડે. પૃથ્વી ડિફેન્સ વ્હિકલનો એટલે જ વિકાસ થઈ રહ્યો છે.

હાલ મિસાઈલ ઈન્ટરસેપ્ટ કરી તેને હવામાં જ ફૂંકી મારે એવી ક્ષમતા ચાર દેશો પાસે છે. અમેરિકા, રશિયા, ચીન અને ઈઝરાયેલ પછી ભારત મિસાઈલ ઈન્ટરસેપ્ટર ધરાવતો પાંચમો દેશ બનશે. હાલ ભારતનું આ હથિયાર પ્રાયોગિક તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે.

ઉત્તર પ્રદેશની ચૂંટણીમાં પણ વડા પ્રધાને આ સફળતાને અંકે કરી લેવાનો પ્રયાસ કર્યો હતો. બદાયુંની સભા સંબોધતા નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે આજે આપણા વિજ્ઞાનીઓએ ઘણી મોટી સફળતા મેળવી છે. એટલું કહી તેમણે વિપક્ષોને ટોણો મારવાની તક પણ ઝડપી લીધી હતી. એટલે એમ ઉમેર્યું હતું કે સફળતા તો મળી પણ કેટલાક લોકોને તેનો પુરાવો જોઈશે. એ માટે ખુબ ઊંચે (ઉપલા વાતાવરણમાં) ઉડવું પડશે!

**મિસાઇલ ઇન્ટરસેપ્ટર ટેકનોલોજીની કામગીરી**




૧. ધારો કે ભારતના પૂર્વ કાંઠે કોલકત્તાની સુરક્ષા માટે પીડીવી ગોઠવેલું છે.
૨. દુશ્મન પૂર્વ દિશામાં વધુ દૂર મિસાઈલ લોન્ચિંગ મથક ધરાવે છે.
૩. ત્યાંથી મિસાઈલ ભારત તરફ પ્રહાર માટે રવાના થાય છે.
૪. દુશ્મન તરફથી પ્રહાર આવી રહ્યો છે એવી ભારતની પીડીવીને ખબર પડે છે.
૫. પીડીવીના રેડાર અને અન્ય ઉપકરણો દુશ્મન મિસાઈલ ક્યા રસ્તે આવી રહ્યું છે એ જાણી લે છે.
૬. એ પછી એડવાન્સ એર ડિફેન્સ સિસ્ટમમાંથી દુશ્મન મિસાઈલને તોડી પાડવા માટે ઈન્ટરસેપ્ટર મિસાઈલ રવાના થાય છે.
૭. આકાશમાં જ દુશ્મન મિસાઈલને રોકીને (ઈન્ટરસેપ્ટ કરીને) ભારતનું મિસાઈલ તેને તોડી પાડે છે. એ સાથે ખેલ પૂરો.

આ મિશન સંપૂર્ણપણે ઓટોમેટિક હોય છે અને એ પછી તેને સફળતા મળી એ વધારે મહત્ત્વનું છે. એટલે કે બંગાળના ઉપસાગર પરથી કોઈ મિસાઈલ ભારત તરફ આવી રહ્યું છે એવું પીડીવીને કહેવા જવું નથી પડતું. પહેલેથી ગોઠવેલા રેડારમાં એ આગંતુક મિસાઈલ ઓળખાઈ જાય છે. એટલે પીડીવીમાં રહેલું પ્રહારક મિસાઈલ પોતાની મેળે જ હવાઈ લડત આપવા રવાના થઈ જાય છે. સંરક્ષણ વિભાગે દોડાદોડી કરીને મિસાઈલ ઈન્ટરસેપ્ટર સિસ્ટમને સજ્જ કરીને પ્રહાર માટે તૈયાર કરવાની જફામાં પડવું નથી.

ભારતની મિસાઈલ ડિફેન્સ સિસ્ટમની રેન્જ ૨૦૦૦ કિલોમીટર સુધીની છે. એટલે કે રવાના થયા પછી છેક ૨ હજાર કિલોમીટર દૂર સુધી જઈને દુશ્મન મિસાઈલનો ગાલ લાલ કરી શકે છે. ૨૦૧૪ માં જ ભારતે પીડીવીના પરીક્ષણ દ્વારા એ સિદ્ધિ સાબિત કરી દેખાડી હતી. એ સાથે તુરંત ચીને વાંધો ઉઠાવ્યો હતો. આ વખતના પરીક્ષણ પછી પણ ચીન વાંધો ઉઠાવે તો નવાઈ નહીં કેમ કે મૂળભૂત રીતે મિસાઈલ ઈન્ટરસેપ્ટ કરી શકતા હથિયારની સફળતા દુશ્મનોની ગણતરી ઉંધી પાડવા સક્ષમ છે.

*સૌજન્ય : "ગુજરાત સમાચાર"*

---

*પરિસ્થિતિ સામે હારી જવાનું તમને કહેવામાં નથી આવતું, પરિસ્થિતિનો સ્વીકાર કરવાનું તમને કહેવામાં આવે છે. હારી જવું અને સ્વીકારી લેવું એમાં બહુ ફેર છે. નબળા થઈને, ગરીબડા થઈને, ફરિયાદ કરીને ઘણા લોકો જીવે છે. પણ સ્મિત સાથે સહજ સ્વીકાર કરીને સ્વસ્થતા અને શાંતિથી બહુ ઓછા જીવી શકે છે. યુધ્ધ કરવા માટે હિંમત ન જોઈએ. યુધ્ધ અટકાવવાનું સાહસ વધુ મહેનત માંગે છે. ફના થઈ જવું સરળ છે, પણ હજારોને ફના થઈ જતા અટકાવવા અઘરા છે.*

વિચાર વિમર્શ

# બે સ્ત્રી વચ્ચેના સંબંધો અને વલણને કોઈ સમજી નથી શક્યું


યાસીન દલાલ

હમણાં વિશ્વભરમાં મહિલા દિવસ ઉજવાઈ ગયો. ઠેરઠેર પરિસંવાદો થયા, ભાષણો થયા, વડાપ્રધાને સ્ત્રી સમાનતાનો અનુરોધ કર્યો પણ આ બધામાં વાસ્તવિકતા ઓછી અને દંભ વધુ દેખાય છે. સદીઓથી ફિલોસોફરોની ફરિયાદ છે કે તેઓ સ્ત્રીને સમજી શક્યા નથી.

કથેરીન મેન્સફિલ્ડની એક વાર્તામાં પત્ની એક દુઃખી સ્ત્રીને ઘરમાં લાવે છે અને એને બહેનની જેમ રાખે છે. પતિને આ નવી સ્ત્રીની પરિસ્થિતિ પ્રત્યે સહાનુભૂતિ છે, પણ એ સ્ત્રી કાયમ ઘરમાં રહે તો એમાંથી ક્યારેક નાજુક સ્થિતિ ઉભી થવાની દહેશત એના મનમાં જાગે છે. એ પોતાની પત્નીને સમજાવીને એની બહેનપણીને ઘરમાંથી વિદાય આપવા સમજાવે છે. પણ પત્ની માનતી જ નથી! પતિ મનમાં ને મનમાં અકળાય છે. અંતે એણે એક કીમિયો કર્યો. એણે પત્નીની હાજરીમાં પેલી સ્ત્રી તરફ સભાનતાથી પ્રેમ અને લાગણીનું પ્રદર્શન કરવા માંડ્યું. એક વાર પત્નીએ આ બરાબર ધ્યાનથી જોયું. બીજે જ દિવસે એણે બહેનપણીને ઘરમાંથી વિદાય કરવાનો નિર્ણય લઈ લીધો! પતિએ કહ્યું, ભલેને ઘરમાં રહેતી પણ પત્નીએ નિર્ણય લઈ લીધો હતો.

**સ્ત્રી અને પુરુષ વચ્ચેનાં સંબંધની જેમ સ્ત્રી અને સ્ત્રી વચ્ચેનો સંબંધ ગહન અભ્યાસનો વિષય છે.** સ્ત્રી અને પુરુષ વચ્ચે પતિ-પત્ની, ભાઈ-બહેન, પિતા પુત્રી, માતા-પુત્ર એમ અનેક પ્રકારનાં સંબંધો હોઈ શકે, એમ બે સ્ત્રીઓ વચ્ચે પણ સગી બહેન, બહેનપણી, શોક્ય, નણંદ ભોજાઈ, માતા-પુત્રી, એમ અનેક સ્તરના સંબંધો હોઈ શકે છે. **બે સગી બહેનો વચ્ચે સોહાર્દપૂર્ણ સંબંધ હોય એવું ઓછું જોવા મળે છે.** હું એક એવા કુટુંબને જાણું છું, જેમાં એક પુરુષ પોતાની આર્થિક રીતે દુઃખી સાળીને મદદ કરે છે, પણ પોતાની પત્ની, એટલે કે પેલી સ્ત્રીની સગી બહેનથી છુપાવીને! વાસ્તવમાં પરિસ્થિતિ આનાથી વિપરીત હોવી જોઈએ. પણ, કેટલીક પરિસ્થિતિઓ અને ઘટનાઓ સામાન્ય સમાજનાં સિદ્ધાંતોથી પર હોય છે. એક સ્ત્રી અને બીજી સ્ત્રી વચ્ચેનો સંબંધ અસ્વાભાવિકતાની પરિપાટી ઉપર ચાલે છે.

વર્ષો પહેલા રાજસ્થાનમાં એક યુવાન સ્ત્રી પતિની પાછળ સતી થઈ ગઈ. રૂપકુંવરના સતી થવામાં એની જ ભગિનીઓએ શો ભાગ ભજવ્યો? રૂપકુંવર ચીસો પાડતી હતી, અને ચિતામાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કરતી હતી, એવા અહેવાલો છે. પણ, રૂપકુંવરને પુરુષના અધિપત્યવાળા સમાજમાં પુરુષોની મદદ ન મળે એ સમજાય પણ બીજી સ્ત્રીઓ પણ રૂપકુંવરને બચાવવાને બદલે એને ચિતામાં ધકેલવામાં ભાગીદાર બને એ કેવું? રૂપકુંવર જેવી અનેક સ્ત્રીઓ જે વર્ષોથી સામાજિક દુષણોનો ભોગ બને છે, એમાં સ્ત્રીઓનો પોતાનો પણ સક્રિય સહયોગ છે. સ્ત્રીની અવદશામાં સ્ત્રીના ફાળા વિષે પુસ્તકો ભરીને લખી શકાય એમ છે. આમાં માનસિક, સામાજિક, આર્થિક, એમ ઘણાં કારણો હશે. અનેક પુરુષોનાં ટોળામાં સંકોચ અને એકલપણું અનુભવતી સ્ત્રી બીજી સ્ત્રીને શોધીને તરત એની સાથે આત્મીયતા સાધી લે છે. પણ, એ આત્મીયતા તત્પુરતી હોય છે.

ચુનીલાલ મડિયાની વાર્તા ઉપર આધારીત ફિલ્મ મિર્ચ મસાલામાં એક પ્રસંગ આવે છે. ગામનો એક માથાભારે માણસ ફિલ્મની નાયિકા ઉપર કુદૃષ્ટિ કરે છે. નાયિકા મરચાના એક કારખાનામાં સંતાઈ જાય છે, જ્યાં સંખ્યાબંધ બીજી છોકરીઓ અને બે ત્રણ વૃદ્ધાઓ પણ હતી. કારખાનાનો ચોકીદાર અબુખાન કોઈને અંદર પ્રવેશવા દેતો નથી. પેલો માથાભારે માણસ ધમકીઓ આપે છે. સૈનિકો મોકલવાનું આયોજન કરે છે. એનાથી બધા ફફડે છે. ધીમે ધીમે કારખાનામાંની સ્ત્રીઓ નાયિકાને સમજાવવાનું શરૂ કરે છે કે તું જા અને એને શરણે થઈ જા, એમા જ આપણા બધાનું હિત છે. અને પેલી મુખી જેવી બાઈ તો એના ઉપર ફિટકાર વરસાવતાં કહે છે કે એ એક તારા શિયળના રક્ષણ માટે અમારા બધાના જાન જોખમમાં આવ્યા! એના કરતા મુઈ એની પાસે જતી રહે, એ કંઈ તને ખાઈ નહીં જાય! અને પેલા ગુંડા પાસે જઈ આવેલી એક છોકરી બોલે છે, હા હું તો એની પાસે જઈ આવી છું. એ તો બહુ સારો માણસ છે. મને પૈસા પણ આપ્યા હતા!

આ પ્રસંગ એક સ્ત્રીના બીજી સ્ત્રી તરફના વલણોને બહુ સારી રીતે સ્ફુટ કરે છે. સ્ત્રી ઘણીવાર પોતાની સલામતી ખાતર

બીજી સ્ત્રીનો ભોગ ધરી દે છે. એક સ્ત્રી બીજી સ્ત્રીને ભાગ્યે જ પોતાની ભગિની ગણે છે. બહુધા એમાં એને પોતાની હરીફ દેખાય છે. નણંદ અને ભોજાઈ વચ્ચેના ઝઘડાની વાત જાણીતી છે. બંને લગભગ સમવયસ્ક સ્ત્રીઓ જ છે. અને છતાં, નણંદ પોતાની ભાભીને ત્રાસ આપવામાં જ પોતાનો અહમ સંતોષે છે. પોતે સાસરામાંથી આવે અને આવીને તરત ભાભી ઉપર રૂઆબ મારવાનું શરૂ કરે! દમન એક ઘરેથી બીજા ઘરે ટ્રાન્સફર થાય. સ્ત્રીને સળગાવી મૂકવાના કિસ્સા આપણે ત્યાં દરરોજ બને છે, અને એમાં સાસુ કે નણંદ રૂપે સ્ત્રી પણ સામેલ હોય છે! મુસ્લિમ મહિલા ખરડો સંસદમાં આવ્યો, ત્યારે મહિલાઓ ધારત તો એને પોતાની તાકાતથી અટકાવત. પણ, એ ઝુંબેશના પાયા જેવી શાહબાનું પણ છેલ્લી ઘડીએ મહિલા વિરોધ ધારાની તરફેણ કરતી થઈ ગઈ!

આપણી સંસદ અને પ્રધાનમંડળમાં સૌથી ઓછી સ્ત્રીઓ શ્રીમતી ગાંધીના શાસનમાં હતી. શ્રીમતી ગાંધી બાહ્ય રીતે મહિલા ઉદ્ધારની હિમાયત કરતાં, પણ એમની આસપાસ ભાગ્યે જ મહિલાઓ જોવા મળતી. એકવાર એમના જ એક સંસદ સભ્ય શ્રીમતી અરૂણા અસફઅલી કટોકટી દરમ્યાન દિલ્હીની એક ફરિયાદ લઈને ગયા ત્યારે એમને તતડાવીને કાઢી મૂક્યાં હતા. શ્રીમતી ગાંધીએ ધાર્યું હોત તો પોતાની સત્તાનો ઉપયોગ કરીને દેશમાં મહિલા શિક્ષણ અને નારીમુક્તિની ચળવળોને મોટા વેગ આપી શક્યા હોત. પણ આવા પ્રશ્નોમાં એમનું કોઈ કમીટમેન્ટ જોવા મળતું નહીં. રાજીવ ગાંધીની કેબિનેટ અને સંસદમાં વધુ મહિલાઓ દેખાય છે.

વર્ષો પહેલાં **કે.એલ. સાયગલ અને સુરૈયાના** અભિનયવાળી ફિલ્મ પરવાના આવી હતી. પરિણીત સાયગલ જ્યારે સુરૈયાના પ્રેમમાં અને વિરહમાં દુઃખી થઈને બિમાર પડે છે, ત્યારે એની પત્ની પતિની પ્રેમિકા પાસે જઈને પોતાના પતિની જિંદગી બચાવવા પોતાની સાથે આવવાની આજીજી કરે છે અને એને લઈ આવે છે. વસતિની દૃષ્ટિએ આપણા દેશમાં મહિલાઓનું પ્રમાણ લગભગ અડધું (આશરે ૪૮ ટકા) છે, આમ છતાં જીવનના વિવિધ ક્ષેત્રોમાં બે પાંચ ટકા મહિલાઓ માંડ દેખાય છે. લાયબ્રેરીમાં કોઈ એકલી સ્ત્રી વાંચવા આવી હોય એવું દૃષ્ય મેં હજી જોયું નથી. કોઈ પ્રસંગ ઉપર પણ એકલો પુરુષ જોવા મળે, સ્ત્રી નહીં. હવે એક બપોરના ફિલ્મ શોમાં સ્ત્રીઓનું પ્રાચુર્ય જોવા મળે ખરું. કોઈ સ્ત્રી જુસ્સાપૂર્વક કોઈ પુરુષની સાથે ઝઘડતી પણ જોવા નહીં મળે! કોઈ સ્ત્રી વ્યવસાય કે શોખની સમાનતાને લીધે પુરુષ સાથે મૈત્રી બાંધવા લલચાય, પણ તરત સમાજ 'લેબલ' મારી દેશે એ બીકથી આગળ વધે જ નહીં. સ્ત્રીએ પોતે રચેલા એકદંડીયા મહેલમાં પુરાઈને રહેવું પડે છે અને કોઈ પુરુષ સાથે સ્ત્રી પરિચય વિકસાવે તો એ સંબંધને શંકાની દૃષ્ટિએ જોવામાં સ્ત્રી જ પહેલી હોય છે. સ્ત્રીઓના વર્તુળમાં થતી અંતરંગ ચર્ચાઓ ઘણીવાર સાંભળવા જેવી હોય છે અને રસપ્રદ હોય છે. સુશિક્ષિત અને અર્ધશિક્ષિત સ્ત્રી વચ્ચેના વર્તનમાં પણ ક્યારેક આશ્ચર્ય પમાડે એવું સામ્ય હોય છે.

જાહેરખબરોમાં સ્ત્રીઓનો દુરુપયોગ થાય છે અને ફિલ્મોમાં સ્ત્રીના શરીરનું પ્રદર્શન થાય છે એવી ફરિયાદો આપણે વારંવાર સાંભળીએ છીએ અને આની સામે ક્યારેક ઝુંબેશ પણ થાય છે. પણ આ ઝુંબેશકારો પાયાનો પ્રશ્ન ભૂલી જાય છે. જાહેરખબરમાં મોડલિંગ કરનાર કઈ જાતિ છે? સ્ત્રી પોતે જ જો સહેલાઈથી કપડાં ઉતારવા કે 'ગ્લેમર' માટે તસ્વીરો પડાવવા ઉત્સુક હોય તો એમાં કોઈ શું કરી શકે? ફિલ્મો અને વિજ્ઞાપનોમાં કંઈ પુરુષો સ્ત્રીના વેશમાં રજુ નથી થતા! ખરેખર મહિલા કાર્યકરોએ પોતાનું જ શોષણ થવા દેનાર આવી સ્ત્રી સામે ઝુંબેશ ચલાવવી જોઈએ. **એક જમાનામાં નિમ્મી, નરગીસ અને મીનાકુમારી જેવી અભિનેત્રીઓ હતી, જે નાચનારીઓના ઘરાનામાંથી આવતી હોવા છતાં પડદા ઉપર સંપૂર્ણપણે મર્યાદા જાળવતી અને પોતાના શરીરનું બિનજરૂરી પ્રદર્શન થવા દેતી નહીં.** આજની સારા ઘરમાંથી આવતી હિરોઈનો આગળ આવવા માટે શરીર પ્રદર્શનનો બેફામ આશ્રય લે છે અને સામે ચાલીને અખબારોમાં પોતાના જ વિશેની ગપસપ અને પ્રેમ પ્રકરણની વાતો છપાવે છે.

કેટલીક સ્ત્રીઓએ તો નારી મુક્તિનો નારો લગાવ્યા પછી પોતાનાં કૃત્યો દ્વારા પોતાના જ ધ્યેયને છેહ દીધો છે. આમાં પણ અભિનેત્રીઓ પહેલી આવે. 'જે ફિલ્મોમાં સ્ત્રીને પુરુષની ગુલામ તરીકે દર્શાવવામાં આવે એમાં હું ભૂમિકા નહી કરું.' એમ જોરશોરથી કહેનાર શબાના આઝમીને બીજી પત્ની તરીકેનો દરજ્જો સ્વીકારવામાં ખોટું લાગ્યું નહીં. સ્મિતા પાટીલ પણ એ જ માર્ગે ગઈ અને પછી તો જયાપ્રદા, હેમામાલિની, એમ એક ક્રમ શરૂ થઈ ગયો. સ્ત્રીઓનો સક્રિય સાથ અને સહકાર ન હોય તો બહુપત્નીત્વની પ્રથા ચાલુ રહે ખરી? સલામતી કે ધર્મની રૂઢિ કે સામાજિક પરિસ્થિતિ આવું કરાવે તો સમજી શકાય, પણ સ્વતંત્રણે પણ આવું બનતું જોવા મળે જ છે. લગ્નેતર સંબંધને આપણે આપણી દંભી નૈતિકતાના સંદર્ભમાં ન મૂલવીએ અને એને સ્ત્રી પુરુષ વચ્ચેની આંતરિક સમજૂતી તરીકે જ જોઈએ. આ વાત તો લગ્નનાં બંધનની છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૫ ઉપર)**

હાસ્ય રંગ

# હાસ્ય મારો પ્રાણ છે.... : તારક મહેતા

ઇન્ટરવ્યુ લેનાર : પાર્થ બી. દવે

જ્યોતિન્દ્ર દવે પછીના, આગલી હરોળના હાસ્ય લેખકોમાં જેમનું નામ આવે છે અને જેમને દરેક ગુજરાતી દિલથી, હસતાં હસતાં દર અઠવાડિયે વાંચે છે તથા આજે માત્ર ગુજરાતમાં જ નહીં, પરંતુ ભારતભરમાં જાણીતી હાસ્ય-ધારાવાહિક 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્માં'ના લેખક ઉપરાંત નાટ્યલેખક અને નાટ્યકાર એટલે વન એન્ડ ઓન્લી પદ્મશ્રી તારક મહેતા. જન્મ અમદાવાદમાં. પિતા જયેન્દ્ર મહેતા ઉર્ફે જનુભાઈ અને માતા મનહરગૌરી. જન્મના દસ દિવસમાં જ માતાનું મૃત્યુ, એટલે બાળપણ-ઉછેર મોસાળમાં થયો. પત્નીનું નામ ઈન્દુબહેન.

*તારક મહેતા કહે છે : મારી વાઈફ કચ્છના માતાના મઢની માનતા રાખે છે. મને આ પદ્મશ્રી ઍવોર્ડ મળ્યો, એ પણ કચ્છની માનતાને કારણે જ.*

બાળપણ નડિયાદમાં. ત્યાર પછી કૉલેજમાં નાટકો લખ્યા અને ભજવ્યા. મહારાષ્ટ્રના માહિતી અને પ્રસારણ મંત્રાલયમાં ગેઝેટેડ અધિકારી તરીકે લાંબો સમય સેવા આપી નિવૃત્ત થયા. જાણીતા પુસ્તકોમાં 'દુનિયાને ઉંધા ચશ્માં', 'વાહ અમેરિકા આહ અમેરિકા', 'તારક મહેતાના ખુલ્લા અને ખાનગી પત્રો', 'તારક મહેતાના સાત એકાંકી', 'સચ બોલે કુત્તા કાટે', 'એક્શન રીપ્લે' (આત્મકથા) વગેરેનો સમાવેશ થાય છે.

૮૬ વર્ષના તારકસાહેબ વિષે આખા, ઘણા બધા આર્ટિકલ્સ લખી શકાય એમ છે. એમને બે વખત માનસિક સ્ટ્રોક આવી ગયા છે તેથી નાદુરસ્ત તબિયત સાથે અને વારંવાર વિસ્મૃતિમાં સરી પડતા હોવા છતાં મુશ્કેલીથી વાંચે - લખે છે, હસે અને હસાવે છે!

વધારે વાત ન કરતા, એમની સાથે હીંચકા ઉપર બેસીને - અમદાવાદ ખાતે એમના ઘરે રૂબરૂ થયેલી ૨૫ મિનિટની વાતચીત, આખી જિંદગી યાદ રહે એવી 'મુલાકાત' અહીં શબ્દસઃ એમને એમ – જરા પણ ફેરફાર વગર પ્રસ્તુત છે.

(થોડા વાક્યો આડાઅવળા છૂટાછવાયા કદાચ લાગશે, કારણકે વાતચીતને સીધી શબ્દોમાં ઢાળી છે, જેથી કરીને વાચકોને રૂબરૂ મુલાકાત જેવું જ લાગે.)

■ ***તો સૌથી પહેલા તમને પદ્મશ્રી મળ્યું, એ વિશે તમે શું કહેશો?***

– કહેવાનું શું હોય! આનંદની વાત છે. હરખ થાય, ગૌરવ થાય. ગમ્યું.

■ ***લખવાની શરૂઆત ક્યારથી અને કઈ રીતે થઈ?***

– હું સ્કૂલમાં હતો ત્યારથી લખવાનો ચસ્કો. ધીરે ધીરે 'કુમાર' માસિકમાં છપાવવા માંડ્યું. મારી ટૂંકી વાર્તાઓ, લઘુવાર્તાઓ એવું. પછી થોડું 'અખંડાનંદ'માં આવવા માંડ્યું.

■ ***અચ્છા. અને જે વર્ષોથી વંચાય છે, વંચાતી રહેશે અને હંમેશાં યાદ રહેશે એ 'ચિત્રલેખા'માં આવતી લેખમાળા, 'દુનિયાને ઉંધા ચશ્માં' – એની શરૂઆત કઈ રીતે?***

– હું નાટકો ભજવતો અને ડાયરેક્શન કરતો. એ વખતે ચિત્રલેખામાં નાટકોના રીવ્યુ આવતા અને હરકિશનભાઈ દર અઠવાડિયે જઈને, નાટકો જુએ અને એના પરથી પોતે રીવ્યુ લખતા. અને રીવ્યુ લખતા લખતા મારી કોમેડી એમને ગમવા માંડી. મારું (નાટક) 'દુનિયાને ઉંધા ચશ્માં' હરકિશનભાઈને પસંદ પડી ગયું. એમણે મને ચિત્રલેખામાં રેગ્યુલર કોલમ માટે શરૂ કરવા કહ્યું. (એ વખતે) વજુ કોટક ગુજરી ગયેલા. જગ્યા ખાલી થઈ. હરકિશન મહેતા તંત્રી થયેલા. એ વખતે મારું 'દુનિયાને ઉંધા ચશ્માં' નાટક ઇનામને પાત્ર પણ થયેલું – ગુજરાત સરકારમાં. હરકિશનભાઈને હ્યુમર જોઈએ, એમણે મને કહ્યું. (વચ્ચે અચાનક, હસીને કહે છે : મને ચોકઠાની તકલીફછે! ઉંમર થઈ હવે.)

■ ***તમે અગાઉ 'મેઘજી મેઘરાજ શાહ : જીવન અને સિદ્ધિ' નામનું જીવનચરિત્ર, અન્ય નાટકો અને હાસ્યલેખો લખ્યા છે. અત્યારે નાટક કે જીવન ચરિત્ર એવું કશુંય લખો છો?***

– હાસ્યલેખો જ. અત્યારે તો આમ બહુ ઓછું લખાય છે.

■ ***એક પૂછવું હતું કે, તારક મહેતાના ચશ્મા 'ઉંધા' જ કેમ છે?***

– (હાહાહા.... હસીને... ખડખડાટ) એવું... અસલમાં વર્ષો પહેલા નાટકમાં એક ગાયન હતું : 'દુનિયાને ઉંધા ચશ્માં,

ડાહ્યા દીવાના લાગે'. અને એમાં 'નરસિંહ હતો દીવાનો, મીરાં હતી દીવાની' અને એ બધું... મને બહુ પસંદ પડી ગયેલું એ ગાયન. જોવા ગયેલો, ત્યારે આખું ગાયન મને ગમી ગયેલું. હું ગાતો. મોઢે પણ થઈ ગયેલું. એમાં આ મને સૂઝ્યું.

■ *જેઠાલાલ, ટપુ, દયા, સુંદર, શિક્ષક – આ બધા પાત્રો આવ્યા ક્યાંથી?*

– (હસે છે.) મને આમાં લખવાનું આવ્યુંને ચિત્રલેખામાં? ત્યારે મેં વિચાર કરેલો કે, જ્યોતિન્દ્રભાઈની (જ્યોતિન્દ્ર દવે) જેમ નિબંધ સ્વરૂપે લખું. એ મારા ગુરુ અને પાડોશીએ ખરા. પણ એ મને ફાવ્યું નહીં. પછી મારું નાટક, હું જે જે ચાલીમાં - ઘરોમાં રહ્યો ત્યાં, મને જે કોમિક લાગ્યા માણસો, પડોશીઓ એ બધા. તેમાં પાછા પોળોનાય પાત્રો ઘુસાડ્યા. એ બધા નાટકમાં લીધા. અને એ નાટક આ રીતે - એક ચાલી ઊભી કરીને, એમાં પાત્રો આવે ને... એ રીતે આખું જેને મિશ્ર હ્યુમર કહીએ અમે. એ રીતે લખવા માંડ્યો.

(વચ્ચે એક ફોન આવે છે, જવાબ આપે છે.)

■ *બધા જ પાત્રો ઘર ઘર જાણીતા છે. તો તમારું પ્રિય પાત્ર કયું છે?*

– (હસે છે, ખડખડાટ!) આમ તો... આમ તો ટપુ!

■ *બધેનું એ જ છે, આમ તો!*

– (ફરીથી બંને બાજુ હાસ્ય)

પણ મારું મુખ્ય પાત્ર જેઠાલાલ છે - એના ફાધર, એમાં થોડાક મારા બાપાના ઔંસ હતા, સ્વભાવના. એટલા પૂરતું એમ લાગે. અને બાકી ટપુ... (થોડી વાર રહી, હસીને) ટપુ આમ તો એન્ટી હીરો કહેવાય, તોફાની!

■ *સિરિયલમાં જે ટપુ છે, ભવ્ય ગાંધી – એ મોટો થઈ રહ્યો છે. દેખાવે મોટો થાય છે! પણ આપણો ટપુ ક્યારેય મોટો નથી થયો. થશે ક્યારેય?*

– ના. (થોડી વાર રહીને, મલકાતે...) ટારઝન ક્યારેય મોટો થાય? ન થાય!

■ *આર.કે. લક્ષ્મણના કોમનમેનની જેમ?*

– હા... (હસતાં હસતાં)

■ *આખા ભારતમાં ઘરે ઘરે જાણીતી થયેલી ટી.વી સિરિયલ, એની વાત કરીએ.*

*તમને 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્માં' સિરિયલથી સંતોષ છે?*

– સિરિયલથી શરૂઆતમાં નો'તો. શરૂઆતમાં મને બહુ કાગળો આવ્યા. એ લોકોને ગમતું નો'તું. ચિત્રલેખાનું પે'લું લેખ વધારે પસંદ હતું. ધીરે ધીરે એક્ટરો – આ બધા સારા એક્ટરો મળ્યા. પછી ગમતું ગયું. ટાઈમ લાગે.

■ *સિરિયલના અમુક જે પ્રસંગો કે ફેરફાર છે, જે તમે લખેલા છે એ મુજબ નથી આવતા. અમુક અલગ લાગે. એ વિશે?*

– મારું આખું ચિત્રલેખાનું લખાણ એમને સોંપી દીધું, પ્રોડ્યુસરને. એના રાઈટરો મને મળ્યા. મારી રીતે સમજાવ્યા. એ પ્રમાણે એ લોકોએ લખવા માંડ્યું. એ ઈઝી નથી. થોડા ફેરફાર કર્યા, થોડા થયા.

■ *આજે પણ આટલા વર્ષોથી લખવાની પહેલા જેટલી જ મજા આવે છે? કે ટેવ કે ફરજિયાત જેવું થઈ ગયું છે?*

– (હસીને...) એ બધું ભેગું થઈ જાય! (લખવું) અઘરું છે. અઘરું છે...

■ *સિરિયલમાં જેઠાલાલનું જે કુટુંબ છે - એ કચ્છી છે. કચ્છી પાત્રોનું કારણ...?*

– આમ તો એ પ્રોડ્યુસરનો આઈડિયા હતો, કે કચ્છી લાવવું. અને મને વાંધો નો'તો. એમાં 'ભચાઉ જો ભાયડો', 'વેપારી કચ્છી વાણિયો' – એ બધા શબ્દો આવે છે... મને ગમે છે. આમે કચ્છ બહુ ગમે! અને કલાકારો સરસ છે, સારું ભજવે છે.

■ *૨૬ ડિસેમ્બર, ૧૯૨૯ના જન્મ. એટલે કે ૮૬ પૂરા થયા. આટલું જીવ્યા. પાછું વળીને જોવા જઈએ તો જીવન કેવું લાગે છે?*

– શેક્સપિયર જગતને તખ્તો અને માણસને એક્ટર કહેતો. કોઈ અદશ્ય લેખકની સ્ક્રિપ્ટ આપણે ભજવી રહ્યા છીએ...! અને એ શેક્સપિયર સાચો હતો! એક વિરાટ, એબ્સર્ડ નાટક જગતમાં ભજવાઈ રહ્યું છે, એવું અર્થવિહીન... હું આમે, ક્રમબધ્ધ જીવ્યો નથી એટલે ક્રમબધ્ધ લખી શકતો નથી અને બોલી શકતો નથી! **જીવન આમ થોડું ભૂલાયેલું, થોડું યાદ રહેલું - સારું લાગે છે!** અને આટલા વર્ષોનું મારી જિંદગીનું સરવૈયું કહો કે કાંઈ પણ કહો એ આ જ છે કે, **મેં લાખો માણસોને હસાવ્યા છે, એનો મને આનંદ છે. બસ...**

■ *તારક મહેતા લેખક ન હોત તો શું હોત?*

– એક્ટર! (હસે છે...) એક્ટર જ હતો. નાટકો બહુ કર્યા. ખાસ તો મુંબઈમાં, અહીં બહુ ઓછા.

(અનુસંધાન : જુઓ પાના નં.-૧૩ ઉપર)

વાર્તા

# મારો દીકરો હજુ જીવે છે



બલવીરસિંહ જાડેજા

*માનવ શરીર, ઈશ્વરે આપેલી સૌથી અણમોલ ભેટ છે. તેને સુરક્ષિત રાખવી એ દરેક માટે ખૂબ જ અગત્યની બાબત છે. એક અંદાજ અનુસાર ભારત દેશમાં ૨૦ લાખ લોકો કિડનીની નિષ્ફળતાની બીમારીથી પીડિત છે. તથા દર વર્ષે અંદાજે બે લાખ લોકો એમાં ઉમેરાય છે. આવી જ સ્થિતિ અન્ય ઓર્ગન એટલે કે લીવર, પેન્ક્રિઆસ, હૃદય, નેત્ર વગેરે સંબંધી બીમારીઓથી પીડાતા લોકોની છે. આ રીતે માનવ અંગો નિષ્ફળ ગયા હોય એવા દર્દીઓની સહાય કરવા તથા તેઓમાં આશાનું કિરણ પ્રગટાવવા તેમજ તેમને નવજીવન આપવાના હેતુથી શ્રી કચ્છી સમાજ - અમદાવાદે એક કદમ આગળ વધીને આ વિષય સંબંધી અમદાવાદ - ગાંધીનગર સ્થિત અન્ય સમાજોના હોદ્દેદારો, અગ્રણીઓને બોલાવીને મીટિંગ્સનું આયોજન કર્યું હતું. એટલું જ નહીં, પરંતુ અમદાવાદ - ગાંધીનગર અને ગુજરાતના અન્ય મુખ્ય શહેરોમાં આ પ્રકારની કામગીરી અને તેને માટે જરૂરી લોકજાગૃતિ લાવવા એક સ્વતંત્ર યુનિટ ઊભું કરવા તરફ કાર્યવાહી હાથ ધરી છે.*

*આમ જનતામાં માનવ ઓર્ગન ડોનેશનની ભાવના તેજ કરવા તથા તે વિષયવસ્તુને અનુલક્ષીને 'કચ્છશ્રુતિ'ના હિતેચ્છુ અને તજજ્ઞ લેખક / વાર્તાકાર શ્રી બલવીરસિંહ જાડેજાએ એક ખાસ વાર્તા લખી છે, જે અત્રે પ્રસ્તુત કરતા આનંદ ઉપજે છે.*

*– તંત્રી મંડળ*

"મામા આયા... મામા આયા."

"કાના મામા... કાના મામા આયા..."

હજુ તો રાતના અંધારાની છડી પોકારતી સાં, ભુજથી નલિયાની બસ ગામના પાદરમાં ઊભી રહી ત્યાં તો બે નાના બાળકો, બસમાંથી ઉતરતા કિશન ઉર્ફે કાનાને જોઇને આનંદથી ચિચિયારી પાડી ઉઠ્યા. બસમાંથી ઉતરી કાનાએ બાપ માવજીને પગે લાગી, બેમાંથી એક, મોટી બહેનના નાના દીકરાને તેડી લીધો. ઘરે સૌ રાહ જોઈ રહ્યા હતા. મા શાંતાબાઈ, સાસરેથી પીયર આવેલી બહેન શારદા અને મોટો ભાઈ વીરમ. બકરી - ઘેટાને વાડામાં પૂરી, દૂધ દોહી હજી હમણાં જ ઘરે આવ્યો હતો, ત્યાં જ કિશન ઉર્ફે કાનો આવી ગયો.

"આવી ગયો ભાઈ" શાંતાબાઈએ પગે લાગેલા દીકરાને માથે હાથ ફેરવી હેત કર્યું. હોળી - ધૂળેટીની ચાર-પાંચ દિવસની રજાનો મેળ પડતાં, અમદાવાદ કોમર્સ ગ્રેજ્યુએટ થઈ, પાર્ટ ટાઈમ નોકરી સાથે, એમ.કોમ.નો અભ્યાસ કરતા કાનાને ઘરે આવવાનો, ઘણા સમય પછી મોકો મળ્યો હતો.

ગયા વરસે બી.કોમ. થયેલો કિશન ગુજ. યુનિવર્સિટીમાં ૭૦%થી વધુ માર્ક લાવી પ્રથમ આવ્યો હતો. અમદાવાદ સ્થિત શ્રી કચ્છી સમાજ - અમદાવાદ, દર વરસે આવા તેજસ્વી, ઝળહળતી ફતેહ મેળવનાર વિદ્યાર્થીઓનું, શાળાથી લઈને મહાવિદ્યાલય કક્ષાએ, વિધવિધ ધોરણોમાં પારંગત થયેલા તારલાઓને પ્રોત્સાહિત કરવા, સમારંભ યોજી, સમાજના મહાનુભાવોના હસ્તે સ્મૃતિચિહ્ન અને સર્ટિફિકેટ અપાવી અભિવાદન કરે છે. આ વખતે કિશન (કાનો) એનો હક્કદાર બન્યો હતો. સ્મૃતિચિહ્ન (મોમેન્ટો), રોકડ અને સર્ટિફિકેટ લઈ આવ્યા પછી, અભ્યાસ અને પાર્ટ ટાઈમ કામગીરીને લઈને, વતનમાં અવાયું નહોતું એટલે સૌને કાનાને મળેલા ઈનામને જોવાની ઈંતેજારી હતી.

મા અને મોટી બહેને, ભાઈ માટે બનાવેલા કંસાર સાથે વાળુ પતાવી, સૌ ફળિયામાં ખાટલા નાખીને બેઠા હતા. હજી ઉનાળાની શરૂઆત હતી. ફાગણનો ચંદ્ર આકાશમાંથી શીતળતા પાથરતો હતો. ખબર પડતાં જ ફળિયાવાળા સૌ, વાળુ પતાવી કિશન (કાના)ને મળવા, એને મળેલા ચંદ્રક જોવા, પોતાના ખાટલાઓ લઇને, પાથરીને બેસી ગયા હતા. સૌ કાનાને મળેલ ટ્રોફી અને મઢાવેલ પ્રશસ્તિપત્રક અહોભાવથી જોઈ રહ્યા હતા. યુવાનો - વડીલો, સ્ત્રીઓ, બાળકો મળેલા મોમેન્ટોના વખાણ કરતા કરતા ગણગણાટ કરતા હતા ત્યારે જ કાનાએ વાતની શરૂઆત કરી.

"આપણા કચ્છનો, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ કચ્છના દરેક સમાજ

જેવા કે પટેલ, જૈન, લોહાણા, સોની, કંસારા, બ્રાહ્મણ અને એવા બધા સમાજોને, કોઈ જાતના ભેદભાવ વિના એકઠા કરી, સામાજિક પ્રવૃત્તિઓ કરે છે. આપણા સમાજના બહુ ઓછા ઘર અમદાવાદમાં છે કે હજી શ્રી કચ્છી સમાજ સાથે જોડાયા છે. કેટલાક ઘટક સમાજો પોતપોતાના સમાજની સાથે, કચ્છી સમાજ તરીકે, પ્રસંગોપાત મેળાવડા કરે છે. આ વખતે બીજી પણ એક વાત, તમે કોઈએ ન સાંભળી હોય તેવી વાત, મારે કરવાની છે.”

સૌ વાતો કરતા શાંત થઈ, કાનો શું કહે છે તે સાંભળવા કાન સરવા કરી એક ચિત્તે થઈ ગયા.

“અમદાવાદમાં આવેલી એક પ્રખ્યાત હોસ્પિટલમાં આપણા કચ્છના જ એક હૃદયરોગ નિષ્ણાત ડૉક્ટરે, ગુજરાતમાં સૌપ્રથમ વખત, એક વ્યક્તિ, જે ભાવનગરમાં અકસ્માતના કારણે મરણ પથારીમાં હતી, જેનું મગજ મરી ગયું હતું એટલે કે કામ કરતું નહોતું પરંતુ હૃદય અને બાકીનું શરીર સલામત રીતે ચાલતું હતું, તેનું હૃદય કાઢીને, અમદાવાદના એક ઉંમરલાયક દર્દી, જેમનું હૃદય ફક્ત મશીનના ટેકાથી ચાલતું હતું, બાકીનું શરીર સારું હતું, તેમના શરીરમાં બગડેલું કે જૂનું, હૃદય કાઢીને ભાવનગરથી લાવેલું હૃદય, ગણતરીના કલાકોમાં જ રોપણ કર્યું. જેમ આપણે આંબા કે લીમડા કે કોઈ રોપ, એક જગ્યાએથી બીજી જગ્યાએ રોપીએ છીએ તેમ. અને એ અમદાવાદના દર્દી, હવે સાજા માણસની જેમ હરતા ફરતા છે. જો કે ઘણી તકેદારી રાખે છે પણ મરણ પથારીએથી ફરી જીવતા થયા છે. હૃદયને ભાવનગરથી પ્લેનમાં લાવવાનો અને રોપવાનો તેમજ તેને સફળતાપૂર્વક ચાલુ રાખવા વગેરેનો ખર્ચ ખૂબ જ થયો. પણ આ આપણા કચ્છના ડૉક્ટરનું પણ કચ્છી સમાજે સન્માન કર્યું. તેમણે બદલેલા હૃદયની, રસપ્રદ સત્ય હકીકતનું વર્ણન કર્યું અને ઉતારેલ વીડિયો ફિલ્મ પણ બતાવી. પછી સૌને વિનંતી કરી કે...

કાનાની વાત રસપૂર્વક સાંભળી રહેલા, ત્યાં હાજર સૌ કોઈ હૃદય પ્રત્યારોપણની વિગતથી લગભગ અજાણ હતા. ભગવાન કે કુદરત, સૃષ્ટિના સર્જનહારના ફરજંદ માનવે, વિજ્ઞાન દ્વારા કરેલી પ્રગતિથી સૌ આશ્ચર્ય સાથે રોમાંચ અનુભવી રહ્યા હતા જેવો રોમાંચ વરસો પહેલાં, ચંદ્ર ઉપર માણસ પહોંચ્યો હતો અને સૌને આશ્ચર્ય થયું હતું, તેવોજ.

ડૉક્ટર સાહેબે સૌને વિનંતી કરી કે, યુવાન મિત્રોએ આગળ આવી પોતાના અંગોનું દાન કરવું જોઈએ. ગુજરાતમાં પહેલું અને ભારતમાં કદાચ અગિયારમું જ હૃદયના પ્રત્યારોપણનું આ ઑપરેશન થયું છે. તંદુરસ્ત અને ચાલીસ વરસથી નાની ઉંમરના યુવાન-યુવતીઓ જો અચાનક આવતા મરણ પછી, પોતાના તંદુરસ્ત અંગો જેવા કે હૃદય, કિડની, લીવર, આંખોનું અંગદાન કરવાની પ્રતિજ્ઞા લે અને નોંધણી કરાવે, તો ઘણા જરૂરિયાતમંદોને નવું જીવન આપી શકે.

“આપણા કચ્છી સમાજના પ્રમુખશ્રીએ પણ સૌ હાજર રહેલાઓને અંગદાન માટે વિનંતી સાથે આ વાતને સ્વીકારીને જાહેરાત કરી કે કચ્છી સમાજ - અમદાવાદ અને સૌ જોડાયેલા સમાજો દ્વારા અંગદાનની ઝુંબેશ ભારતના ગામેગામ અને શહેરે શહેર ફેલાવી અંગદાન અંગે જાગૃતિ ફેલાવવાનું કામ કરશે અને સંપૂર્ણ સહયોગ કરશે.” કાનાએ વાત પૂરી કરતા ઉમેર્યું કે, “મેં સૌપ્રથમ અંગદાન માટે મારું નામ નોંધાવી શરૂઆત કરી છે અને તમને સૌને, જે સ્વેચ્છાએ, અંગદાન માટે નોંધણી કરાવવા ઈચ્છતા હોય તેમણે વિચારીને જણાવવું. હું પોતે આ ઝુંબેશને કચ્છના ગામે-ગામ પહોંચાડવા માગું છું. જીવતા જીવ કદાચ આપણાથી સંજોગો અનુસાર કોઈને ઉપયોગી ન થઈ શકાય તો અચાનક આવતા મૃત્યુ પછી કોઇને અંગના દાન દ્વારા, જીવન બક્ષવા માટે ઉપયોગી થવું એ મંદિરમાં ભગવાનને ભોગ ધરાવવા કરતાં, કોઈ માનવને પોતાના અંગોનો ભોગ ધરાવવો એ વધારે પુણ્યનું કામ છે એમ હું માનું છું. મરવું કોઈને ગમતું નથી. કોણ ક્યારે જતું રહેશે, તે કોઈને ખબર નથી. પણ જો મર્યા પછી શરીરને બાળતા કે દફન કરતા પહેલાં, ચોક્કસ નિર્ધારીત સમયમાં અંગો કાઢી બીજાને નવજીવન આપીને કે જીવતા રાખીને આપણે એ વ્યક્તિમાં જીવતા રહી શકીએ છીએ.”

કાનાએ વાત પૂરી કરી અને પાણી પીવા રોકાયો. ત્યાં સુધીમાં તો હાજર રહેલા સૌ, કાનાની વાતના સમર્થનમાં અને વિરોધમાં ચર્ચા કરવા લાગ્યા.

આમાં ક્યાં જીવતા માણસને કાંઈ કરવાનું હતું. જે કાંઈ કરવાનું હતું તે માણસના મૃત્યુ પછી એના કુટુંબીઓની સંમતિથી અંગ કાઢી લીધા પછી, બાકીનું શરીર તો સંસ્કાર કરવા પાછું જ મળવાનું હતું. એ કાનાએ તર્ક સમજાવતાં, ઘણાયે કાનાની વાતને વધાવી લીધી.

મોટોભાઈ વીરમ કાનાની વાત ધ્યાનથી સાંભળી રહ્યો હતો. તેણે કાનાને કહ્યું, “કાના, ભાઈ તેં તારા અંગદાન માટે પહેલ કરી છે. મને પણ લાગે છે કે કોઈકને મર્યા પછી ઉપયોગી થવાય, તો ભગવાનની કિરપા સાથે એના કુટુંબીઓના પણ આશીર્વાદ આપણા કુટુંબને મળે. હું પણ તારી સાથે જ મારા અંગદાન માટે, મારી પૂરી તૈયારી સાથે નામ લખાવું છું.”

આ હતી વીરમની સમજણ.

કાનાએ બધાને કહ્યું. તમે બધા

વિચારીને, હોળીના દિવસે, આપણા સરપંચ રાતે હોળી પ્રગટાવે પછી જેની સ્વેચ્છાએ તૈયારી હોય, કુટુંબના સભ્યોની પણ સંમતિ હોય, તેમના નામ સાથે હું ફોરમ ભરી, સહી કરાવીશ. ઘણા બધા ફોરમ હું લાવ્યો છું.

સૌ અંગદાનની ચર્ચા કરતા વિખરાયા. હોળીના દિવસે સરપંચે, હોળી પ્રગટાવી પછી ગામના ૨૦થી ૨૫ યુવક-યુવતીઓએ કાનાની અપીલની સરાહના કરી અંગદાન માટે નામ નોંધાવ્યા અને કાનાએ સૌના ફોરમ ભરી સહી કરાવી. જેમાં એનો ભાઈ વીરમ અને મોટી બહેન શારદા પણ હતા.

હોળી - ધૂળેટી પૂરી થઈ. મોટી બહેન શારદા સાસરે જવાની તૈયારી કરવા લાગી ત્યારે તેણીએ મા-બાપને કહ્યું : "મા, એક છોકરી મારા સાસરીના દૂરના સગામાં થાય છે. નામ છે રાધા. મને ભાઈ વીરમ માટે લાયક લાગે છે. તમે કહો તો વાત આગળ ચલાવું."

"અરે... એમાં મોડું શું કરવાનું? કાનો પણ આવ્યો છે. તમે મા-દીકરો, શારદા સાથે એના સાસરે જાવ અને બધા વીરમ માટે કન્યા જોઈ આવો. અને યોગ્ય લાગે તો નક્કી કરી, વીરમને જોવા માટે પણ વાત કરતા આવો." પિતા માવજીએ વાતને સમર્થન આપ્યું.

કાનો મા શાંતાબાઈ સાથે બહેન શારદાના સાસરે આવ્યા અને રાધાને જોઈને વીરમ માટે યોગ્ય લાગતાં, રાધાના માતા-પિતાને પોતાના ઘરે આવી, વીરમ અને ઘર જોવા આવવા વિનંતી કરી. રાધા ચાર ચોપડી, વીરમ જેટલું જ ભણેલી, નમણી અને સુંદર. બાપની કરિયાણાની દુકાને પણ બેસી દુકાન સંભાળતી વ્યવહારકુશળ લાગી. બે દિવસ પછી રાધાના મા-બાપ વીરમને પણ જોઈ ગયા અને રાધા માટે વીરમ યોગ્ય લાગતાં રૂપિયો નાળિયેર આપી, વીરમનું સગપણ રાધા સાથે નક્કી કર્યું.

રાધાની સખીઓ રાધાની મશ્કરી કરતી હતી.

"અલી રાધા! જિંદગીમાં પહેલીવાર સાંભળ્યું કે રાધા કાનાને બદલે વીરમની બનશે અને કાનો, રાધાનો દિયર કહેવાશે. અલી, તારા દિયર કાના માટે, અમારામાંથી કોઈને પસંદ કરજે ને તો એકાદ બહેનપણી કાયમ તારી સાથે જ રહે."

રાધાએ સામે રોકડું પરખાવ્યું. "જાઓ જાઓ, મોઢું ધોઈ આવો. હું તો મારા દિયર માટે મારા જેવી જ બીજી રાધા પસંદ કરીશ. જોજોને તમે સૌ જોતા રહી જશો."

કાનો બે દિવસ વધુ રોકાઈને અમદાવાદ એમ.કોમ.નો અભ્યાસ કરવા, હોસ્ટેલમાં પાછો આવ્યો.

સમય સરકતો જતો હતો.

એક દિવસ ન ધારેલું બની ગયું.

વીરમ અને એનો સાથી, વહેલી સવારે બકરીઓને ચરાવવા વગ (ગાય-ભેંસોના ધણ કહેવાય, ઘેટા-બકરાના સમૂહને વગ કહેવાય) લઈને નીકળ્યા હતા. નલિયા તરફ જતા રોડની બંને બાજુ બકરીઓ ચાલતી હતી. અબડાસા તાલુકામાં નવી બનેલ સિમેન્ટ ફેક્ટરી માટે પથ્થરો ભરીને એક ડંપર પૂર ઝડપે, વહેલી સવારે રોડ ચોખ્ખો હતો એટલે આવી રહી હતી. ડમ્પરના ડ્રાઈવરે રોડ ક્રોસ કરતી બકરીઓ જોઈ તો ખરી પણ બીજી બાજુ નીકળી જશે એવી ગણતરીમાં ડમ્પરની ઝડપ ઓછી ન કરી. છેલ્લી બકરી પિયાવામાં હોવાથી જરા ધીમે ધીમે રોડ ક્રોસ કરતી હતી. પાછળ ચાલતા વીરમને ખ્યાલ આવ્યો તે પહેલાં ડમ્પર ખૂબ જ નજીક આવી ગયું. વીરમે દોડીને બકરીને, હાથમાં રહેલી લાકડી પાછલા ભાગે મારી, જેથી બકરી દોડીને ઝડપથી રોડ ક્રોસ કરી જાય. પણ સાવ નજીક પહોંચેલા ડમ્પરના ડ્રાઈવરે બકરીને બચાવવા, વીરમ હતો તે તરફ ડમ્પરનું સ્ટીયરીંગ ઘુમાવ્યું. ઈરાદો નેક હતો પણ બકરી નીકળી ગઈ પણ વીરમના શરીરને પાછળથી આવતા ડમ્પરના ડાબા પડખાએ ઉડાડ્યું અને ફેંક્યું દૂર. ઓઓઓ.... કરતો વીરમ સડકની ધારે, નલિયાના માઈલ સ્ટોન સાથે ત્રાંસો ભટકાયો. ખભા અને માથાની વચ્ચેનો ડોકનો ભાગ માઈલ સ્ટોનની પહોળાઈ સાથે વચ્ચોવચ્ચ અથડાયો. ત્યાં સુધીમાં ન થવાનું થઈ ગયું.

ઓઓઓ... ચીસ સાંભળી બકરીઓ સાથે આગળ ચાલતા સાથી છોકરા જખુએ પાછળ જોયું અને વીરમ ભા... કહીને ચીસ પાડી. ડમ્પરને લઈને ડ્રાઈવર ભાગ્યો. બકરીઓ બધી ઊભી રહી ગઈ. છોકરો જખુ બેભાન વીરમ પાસે આવીને હતપ્રભ થઈને રડી પડ્યો. શું કરવું? કાંઈ ન સુઝતાં ગામ તરફ દોડ્યો. ગામ એકાદ કિલોમીટર જ દૂર હતું. એક શ્વાસે વીરમના ફળિયામાં દાખલ થતાં શાંતામા.... વીરમ... ડમ્પર... ભટકાણું... માંડ માંડ બોલી શક્યો. પિતા માવજી અને મા શાંતાએ ચીસ પાડી. દોડો દોડો... વીરમને ડમ્પર ભટકાયું કહીને હડી કાઢી. ફળિયામાં જે હતા તે સૌ સ્ત્રી-પુરુષો ઉઘાડા પગે દોડ્યા. પહોંચીને જોયું તો વીરમ બેભાન છે. ક્યાંય લોહી નથી નીકળ્યું. કોઈ અનુભવીએ નાડી જોઈ. નાડી ચાલતી હતી. બકરા ચારનારા લાકડી સાથે એલ્યુમિનિયમની લોટી પાણી પીવા સાથે રાખે. ઘરેથી ભરેલી લોટી હજી ભરેલી જ હતી. જખુ લાકડી અને લોટી મૂકીને ભાગ્યો હતો. લોટીમાંથી પાણી લઈ કોઈએ મા શાંતાના ખોળામાં વીરમના માથા - મોં ઉપર પાણી છાંટ્યું. છતાં

કાંઈ સંચાર દેખાયો નહીં. ફળિયાના વડીલે ગામના એકમાત્ર છકડાવાળાને બોલાવી લાવવા બીજા છોકરાને દોડાવ્યો.

છકડો આવતા મા શાંતાબાઈ અને પિતા માવજી સાથે બે-એક વડીલ છકડાને લઈને તાલુકાના આરોગ્યકેન્દ્રમાં પહોંચ્યા. પિતા માવજીએ એક વડીલને ઘરેથી જે પૈસા હાથમાં હોય તેટલા ૫-૧૦ હજાર લેવા અગાઉથી જ રવાના કરેલા. વહેલી સવારે આરોગ્ય કેન્દ્રનો સ્ટાફ હજી પૂરતો હાજર થયો નહોતો. ક્વાર્ટરમાં રહેતા ડૉક્ટરને તાત્કાલિક બોલાવ્યા. ડૉક્ટરે તપાસીને વહેલી તકે આરોગ્ય કેન્દ્રની એમ્બ્યુલન્સમાં ભુજ પહોંચાડવા તજવીજ કરી. એમ્બ્યુલન્સ ભુજની જનરલ હોસ્પિટલમાં દાખલ થતાવેંત જ ત્યાંના ડૉક્ટરે વીરમને ચકાસ્યો અને સલાહ આપી કે આને તાત્કાલિક અમદાવાદની કોઈ મોટી હોસ્પિટલમાં શીફ્ટ કરવો જરૂરી છે. ફરી વીરમને એમ્બ્યુલન્સમાં સુવડાવવામાં આવ્યો અને એમ્બ્યુલન્સ ઉપડી અમદાવાદની સિમ્સ હોસ્પિટલ તરફ. એમ્બ્યુલન્સ અમદાવાદના રસ્તે રવાના થતાં જ એક જણે કાનાને મોબાઇલથી જાણ કરી. અમદાવાદની સિમ્સ હોસ્પિટલમાં એમ્બ્યુલન્સ પહોંચી એ પહેલાં કાનો મિત્રો સાથે હાજર જ હતો. પરિસ્થિતિની ગંભીરતાનો કોઈને ખ્યાલ નહોતો.

ડૉક્ટરોએ વીરમના શરીરને ઑપરેશન થિયેટરમાં લઇ જઈ કાર્યવાહી આરંભી. વીરમના શ્વાસ હજી ધીમે ધીમે ચાલતા હતા. સપોર્ટિંગ સિસ્ટમના સહારે તેને ભાનમાં લાવવાના પ્રયત્નો શરૂ કરી દીધા. બે દિવસની મથામણ પછી પણ વીરમની સ્થિતિમાં કોઈ ફેર નહીં દેખાતા નિષ્ણાતોએ વીરમને બ્રેઈન ડેડ જાહેર કર્યો. લોહીનો સ્રાવ મગજમાં થયો હોવાથી મૂઢ મારથી ખોપરીના દબાણથી મગજને એવું નુકસાન થયું છે કે તે ફરીવાર કાર્યરત નહીં થઈ શકે. સૌએ આંસુભરી આંખે હકીકત સ્વીકારવી પડી.

આ દરમિયાન કાનાના કાકાએ તાલુકા મથકે પોલીસ સ્ટેશનમાં કરેલી ફરિયાદ દ્વારા સિમેન્ટ કંપનીના ડમ્પર અને ડ્રાઈવરની ઓળખ થઈ ચૂકી હતી. સિમેન્ટ કંપનીએ આનાકાની વિના વીરમના હોસ્પિટલનો ખર્ચ તેમજ કોર્ટ જે પણ વળતર નક્કી કરે તે ચૂકવવાની ખાતરી, લેખિત બાંહેધરી આપી દીધી હતી. પરંતુ માનવ જીવનના મૂલ્યનું કોઈ વળતર હોઈ શકે ખરું? વીરમને વધારે સારવાર માટે અમદાવાદ લાવ્યા હતા.

કાનાને ડૉક્ટરે જાણ કરી કે સપોર્ટિંગ સિસ્ટમ બંધ કરવાથી બ્રેનડેડ વીરમનું શરીર શાંત થઈ જશે. કાનાએ મા-બાપ તેમજ સૌ સગાવહાલાને હકીકતથી વાકેફ કરી વીરમના અંગોનું દાન કરવાનું સમજાવી, સિમ્સ હોસ્પિટલમાં જ ડૉ. ધીરેન શાહનો સંપર્ક સાધી તેમની સાથે વિગતે ચર્ચા કરી. સાથે સાથે એ પણ ચોખવટ કરી કે વીરમનો અહીંની હોસ્પિટલનો ખર્ચ તેમજ વળતર સિમેન્ટ કંપની આપવાની હોઈ અમારા કુટુંબને કોઈ જાતના વળતરની અપેક્ષા નથી અને ભાઈ વીરમના અવયવો કોઈને ઉપયોગી થાય એ જ સૌની ઈચ્છા છે. કિડની, આંખો, લીવર જેવા અવયવો અહીં કચ્છના કોઈ સુપાત્ર અને જરૂરિયાતમંદને આપવાની ઈચ્છા છે. હૃદય માટે આપને જે યોગ્ય લાગે તે કરી શકો છો.

ડૉ. શાહે અમદાવાદની જનરલ હોસ્પિટલના તબીબો સાથે ચર્ચા વિચારણા કરી કાનાને બે દિવસનો વધુ સમય રાહ જોવા વિનંતી કરી.

અમદાવાદની અમરીત ઈન્ટરનેશનલ એન્ટરપ્રાઇઝના માલીક શ્રી અમૃતલાલ શેઠ, જેમણે "અમરીત" નામે ઔદ્યોગિક સામ્રાજય ઊભું કરી જગતભરમાં નામના મેળવી હતી. અમૃતલાલ શેઠને ૬૫ વરસની ઉંમરે હૃદયની તકલીફ ઊભી થતાં ડૉ. શાહની દેખરેખ નીચે હોસ્પિટલમાં દાખલ કરેલા. તેમનું હૃદય માંડ ૧૫% કામગીરી કરી રહ્યું હતું. તેમના બંને પુત્રો પિતા માટે કોઈપણ ભોગે, હૃદય ડોનેટ કરી શકે તેવા વ્યક્તિની શોધમાં હતા. દુનિયા આખીમાં તેમણે પિતા માટે ડૉનર શોધવાની તજવીજ કરી હતી. યોગાનુયોગ ડૉ. શાહને વીરમ અને અમૃતલાલ શેઠના બ્લડ ગ્રુપ, હૃદયની સાઇઝ વગેરે અનુકૂળ જણાતાં, એમણે જ્યારે તેમના પુત્રોને વાત કરી ત્યારે તેમણે હર્ષઘેલા થઈ વાતને વધાવી લીધી. અને તાત્કાલિક વીરમનું હૃદય અહીં પિતાના શરીરમાં પ્રત્યારોપણનો નિર્ણય લીધો. ડૉ. શાહ માટે આ બીજી "ચેલેન્જ" હતી જે સફળતાપૂર્વક એમણે અને સહયોગીઓએ પાર પાડી. સૌને આશ્ચર્ય તો એ વાતનું હતું કે વીરમના કુટુંબીઓએ માનવતાના ધોરણે, લાખો રૂપિયાની લાલચ જતી કરીને દેહદાન કર્યું હતું.

વીરમના બાકીના શરીરને અગ્નિદાહ દીધા પછી, એની મંગેતર રાધાના પિતાએ વીરમ - કાનાના પિતા માવજીભાઈ અને મા શાંતાબાઈને કહ્યું, "વેવાઈ, આપણા વહેમી, પછાત અને ધર્માંધ સમાજમાં અત્યારથી જ મારી દીકરી રાધાને અપશુકનિયાળ, જીવ લેનાર, છપ્પરપગી એવા વિશેષણોથી સંબોધી, વીરમના એક્સિડન્ટ માટે જવાબદાર ગણવામાં આવે છે. બિચારીનું ઘરની બહાર નીકળવાનું, મેણા મારીને, મુશ્કેલ કરી નાખ્યું છે. તમારા ખ્યાલમાં એવું કોઈ રાધાને લાયક, જે હકીકત જાણ્યા પછી નિર્દોષ સમજી, એનો હાથ

ઝાલવા તૈયાર હોય એવું પાત્ર હોય તો જણાવજો.'' કહી રાધાના પિતા રડી પડ્યા. વાત સાંભળી રહેલો કાનો, અંદરથી હચમચી ગયો. તેની પણ આંખ ભીની થઈ ગઇ, પણ એ હિંમત કરી દ્રઢતાથી બોલી ઉઠ્યો, ''વડીલ, મારો ભાઈ વીરમ અમારી સાથે એની લેણદેણ પૂરી થઈ અને ભગવાનને ત્યાંથી લખાવેલી જિંદગી પૂરી થતાં પાછો ગયો છે. બધાને એક દિવસ જવાનું જ હોય છે. હું ભણતર સાથે જિંદગીનું ગણતર પણ ભણ્યો છું. આપ આપની દીકરી રાધા માટે મને જો યોગ્ય સમજતા હો તો હું એનો હાથ અગ્નિની સાક્ષીએ પકડવા તૈયાર છું. મારા મા-બાપ પણ મારી વાતને માન્ય રાખશે. પણ મારી એક-બે શરત છે, જો આપને મંજૂર હોય તો જણાવું.

રાધાના પિતાને કાના જેવું પાત્ર, ભણેલ ગણેલ અને વળી બધી રીતે યોગ્ય ક્યાંથી મળવાનું હતું? છતાં મનમાં શંકા સાથે એમણે 'શું શરત હશે આની?' એવા વિચાર સાથે તુરત જ હા પાડી.

''અમને તારી બધી જ શરતો મંજૂર છે. બોલ કાના, શું છે તારી શરત?''

''મારે કાંઈ જ જોઈતું નથી. તમારે રાધાને પૂછીને મારા માટે જો એની સંમતિ હોય તો (૧) એણે મૂકી દીધેલો કે અધૂરો મૂકેલો અભ્યાસ ફરી ચાલુ કરી, લગ્ન પહેલાં કે પછી જ્યાં સુધી ભણી શકાય ત્યાં સુધી ભણવાનું. (૨) મારી જેમ તેણે મારી સાથે લગ્ન કરતા પહેલાં જ અંગદાન માટેનું ફોરમ ભરીને, રાજીખુશીથી મને આપવાનું. બસ આટલી જ છે મારી શરત.

આંખમાં આંસુ સાથે વડીલો કાનાની સમજણ ઉપર ઓળઘોળ થઈ ગયા અને મા શાંતાબાઈ તો કાનાને ભેટીને રડી પડ્યા.

બસ, પછી વીરમના સ્વર્ગવાસને એક વરસ પૂરું થતાં કાનાનો અભ્યાસ પણ પૂરો થયો અને કાનાએ એમ.કોમ.ની પરીક્ષા સારા માર્કસથી પાસ કરી. ત્યારે જ યોગાનુયોગ અમરીત સમૂહના વિસ્તરણ અન્વયે એકાઉન્ટન્ટની જગ્યા બહાર પડતાં કાનાએ અરજી કરી અને વિના કોઈ ભલામણે પોતાની હોંશિયારીથી નિમણૂક મેળવી.

કાનાના એપોઈન્ટમેન્ટ ઓર્ડર સહી કરવા માટે ડાયરેક્ટર તરીકે અમૃતલાલ શેઠના સુપુત્ર પાસે આવ્યો ત્યારે કાનાની વિગત વાંચી, એ ઓળખી ગયા અને ડૉ. શાહને ફોન કરી કાનાના બેકગ્રાઉન્ડ વિશે ખાતરી કરી. ડૉ. શાહે હૃદય પ્રત્યારોપણ વખતે જ કાનાના ઉમદા વિચારો વિશે અમૃતલાલ શેઠના કુટુંબીજનોને માહિતગાર કરેલા જ હતા. કાનાની નિમણૂક પછી તેના જોડાવાના દિવસે, અમૃતલાલ શેઠ અને એમના સુપુત્રોએ કાનાને આવકારીને કંપનીના સ્ટાફને કાનાનો પરિચય આપતા ગર્વ અને અહોભાવ સાથે કાનાનું સ્વાગત કર્યું.

જ્યારે કાનાનું લગ્ન રાધા સાથે વતનમાં ઉજવાયું ત્યારે કંપની તરફથી બંનેને, બદલારૂપે નહીં પણ એક હોનહાર સ્ટાફ મેમ્બર તરીકે, પ્રણાલી મુજબ, કંપનીના પ્રતિનિધિ હાજર રહી વરઘોડિયાને આશિર્વાદ સાથે રિવાજ મુજબ ભેટ સોગાદ આપી.

ફરી પાછો કાનો અમદાવાદ પોતાની ફરજ ઉપર હાજર થઈ ગયો. પહેલા મિત્રો સાથે એકલો રહેતા કાનો પત્ની રાધાને વધુ અભ્યાસ અર્થે અમદાવાદ લાવી અભ્યાસ ચાલુ રાખવાની ઈચ્છા ધરાવતો હોઈ કંપનીમાંથી લોન લઈ બે બેડરૂમનો ફ્લેટ લઈ લીધો.

કાનાની પત્ની રાધાને મૂકવા અને કાનાનું ઘર ''સેટ'' કરવા સાથે આવેલા માતા-પિતા પણ અમદાવાદ આવ્યા. અમદાવાદ આવતા પહેલા પીયર આવેલ રાધાએ એકઠી થયેલી સખીઓને પરખાવ્યું, ''તમે બધીઓ મારી મશ્કરી કરી ચીડવતી હતી. પણ જોયું, રાધા કદી કાના સિવાય બીજાની થઈ શકે? એટલે જ તો સૌ રાધાકૃષ્ણ કે રાધે કૃષ્ણ સાથે જ બોલે છે ને?'' સૌ સખીઓએ હર્ષના આંસુ સાથે રાધાને વિદાય આપી.

અમદાવાદ રાધાને મૂકવા આવેલા માતા-પિતાએ કાનાના શેઠ અમૃતલાલ શેઠને જેમના શરીરમાં વીરમનું હૃદય ધબકતું હતું તેમને મળવાની ઈચ્છા વ્યક્ત કરી. કાનાએ શેઠના પુત્રો ડાયરેક્ટરોને વિનંતી કરી, જે સૌએ સહર્ષ વધાવી લીધી. શેઠના બંગલે નિર્ધારીત સમયે કાનો કુટુંબ સાથે પહોંચી ગયો. રજાનો દિવસ હોઈ શેઠ અમૃતલાલે ડૉ. શાહને પણ આમંત્રિત કર્યા હતા. ડૉ. શાહ દંપતી પણ હાજર હતા. શેઠના કુટુંબના સૌ સભ્યો પણ હાજર હતા. શેઠ વિશાળ દિવાનખાનામાં ઊંચી પાટ ઉપર એમના શ્રીમતી સાથે બિરાજમાન હતા. લગભગ બે વરસ થઈ ગયા હતા એમના શરીરમાં, વીરમનું હૃદય બેસાડ્યે. હવે બધી રીતે સ્વસ્થ હતા. રોજિંદી પ્રવૃત્તિઓ વિના તકલીફે કરતા હતા. કોઈ કોઈવાર ઓફિસ કે ફેક્ટરીમાં પણ ચક્કર મારી ધંધા સાથે સ્ટાફની સાથે પહેલાની જેમ જ આત્મિયતા જાળવી રાખતા હતા. કાનાનો પરિવાર શેઠની શ્રીમંતતાની સાથે સાલસ સ્વભાવના પરિવારજનોના સરળ અને દંભરહિત વ્યવહારથી ખુશી સાથે કાનો આવા શેઠને ત્યાં કામગીરી બજાવે છે તે જાણીને આનંદ અને અહોભાવની લાગણી અનુભવી રહ્યો હતો. ડૉ. શાહે, સૌને કાનાની અંગદાન વિશેની ઝુંબેશમાં સક્રિય ભાગ લેનાર તરીકે બિરદાવીને કાનાની પ્રવૃત્તિ વિશે માહિતગાર કર્યા.

આ પ્રસંગે અમૃતલાલ શેઠે કાનાને બોલાવી વડીલ તરીકે આશિર્વાદ આપીને કહ્યું, "હું તારા માતા-પિતાનો ખૂબ ખૂબ આભારી છું જેમણે તારા થકી મને નવજીવન બક્ષીને મારા ઉપર ન ચૂકવી શકાય તેવું ઋણ અદા કર્યું છે. જેની કોઈ કિંમત ન હોઈ શકે. છતાં એમની કોઈપણ ઈચ્છા હોય, તો હું અને મારું કુટુંબ જરૂર પૂરું કરીશું."

અમૃતલાલ શેઠનો આશય આર્થિક સહાય માટે જરા પણ નહોતો પરંતુ વીરમની કાયમી યાદગીરી માટે એના મા-બાપની કોઈ ઈચ્છા હોય તો એ પૂરી કરવાની શક્યતા તરફ નિર્દેશ હતો.

વાત સાંભળતા જ કાનાની મા શાંતાબાઈ ડુસ્કે ડુસ્કે રડી પડ્યા. કાનાના પિતા માવજીભાઈએ છાના રાખી પૂછ્યું, "કેમ રડી પડ્યા? શું થયું?"

શાંતાબાઈએ શેઠ અને તેમના કુટુંબ તરફ હાથ જોડીને કહ્યું, "શેઠ, અમારી કોઈ જ ઈચ્છા નથી કે કાંઈ જ જોઈતું નથી. બસ મારી એક નાનકડી વિનંતી છે જો આપ સ્વીકારો અને પૂરી કરો તો!"

"બોલો, બોલો બહેન! વિના સંકોચે જણાવો."

હાથ જોડીને પગે લાગતા શાંતાબાઈ બોલ્યા, 'મારે તો મારા દીકરાના હૃદય ઉપર, શેઠની છાતી ઉપર એકવાર હાથ ફેરવવો છે અને શેઠના દુખણા લઈને એમના લાંબા આયુષ્ય માટે ભગવાનને પ્રાર્થના કરવી છે કે મારો દીકરો હજી જીવે છે અને શેઠરૂપે લાંબા સમય સુધી સાજો નરવો રહે એ જ મારી ઈચ્છા છે."

બસ સાંભળતા જ સૌની આંખો, એક મા ની ભાવના અને લાગણીની પ્રતીતિ અનુભવી, આંસુથી ભરાઈ ગઈ. ડૉ. શાહે શાંતાબાઈને લઈ જઈને એમનો હાથ પકડી શેઠની છાતી ઉપર, હૃદય ઉપર ફેરવ્યો અને પછી શાંતાબાઈએ શેઠના દુખણા લઈ, હાથ જોડી ભગવાનના ફોટા સામે આંખો મીંચીને પ્રાર્થના પૂરી કરી ત્યારે સૌએ આંખમાં આંસુ સાથે, તાળીઓ પાડીને એમનું અભિવાદન કર્યું.

*૧૨, ઘરઆંગણ એપાર્ટમેન્ટ,*
*વિજય ચાર રસ્તા પાસે,*
*નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.*
*મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬*



*અંગદાન માટેની સંસ્થા ના બંધારણને ફાઈનલ સ્વરૂપ આપતા (સામે ડાબી બાજુથી) ડૉ. ધીરેન શાહ, શ્રી હિમાંશુભાઈ ઠક્કર, શ્રી હરસુખભાઈ પટેલ, શ્રી ભગવાનભાઈ પટેલ, શ્રી અશોક મહેતા વગેરે.*

## આત્મવિશ્વાસ

અમેરિકાના પ્રમુખ અબ્રાહમ લિંકનને જીવનમાં ડગલે ને પગલે નિષ્ફળતા મળી હતી, પરંતુ એમણે એ નિષ્ફળતાને સફળતા માટેની સીડી બનાવી દીધી. ક્યારેક આશ્ચર્ય પણ થાય કે એક વ્યક્તિએ આટઆટલી નિષ્ફળતા કઈ રીતે પચાવી હશે?

એ સમયે અમેરિકાના આંતરવિગ્રહને કારણે અબ્રાહમ લિંકનને ઠેર ઠેરથી વિરોધનો સામનો કરવો પડ્યો. એમના પર આરોપોની સતત ઝડી વરસતી રહી અને કેટલાક ઈર્ષાળુઓએ અને કેટલાક સંકુચિત માનસ ધરાવતા લોકોએ તો અબ્રાહમ લિંકન પર આક્ષેપોની ઝડી વરસાવી દીધી. વળી કેટલાક આક્ષેપો તો પ્રમુખની તમામ મર્યાદાને બાજુએ મૂકીને વિરોધીઓએ કર્યા હતા. અબ્રાહમ લિંકન આ આક્ષેપો વાંચતો ખરો, પણ જવાબ આપતો નહીં. એને આત્મવિશ્વાસ હતો કે પોતે જે કામ કરે છે તે યોગ્ય છે. બીજા ભલે આક્ષેપોથી નિંદા કરે, પણ તેમાં કંઈ માલ નથી.

અબ્રાહમ લિંકન કહેતાં, "મારા પર થયેલાં આરોપોને સમજ્યા પછી જો મેં તે બધાનો જવાબ વાળ્યો હોત તો મારી આ 'દુકાન' બીજા વ્યવસાયોની જેમ બંધ થઈ જાત. એટલું જ માનતો હતો કે હું જે કરીશ તે શ્રેષ્ઠ જ કરીશ. – મારી સમજ પ્રમાણે શ્રેષ્ઠ જ કરતો રહીશ. જો મારા અંત સમયે હું તેમાંથી પાર ઉતરીશ તો મારી વિરુધ્ધ જે કહેવાય છે, તેની હું દરકાર નથી કરતો અને મારો અંત મને ખોટો ઠેરવશે, તો દસેય દિશાઓમાંથી હું સાચો હોઈશ તો પણ મને ફેર પડવાનો નથી. આ વાત જ્યારે ખોટી ખોટી અન્યાયી ટીકાઓનો સામનો કરું છું, ત્યારે યાદ આવે છે."

અબ્રાહમ લિંકનનાં આ વચનો બીજા વિશ્વયુધ્ધ સમયે જોન મેકઆર્થરે તેમના હેડ ક્વાર્ટરના ડેસ્ક ઉપર લટકાવીને રાખ્યા હતા અને વિન્સેન્ટ ચર્ચિલે ચૅટવેલમાં આવેલા એમના અભ્યાસખંડમાં એની નકલ મઢાવીને દીવાલ પર રાખી હતી.

*સૌજન્ય : "ગુજરાત સમાચાર"*

## સેલ્ફી (Selfie) રાણક, રા'ખેંગાર અને સિદ્ધરાજ : પ્રણય ત્રિકોણનો કરુણ અંત

હજાર વર્ષ પહેલાનું ગુજરાત. પાટણમાં ત્યારે સિદ્ધરાજ જયસિંહ ગાદી પર હતાં, તો જૂનાગઢમાં રા'ખેંગાર (બીજા) નું શાસન હતું. રા'ખેંગાર અને રાણક વચ્ચે પ્રેમ. પણ રાણકની સગાઈ સિદ્ધરાજ સાથે થઈ હતી. પાટણપતિને પડતાં મૂકીને રાણકદેવીએ પોતાના પ્રેમી રા'ખેંગાર સાથે જ લગ્ન કરી લીધા હતા. રાણક હાથમાંથી ગઈ એટલે જયસિંહના ક્રોધનો પાર ન રહ્યો. પાટણની સેનાએ જૂનાગઢ તરફ કૂચ કરી. ખેંગારને કોઈનો ડર ન હતો, કેમ કે તેની સાથે તેનો પ્રેમ હતો.

પાટણની સેનાએ જૂનાગઢના લોખંડી કિલ્લા ઉપરકોટની બહાર પડાવ નાખ્યો અને અંદર પહોંચવાના રસ્તા શોધવા લાગ્યા. પરંતુ ૧૨ વર્ષ સુધી પાટણપતિને જૂનાગઢના રા'એ મચક આપી નહીં. આખરે જૂનાગઢ રાજના જ બે અંગત માણસો દેશળ અને વિશળે દગો કરીને સિદ્ધરાજ સોલંકીની સેનાને જૂનાગઢમાં પ્રવેશવાનો ગુપ્ત માર્ગ બતાવી દીધો. સોલંકીનું કટક આવ્યું, જંગ ખેલાયો અને ખેંગાર મરાયો. એ પછી એકલી પડેલી રાણકને લગ્ન કરી લેવા સિદ્ધરાજે સમજાવી પરંતુ રાણક તૈયાર ન થઈ. સિદ્ધરાજ કંઈ કરે એ પહેલા જ રાણક ભાગી નીકળી. ખેંગાર વગરની દુનિયા રાણક માટે વ્યર્થ હતી. વઢવાણના પાદરમાં વહેતી ભોગાવોના કાંઠે જ રાણક સતી થઈ. સતી થતાં પહેલા કદાચ રાણક મનોમન બોલી હશે પણ ખરી. રાણક આ ભવમાં તો રા'ની જ છે અને રા'ની જ રહેશે.

**એ રાણક અને ખેંગારના લગ્ન થયા હતા એ માંડવો આજે પણ ઉપરકોટમાં મોજૂદ છે.** પાછળથી જૂનાગઢની ગાદીએ આવેલા મુસ્લિમ શાસકોએ એ જગ્યાને મસ્જિદમાં ફેરવી નાખી હતી. પણ રાણક મહેલની બારી જોઈને આજેય લાગે કે નક્કી અહીં ઉભી રહીને જૂનાગઢની રાણી તેના રા'ની રાહ જોતી હશે.

જૂનાગઢના જોવા લાયક સ્થળોમાં ઉપરકોટનો સમાવેશ થાય છે. ઉપરકોટમાં પ્રવેશતાં શરૂઆતમાં જ રાણકનો મહેલ અને માંડવો જોવા મળે છે. ■

## સ્કૂલ, બાળક, ઘડતર અને ફી?

**(અનુસંધાન : પાના નં.-૧૪ ઉપરથી ચાલુ)**

મા-બાપે પોતાનો આગ્રહ છોડવો પડે, શાળાઓની પસંદગીની સાથે દરેક સ્કૂલોમાં વાલીમંડળ સ્થાપી, રાજ્ય કક્ષાએ પણ આવું એક વાલીમંડળ બને જે સરકાર, સિસ્ટમ, સંચાલકો અને શાળા સાથે સંયોજન કરી કોમન ફી, અભ્યાસક્રમ, ટ્યુશન પ્રથા જેવી બાબતે 'હલ્લાબોલ' નીતિ ઘડી જરૂર પડ્યે સંચાલકો કે સરકારને બાનમાં લેવા સુધીની કાર્યવાહી કરી શકે તે પ્રકારે નિષ્પક્ષ લોકોને આ વાલીમંડળમાં સમાવવા પડે. જેથી મજબૂતાઇભરી રજૂઆત કરી શકે. બાકી હવે જો પ્રજા, વાલીઓ, શિક્ષણવિદો, જાગૃત નહીં થાય તો આગામી સમયમાં સામાન્ય વર્ગ, ગ્રામીણ પ્રજા અને દલિત સમાજ કે આર્થિક પછાત લોકોના દીકરા - દીકરીઓ માટે ભણતર એ સ્વપ્ન બની જશે. સરકાર આર.ટી.ઈ. જેવા ગમે તેવા કાયદા બનાવે, આ સંચાલકો તેનાયે બાપ છે. તેમની પાસે બધા જ રસ્તા અને વગ છે. કોઈ કાયદો તેમને નુકસાન કરી શકે તેમ નથી. **અંગ્રેજી માધ્યમ અને મોંઘીદાટ શાળાનો આગ્રહ છોડવો તે પ્રજાના ફાળે આવે છે.** આપણે કેટલાક મોહ છોડીએ તો અતિરેકના આતંકથી બચી શકીએ.

*ઇ-૧૦૩, સહજાનંદ રેસિડેન્સી,*
*હેલ્મેટ સર્કલ પાસે,*
*મેમનગર, અમદાવાદ.*
*મો. ૯૭૨૩૩ ૩૬૪૮૨*

*__નોંધ__ : ખાનગી સ્કૂલોની બેફામ ફી વસૂલી પર અંકુશ મૂકતું વિધેયક તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં પસાર કરવામાં આવ્યું છે. આ કારણે ખાનગી શાળાઓ હવેથી સરકારે નિયત કરેલી ફી જ વસૂલી શકશે. પ્રાથમિક ખાનગી શાળામાં વાર્ષિક મહત્તમ રૂા. ૧૫૦૦૦/-, માધ્યમિક શાળામાં રૂા. ૨૫,૦૦૦/- અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં રૂા. ૨૭,૦૦૦/-ની ફીનું ધોરણ નક્કી કરાયું છે. જેનો અમલ જૂન-૨૦૧૭ના નવા શૈક્ષણિક સત્રથી કરાશે. જે કિસ્સામાં વધુ ફી લીધેલી હોય તેવા શાળાએ ફી નિર્ધારણ સમિતિના રિવ્યૂ બાદ વધારાની ફી આગામી સત્રની ફી માં સરભર કરી આપવાની રહેશે.*

*આ જાહેરાતનો અમલ યોગ્ય સ્વરૂપમાં થાય તે માટે તેમજ લેખમાં જણાવેલ મુદ્દાઓ અંગે ઉપરોક્ત લેખના તજજ્ઞ લેખકશ્રીએ સૂચવ્યું છે તે મુજબ આજના માહોલમાં દરેક સ્કૂલમાં વાલીમંડળ તેમજ રાજ્ય કક્ષાએ આવા એક મહામંડળની રચના કરવાનું અનિવાર્ય છે. જે સરકાર, રાજ્ય પધ્ધતિ, સંચાલકો અને સંસ્થાઓ સાથે સંયોજન કરી જરૂરી કાર્યવાહી કરી શકે. તજજ્ઞ લેખકશ્રીએ જણાવ્યું છે તે મુજબ, આમ પ્રજાએ તથા વાલી મંડળોએ ઉપરોક્ત વિગત સંબંધી જાગૃતતા આણવાની અતિ આવશ્યકતા છે.*

*– તંત્રી મંડળ*

ધર્મદર્શન

# રામ નવમીએ શ્રી રામનો પરિચય કરીએ

*બુધવાર, તા. ૫-૪-૨૦૧૭ના રોજ રામનવમી ધામધૂમથી ઉજવાઈ. આ પ્રસંગે 'કચ્છશ્રુતિ'ના વાચક વર્ગ માટે શ્રી રામનો પરિચય તથા રામાયણ પ્રશ્નોત્તરી અત્રે પ્રસ્તુત કરેલ છે કે જે વાચકોને ગમશે.* *– તંત્રી મંડળ*

| | બાબત | વિગત |
|---|---|---|
| ૧. | નામ | શ્રી રામચંદ્ર દશરથજી |
| ૨. | માતા-પિતા | સુ.શ્રી. કૌશલ્યાજી અને શ્રી દશરથજી |
| ૩. | જન્મ સ્થળ | અવધ (અયોધ્યા) ઉત્તર પ્રદેશ, આર્યાવર્ત (ભારત) |
| ૪. | જન્મ સમય | ચૈત્ર સુદ નોમ. શુક્લ પક્ષ, કર્ક લગ્ન, બપોરના ૧૨.૦૦ કલાકે |
| ૫. | ભાઈઓ | ભરત, લક્ષ્મણ, શધુઘ્ન |
| ૬. | બહેન-બનેવી | શાંતા - ઋષ્યશૃંગ મુનિ |
| ૭. | સાસુ-સસરા | સુ.શ્રી. સુનયના, શ્રી જનક રાજા |
| ૮. | ધર્મપત્ની | સુ.શ્રી. જનકતનયા વૈદેહી સીતાજી |
| ૯. | પુત્રો | લવ, કુશ |
| ૧૦. | વંશ-કુળ-ગોત્ર | રઘુવંશ - ઈક્ષ્વાકુકુળ, કશ્યપ ગોત્ર |
| ૧૧. | ગુરુ | વશિષ્ઠ, વિશ્વામિત્ર |
| ૧૨. | ઈષ્ટ દેવતા | શિવજી |
| ૧૩. | પ્રિય મંત્ર | ગાયત્રી મંત્ર |
| ૧૪. | પ્રિય ભક્ત | શ્રી હનુમાનજી, શબરી |
| ૧૫. | પ્રિય સહાયક | સુગ્રીવ, ગુહ કેવટ, નલ, નીલ, જાંબવાન, જટાયુ, અંગદ, સંપતિ |
| ૧૬. | શરણાગત | વિભિષણ - રાજ્યાભિષેક એક અપૂર્વ અદ્વિતીય ઘટના |
| ૧૭. | ધનુષ્ય | વૈષ્ણવી અને કોદંડ |
| ૧૮. | તલવાર | નંદન |
| ૧૯. | ગદા | મોદકી, શિખરી |
| ૨૦. | બાણ | બ્રહ્મદત્ત, ભાથામાંથી છૂટી લક્ષ પૂરું કર્યા પછી જ પરત ફરે. |
| ૨૧. | લાક્ષણિકતા | આજાનબાહુ - અભય - ક્ષમા - ધીરજ - પવિત્રતા - એકપત્ની વ્રત |
| ૨૨. | કર્તવ્ય | આજ્ઞાપાલન, કર્તવ્યપાલન, વચનપાલન, ધર્મપાલન. |
| ૨૩. | સદ્‌ગુણ | આદર્શ રામરાજ્ય |
| ૨૪. | વિશેષ ગુણ | માતૃપ્રેમ, પિતૃપ્રેમ, ભ્રાતૃપ્રેમ, પત્નીપ્રેમ, રાજ્ય પ્રેમ |
| ૨૫. | સંબોધન | સીતાજી દ્વારા પ્રિય સંબોધન : આર્યપુત્ર - કરુણાનિધાન |
| ૨૬. | ઋષિ દર્શન | વશિષ્ઠ, વિશ્વામિત્ર, વાલ્મીકિ, માતંગ, અત્રિ, અગસ્ત્ય, ભારદ્વાજ |
| ૨૭. | નદી દર્શન | સરયુ, તમસા, ગંગા, ગોદાવરી, ગોમતી, મંદાકિની, વેદશ્રુતિ વગેરે. |
| ૨૮. | પર્વત-સરોવર | ચિત્રકુટ, મૈનાક, ત્રિકૂટ, પંપા સરોવર |
| ૨૯. | વધ | તાડકા, મારીચ, વાલી, ઈન્દ્રજિત, ખર, દૂષણ, કુંભકર્ણ, રાવણ |
| ૩૦. | આપત્તિ | ચૌદ વરસનો વનવાસ, સોનાનો મૃગ, સીતાહરણ |
| ૩૧. | અવતાર | વિષ્ણુ ભગવાનનો સાતમો અવતાર. |
| ૩૨. | મુદ્રાલેખ | શ્રીકૃષ્ણ માટે પ્રેમ સત્ય છે. શ્રી રામ માટે સત્ય એ પ્રેમ છે. |
| ૩૩. | મોક્ષ - મુક્તિ | સરયુમાં સમાધિ લઈ દેહત્યાગ. |

# રામાયણ પ્રશ્નોત્તરી

૧. ‘રઘુપતિ રાઘવ રાજારામ, પતિત પાવન સીતારામ’ – આ ધૂન કોણે બનાવી?
૨. વાલ્મિકી ઋષિ કોના પુત્ર હતા?
૩. શ્રી રામના બહેન અને બનેવીનું નામ જણાવો.
૪. એવો કયો ગ્રંથ છે જેમાં ‘રામ’ શબ્દ ૨૫૩૩ વાર આવે છે?
૫. શ્રવણના માતા-પિતાનું નામ કહો.
૬. અનુષ્ઠાન એટલે શું?
૭. શ્રી રામ ભગવાનના ઈષ્ટદેવતા કોણ હતા?
૮. કૈકેયીએ કયા યુધ્ધમાં દશરથ રાજાને ખૂબ મદદ કરી બે વરદાન મેળવ્યા હતા?
૯. શબરીનું ખરું મૂળ નામ શું હતું?
૧૦. પંચાયતનમાં કોનો કોનો સમાવેશ થાય છે?
૧૧. પંચવટીમાં કયા કયા મુખ્ય વૃક્ષો હતા?
૧૨. સુંદરકાંડમાં રામ, હનુમાન અને સુંદર શબ્દ કેટલી વખત આવે છે?
૧૩. બનાવટી સોનાનો મૃગ બનનાર મારીચના માતા-પિતાનું નામ જણાવો.
૧૪. લંકા નગરીની અધિષ્ઠાત્રી દેવી કોણ હતી?
૧૫. મંદોદરી કોની પુત્રી હતા?
૧૬. રામચરિત માનસની રચના સંત તુલસીદાસે કઈ ભાષામાં કરી છે?
૧૭. મૃત સંજીવની ઔષધિ માટે હનુમાનજી કયો પર્વત ઊંચકી લાવ્યા હતા?
૧૮. સીતાજીનું પૂર્વ જન્મનું નામ જણાવો.
૧૯. રામચરિત માનસની સૌથી વધુ પ્રસિદ્ધ ચોપાઈ કઈ?
૨૦. ભરત અને શત્રુઘ્નની પત્નીઓના નામ કહો.
૨૧. વેદોમાં રામ અને સીતાનો શું અર્થ થાય છે?
૨૨. સૌપ્રથમ રામાયણની કથા કોણે સાંભળી?
૨૩. સુગ્રીવ અને વાલીના પિતાનું નામ જણાવો.
૨૪. ગુફામાં વાલીને કયા રાક્ષસ સાથે યુધ્ધ થયું હતું?
૨૫. લંકાનગરી કયા પર્વત ઉપર વસાવવામાં આવી હતી?
૨૬. શ્રી હનુમાનજીના પુત્રનું નામ જણાવો.
૨૭. સંત તુલસીદાસના રામચરિત માનસની કુલ ચોપાઈઓ કેટલી છે?
૨૮. રામાયણમાં શ્રીરામચંદ્ર ભગવાનનું મૃત્યુ કઈ રીતે થાય છે?
૨૯. અશોક વાટીકામાં સીતાજીની દેખરેખ કઈ રાક્ષસી કરતી હતી?
૩૦. રાવણનાં માતા-પિતા કોણ હતા?
૩૧. ભરત અને શત્રુઘ્ન મોસાળમાં ગયા હતા એ મામાનું નામ જણાવો.
૩૨. વાલ્મીકિ રામાયણના શ્લોકોની સંખ્યા કેટલી છે?
૩૩. સીતાજીના માતાનું નામ જણાવો.
૩૪. સ્વયંવરમાં જે ધનુષભંગ થયો તે ધનુષનું નામ જણાવો.
૩૫. વાલ્મીકિ રામાયણના સૌપ્રથમ શ્લોકનો સૌ પ્રથમ શબ્દ કયો છે?

*(“રામાયણ પ્રશ્નોત્તરી”ના જવાબો આ જ અંકમાં અન્યત્ર આપેલા છે.)*

## ટીવીની ડિશ એન્ટેના કેવી રીતે કામ કરે છે?

ટીવી કેન્દ્રના ટાવરમાંથી કે સેટેલાઈટમાંથી ટીવી પ્રસારણ જુદી જુદી ચેનલોના વિવિધ પ્રકારના સિગ્નલો માઇક્રોવેવ રૂપે વાતાવરણમાં પ્રસારિત થતા હોય છે પરંતુ મકાનના ધાબા ઉપર રહેલી ડિશ એન્ટેના તેમાંથી જરૂરી સિગ્નલો જ મેળવીને ટીવી પર રજૂ કરે છે. ટીવી ઉપર આપણે ઇચ્છિત ચેનલ જોઈ શકીએ છીએ.

એન્ટેના એટલે વાતાવરણમાંથી રેડિયો કે અન્ય મોજા ગ્રહણ કરતું સાધન. એન્ટેના એલ્યુમિનિયમની બે કે ત્રણ પટ્ટીઓ જોડીને બનાવાય છે. એન્ટેના ઘણા પ્રકારના હોય છે. આધુનિક ડિશ એન્ટેના એક વાડકા જેવી ગોળાકાર ડિશ છે. આ ડિશ એલ્યુમિનિયમ, સ્ટીલ કે ફાઈબરની બનેલી હોય છે. તેની મધ્યમાં ધાતુની કે પ્લાસ્ટિકની બનેલી લાકડી હોય છે. લાકડીના છેડે સિગ્નલ ગ્રહણ કરતું યંત્ર હોય છે તેને બ્લોક કન્વર્ટર કહે છે. ડિશનો આકાર અંતર્ગોળ અરીસા જેવો હોય છે. તેમાં અથડાતા સિગ્નલો પરાવર્તિત થઇ મધ્યમાં કેન્દ્રિત થાય છે અને બ્લોક કન્વર્ટરને મળે છે. એકઠા થયેલા સિગ્નલો વધુ શક્તિશાળી થઈને કન્વર્ટરને મળે છે. કન્વર્ટર તેનું વીજપ્રવાહમાં રૂપાંતર કરીને ટીવી તરફ મોકલે છે. આમ, ડિશ એન્ટેનાનું કામ સૂક્ષ્મ માઇક્રોવેવને ઝીલીને તેને કેન્દ્રિત કરી કન્વર્ટરને આપવાનું છે. જુદી જુદી ચેનલો જુદા જુદા માપની તરંગ લંબાઈવાળા એન્ટેના બનાવે છે. જો કે ડિશનું સ્થાન અને દિશા યોગ્ય રીતે ગોઠવવા પડે છે.

લઘુકથા

# ચકલીનો માળો



નવીન ત્રિપાઠી 'અલ્પ'

ઓફિસેથી ઘેર આવીને મનહરલાલે લગ્નની આમંત્રણ પત્રિકા ટેબલ ઉપર મૂકી. પત્નીએ પાણીનો ગ્લાસ આપતાં કહ્યું, 'દરરોજ કોઈની ને કોઈની કંકોતરી લઈ આવો છો પણ હવે આપણી દીકરી માટે કંઈ વિચારો તો સારું!'

'વિચારો તો આપણે બંને ક્યાં નથી કરતા? ને પ્રયત્નોમાં પણ કંઈ ખામી રાખી છે ખરી? પણ તેને યોગ્ય ઠેકાણું તો મળવું જોઈએ ને!'

'વાત તો સાચી છે તમારી', પત્નીએ કહ્યું ને પછી ઉમેર્યું, 'તેને હવે પચ્ચીસમું પણ પૂરું થવા આવ્યું. તેની બધી બહેનપણીઓ પણ યોગ્ય ઠેકાણે ગોઠવાઈ ગઈ છે... હા પણ! તમે પેલી અંજારવાળી વાતની તપાસ કરી?'

'હા, તેની માહિતી આજે જ મળી. છોકરો માત્ર બારમું ધોરણ પાસ છે. ક્યાં આપણી ગ્રેજ્યુએટ, ને ક્યાં તે!'

'એ જ તો વાંધો છે ને! એક તો આપણી જ્ઞાતિ ટૂંકી ને છોકરાઓનું ભણતર પણ ઓછું... એટલે હવે તો એવું જ થવાનું... એટલે મારી વાત માનો તો હવે આપણે લગ્ન માહિતી કેન્દ્રમાંથી જીવનસાથી માટેની માહિતી મેળવવી જોઈએ. ત્યાંથી લાયક પાત્ર પણ મળી જાય!'

પત્નીની વાત તેમને સાચી જણાઇ. તેથી જીવન સાથી સંસ્થાનું ફોર્મ મંગાવીને કાળજીપૂર્વક ભરીને મોકલ્યું. ને થોડા સમય પછી પુસ્તિકામાં દીકરીનો ફોટો - પરિચય વગેરે છપાઈ પણ ગયા. તે જોઈને તેના માતા-પિતાને આશા બંધાઈ ને જાણે અડધી ચિંતા પણ ઓછી થઈ ગઈ.

આ પુસ્તિકમાંથી અન્ય લગ્નવાંચ્છુ યુવકોની માહિતી - ફોટોગ્રાફ તે જોતી ત્યારે મનોમન તે કલ્પના કરીને આશાના મીનારા પણ બાંધતી.

એક સવારે ફોનની ઘંટડી રણકી ને સામે છેડેથી નમસ્તે! જય જય! કેમ છો? વગેરે ઔપચારિકતા બાદ મૂળ વાત શરૂ થઈ. તો મનહરભાઈ! તમારી દીકરીની માહિતી અમે પુસ્તિકામાં વાંચી છે. મારા દીકરાની માહિતી પણ ક્રમ ૧૫ માં છે તે જોઈ જજો અને તમારી કુટુંબ વગેરેની માહિતી - જન્માક્ષર વગેરે મોકલી આપો તો કંઈક આગળ વિચારીએ... બરાબરને?

મનહરલાલે જન્માક્ષર સહિતની બધી માહિતી મોકલાવી. તેમની પત્નીએ કહ્યું, 'જોયું ને? હું નહોતી કહેતી કે આ પ્રમાણે કરીએ તો ક્યાંક ને ક્યાંક સારું ઠેકાણું મળી પણ જાય.'

ને થોડાં દિવસ પછી ટપાલમાં યુવકની માહિતી ફોટોગ્રાફ સાથે આવી પણ ગઈ. છોકરો દેખાવડો - ઉંમર પણ યોગ્ય, અભ્યાસ પણ સમકક્ષ, ઘરનું ઘર, કંપનીમાં સારા પગારે નોકરી. તેમણે જન્માક્ષર પણ મેળવી જોયા. ગુણાંક પણ યોગ્ય. તેમણે આ પાત્ર ગોઠવાઈ જાય તેવી પ્રાર્થના પણ કરી ને નક્કી કર્યું કે તે લોકોને મુલાકાત માટે અહીં બોલાવીએ.

તેમણે ટેલિફોનથી જણાવ્યું કે, તમે મોકલેલી માહિતી યોગ્ય જણાઇ છે. જન્માક્ષર પણ મળે છે માટે સહકુટુંબ અમારે ઘેર પધારો.

પ્રત્યુત્તરમાં... આમ તો રિવાજ પ્રમાણે અમારે ત્યાં આવવું જોઈએ, પણ અમારા પુત્રની નોકરી હજી નવીસવી છે, વળી રજાનો પ્રશ્ન ઉપસ્થિત થાય... તેથી તમે જ અમદાવાદ આવી જાવ... અમદાવાદમાં તમારા કોઈ સંબંધી હશે તો તમને ખાસ તકલીફ પણ નહીં પડે!

ને દીકરીના બાપથી કંઈ ના પાડી શકાય ખરી? સારો દિવસ જોઈને તેઓ દીકરી તથા પત્ની સાથે અમદાવાદ ગયા. આવકાર સારો મળ્યો, પણ જમવાનો સમય હોવા છતાં ચા-બિસ્કીટથી પતાવી દેવાયું. યુવક સાથે દીકરીની મુલાકાત પણ ગોઠવાઈ. વિદાય લેતી વખતે તેઓએ નિર્ણય જાણવાની કોશિશ કરી પણ... વિચારીને જવાબ આપવાની સામા પક્ષ તરફથી ધરપત મળી.

ઈંતેજારના બે અઠવાડિયા... જાણે બે યુગની પ્રતીક્ષા... અમદાવાદની ટપાલ આવી. દીકરીના ફોટો - જન્માક્ષર વગેરે પરત મળ્યા ને તે પણ એક લીટીના પ્રત્યુત્તર સાથે... **'અમારા દીકરાને નોકરી કરતી છોકરી પસંદ છે...** માટે દિલગીર છીએ.'

દીકરીને આ વાત કરવાની તેમની હિંમત ન ચાલી. તેમણે પોતાની પત્નીને પણ આ વાતની ચર્ચા કરવાની ના પાડી.

સમયની રેતી સરતી રહી ને તે સાથે આશા અને ઉંમર પણ જાણે હતાશ બનીને સરકતી રહી.

ફરી એક દિવસ સોનાનો સૂરજ ઊગ્યો! વડોદરાથી શિષ્ટ ભાષામાં આદર્શ કુટુંબની ભાવના - સલાહ સૂચન ને જન્માક્ષર - ફોટોગ્રાફ સાથેનો પત્ર મળ્યો ને વડોદરા રૂબરૂ પધારવાનું આમંત્રણ પણ મળ્યું.

તેમણે પત્નીને કહ્યું, 'આપણે બધા ત્યાં જઈએ તેના કરતાં હવે તો તે લોકોને જ અહીં બોલાવીએ તો? ગયે વખતે અમદાવાદ ગયા તો બે-ત્રણ હજારનું પાણી થયું ને ઉપરથી વળી ધરમધક્કો થયો!' તેથી તેઓએ વડોદરાવાળાને પોતાને ત્યાં આવવા માટે ભાવભર્યું નિમંત્રણ પાઠવ્યું. ને નિમંત્રણ સ્વીકારાયું પણ ખરું!

રેલવે સ્ટેશને યુવકને ન જોતાં તેમણે વિવેકપૂર્વક પૂછ્યું : 'ભાઈ ન આવ્યા?' જવાબમાં... 'ભાઈલો આવવાનો તો હતો જ, પણ છેક છેલ્લી ઘડીએ તેના મિત્રોએ પાવાગઢનો પ્રવાસ નક્કી કર્યો. આજકાલના છોકરા છે ને ભાઈ...!'

તેમણે હસીને કહ્યું, 'આજકાલના છોકરાઓની વાત જ ન પૂછો... ભાઈબંધો મળી જાય પછી બીજા કાર્યક્રમો ભલે અગત્યના હોય પણ રદ! તમે આવી ગયા તે સારું! ને... ફળિયામાં પગ મૂકતી વખતે બાપની લાચાર આંખોએ નોંધ લીધી કે અગાસીમાં ઊભેલી દીકરી આઘીપાછી થઈને ઘરમાં ચાલી ગઈ! ને ફરી પાછી એ જ વાતો... ચા-નાસ્તો જમવાનું. સાંજે શહેરમાં ફરવાનું. સૂડી-ચપ્પુ શાલને વખણાતાં વ્યંજનોની તો ખાસ ખરીદી કરી ભેટ તરીકે અપાઈ.

વિદાય લેતી વખતે ભઈલાનો અભિપ્રાય જરૂર જણાવીશું... એવો શુષ્ક પ્રત્યુત્તર!!

ફરી પાછું ઘરનું એ જ વાતાવરણ.. ટપાલ સમયે ટપાલની રાહ જોવી, બીજાનો ફોન હોય તો પણ ઘંટડી રણકે એટલે વડોદરાનો ફોન હશે તેવી ઉત્કંઠા! ઘરના બધા માટે જાણે આ નિત્યક્રમ થઈ રહ્યો! દીકરી માટે તો ખાસ.

ને એક દિવસ વડોદરાનો ફોન આવ્યો... દીકરીએ જ ફોન ઉપાડ્યો... ને પપ્પાને આપું.. કહીને પપ્પાને બોલાવ્યા ને તે પાસે જ ઊભી રહી.

ફોનમાં... અમને તમારું ઘર, સ્વભાવ, દીકરી વગેરે યોગ્ય લાગ્યા છે પણ.. ભઈલો હાલે ટ્રેનિંગ લેવા માટે વિદેશ જાય છે. તેથી હાલે તો તેની ઇચ્છા નથી. ને છોકરાનાં નિર્ણય પાસે આપણે તો લાચાર!

પપ્પાનું જી...જી...જી... હા... કરતું ઓશિયાળું મોઢું જોઈને દીકરી બોલી, 'પપ્પા! હું ક્યાં એટલી મોટી થઈ ગઈ છું કે તમે મારી આટલી ચિંતા કરો છો?'

ઓફિસમાં કામ કરતાં તેમના મિત્રો પણ તેમની આ વ્યથા સમજતા. એક મિત્રે કહ્યું, 'એક છોકરો મારી નજરમાં છે. તેમના કુટુંબ સાથે મારે થોડીઘણી ઓળખાણ પણ છે. કહો તો વાત આગળ ચલાવું?' તમારી જ્ઞાતિનો જ છે. એમ કહીને સામાન્ય માહિતી પણ આપી.

'તો... તો... તમારા જેવો કોઈ પણ નહીં! તમને યશ લખ્યો હશે...' ને યશ મેળવવા માટે મિત્રે મુલાકાત ગોઠવી પણ આપી. સમય સાંજનો ગોઠવાયો હોવા છતાં સવારથી જ મહેમાનોના સ્વાગત માટેની તૈયારી શરૂ થઈ ગઈ.

જમવા જેવો જ નાસ્તો... આઈસ્ક્રીમ, ચા-પાણી વગેરેની જોગવાઈ પણ થઈ ગઈ... તેઓ ઓફિસ ગયા. મિત્રને મળ્યા ને આજની મુલાકાતમાં યોગ્ય પરિણામ મળે તેવું વાતાવરણ સર્જવા માટે ભલામણ પણ કરી...

પેલા મિત્રે સહાનુભૂતિ બતાવી સલાહ સ્વરૂપે વાતવાતમાં કહ્યું : 'જુઓ વડીલ! આજે જમાનો એવો છે કે આપણે આપણાં ઘરને ગમે તેટલું ખાનદાન માનતા હોઈએ, આદર્શોને મહત્ત્વ આપતા હોઈએ છતાં મારા અનુભવ પ્રમાણે દીકરીના બાપે બાંધછોડ તો કરવી જ પડે! કંઈક મેળવવા માટે કંઈક તો ગુમાવવું પણ પડે!'

આજે જે કુટુંબ આપને ઘેર આવવાનું છે તે મારી દૃષ્ટિએ યોગ્ય જ છે... પણ છોકરાનાં બાપની સ્થિતિ હાલે શેરબજારના ચઢાવ-ઉતારને કારણે ડામાડોળ છે. એટલે સગાઈ વખતે થોડીક આર્થિક રકમની માંગણી મૂકે તો સ્વીકારી લેજો! ચાર-પાંચ લાખ તો સામાન્ય છે... સમજ્યા ને...!

તેમને મિત્ર સાથે આ બાબતે વધારે ચર્ચા કરવી યોગ્ય ન જણાઈ... આજની મુલાકાત બગાડીને દીકરીનું દિલ દુભાય તેવું કરવાની તેમની ઇચ્છા ન હતી.

સાંજે મહેમાનો આવવાના હતા. તેથી પૂર્વતૈયારી માટે ઓફિસેથી વહેલા ઘેર આવ્યા. દીકરી પાણી લાવી. પત્ની પણ આજે હોંશમાં હતી. તે બોલી : 'આજે એ લોકો આવશે ત્યારે છબી પાછળ ચકલીનો માળો ખરાબ લાગશે. મેં ચકલીને ઉડાડવાની ઘણી કોશિશ કરી... પણ આ ચીકલી ચીં... ચીં... કરીને માળો મૂકતી જ નથી! એક કામ કરો! હું સ્ટુલ લઈ આવું. આ માળો તમે દૂર કરશો એટલે ચકલી પોતાની મેળે ઊડીને ભાગી જશે!'

તેમણે ઝભ્ભાની બાંયથી આંખો લૂછતાં કહ્યું, 'ના... ના... ચકલીને ઉડાડવાની, ઘરમાંથી કાઢી મુકવાની કે માળો ફેંકી દેવાની જરાયે જરૂર નથી. ચકલી ભલે તેના માળામાં જ રહે! ને આજનું બહારનું વાતાવરણ પણ કેવું વરસાદી છે. રખે વાવાઝોડું ત્રાટકે તો ઘર વગરની બિચારી ચકલી ક્યાં જશે?'

ને પછી ઊડાઊડ કરતી ચકલી તરફ જોઈ બોલ્યા : 'ચકલી! તું માળો મૂકીને ક્યાંય ન જતી. તારી ઇચ્છા હોય ત્યાં સુધી તું તારા ઘરમાં જ રોકાજે હોં! તને કોઈ કાઢી નહીં મૂકે... હોં...ને!'

પછી માળામાંથી જમીન પર વેરાયેલાં ઘાસના તણખલા માળામાં પાછા મૂકવા માટે તેઓ એકઠા કરવા લાગ્યા.

ઘરના ટોડલા ઉપર બેઠેલી ચકલી આ બધું જોતી રહી...

ઊડતી રહી...

ઘડીક ઘરમાં, તો ઘડીક બહાર.

*ડી-૫, અરિહંત નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૭ ૬૫૬૬૨*

લઘુકથા

# ગભરામણ



નિખિલ એચ. ઠક્કર

તમે નહીં માનો પણ અમારા શ્રીમતીજીને ખરે વખતે ગભરામણ થઈ આવે. આમ તો બીજી પ્રસુતિ વખતે જ શ્રીમતીજીનો આત્મવિશ્વાસ ઘટ્યો અને થોડા વખત બાદ જ અચાનક ગભરામણ થવી શરૂ થઈ. ઘરમાં લાઈટ જાય તો ગભરામણ, બસમાં કે ટ્રેનમાં મુસાફરી કરતી હોય અને ગિર્દી વધી જાય તો ગભરામણ. અરે, તમે ખરેખર નહિ માનો, પણ અમારા શ્રીમતીજીના ફેવરિટ ફિલ્મ કલાકાર રાજકપૂરની ગ્રેટ ફિલ્મ ‘સંગમ’ જોવા જતી વખતે જ ગભરામણ થઈ ગયેલી! અમે બંને સરખી તકલીફમાં મૂકાઈ ગયેલા! વાત એમ બનેલી કે, ‘સંગમ’ ફિલ્મ જોવા અમે બંને અમારા શહેરના શાનદાર થિયેટરમાં ગયેલા. થિયેટરમાં તો ફિલ્મ શરૂ થાય એટલે અંધારું તો હોય જ! પણ રાજકપૂરની ફિલ્મ, એટલે જોવા માટે શ્રીમતીજી તૈયાર થયેલા! દરવાજા પાસે જ બાલ્કનીની ટિકિટ કઢાવેલી. પછી થયું એવું કે, ઈન્ટરવલની થોડી મિનિટ પહેલાં જ થિયેટરની લાઈટ ડુલ!! અંધારું ધબ્બ!! અને શ્રીમતીજીને ગભરામણ શરૂ!! શ્રીમતીજી તો મારો હાથ પકડીને દરવાજા પાસેની સીટ પરથી ઊભા થઈને થિયેટરની બહાર!! ઘરે જવા માટે જ!! બોલતા ગયા, “મા, રે, મારાથી નહીં બેસાય આવા...અંધારામાં!! પડતી મૂકો ફિલ્મને હમણાં” બોલો, લ્યો!! રાજકપૂરની ગ્રેટ ફિલ્મ ‘સંગમ’ બાજુમાં રહી ગઈને ગભરામણ જીતી ગઈ!! ફિલ્મ અમારે અડધેથી છોડવી પડી! અને તેમાંય વરસ્યો વરસાદ!! ગભરામણ તો વધી પડી!!

પણ, આ ગભરામણે અને શ્રીમતીજીની વહેવારુ બુદ્ધિએ અમને બચાવ્યા હતા. બન્યું એવું કે શ્રીમતીજીના મોટા બહેન રહે શહેર બહારના સોસાયટી વિસ્તારમાં! એમનું ઘર એક એપાર્ટમેન્ટના છઠ્ઠા માળે! શ્રીમતીજીના ભાણેજીના સગપણ થયા હતા અને અમે વધામણી દેવા ગયા એમની મોટી બહેનના ઘેર એપાર્ટમેન્ટના છઠ્ઠા માળે. જવા માટે લિફ્ટ! પાછી એ જ રામાયણ! ગભરામણની! લિફ્ટમાં ગભરામણ થશે તો?! એટલે શ્રીમતીજી એકલા છ એ છ દાદરા ચડીને મોટી બહેનને ઘેર પહોંચવા તૈયાર થયા. અમે બધા લિફ્ટમાં. બીજા માળે લિફ્ટ પહોંચી ને અમારી સાથે એક અટકચાળી છોકરીએ ચાલુ લિફ્ટે સ્વીચ બંધ કરી! લિફ્ટ બીજા અને ત્રીજા માળ વચ્ચે જ ફસાઈ ગઈ! હવે શું?! ત્યાં અમારા શ્રીમતીજી દાદર ચડીને આવતા હતા. તેમણે જોયું. પોતાની ત્વરીત બુદ્ધિનો ઉપયોગ કરી, તેમણે તરત જ લિફ્ટનો દરવાજો જોરથી ખખડાવી નાખ્યો!! અને લિફ્ટ સડસડાટ કરતી ઉપર છઠ્ઠા માળે!! શ્રીમતીજી પણ પછી મોટીબહેનના ઘેર છઠ્ઠા માળે પહોંચી આવ્યા. જે ગભરામણના કારણે દાદર ચડીને આવ્યા એ ગભરામણે જ આજે ફસાઈ ગયેલી લિફ્ટને સડસડાટ કરતી છઠ્ઠા માળે પહોંચાડીને અમને બધાને બચાવ્યા! વધામણી દેવા આવેલા બધાએ અમારા શ્રીમતીજીની ત્વરીત બુદ્ધિને વખાણી અને સાથે સાથે ગભરામણને પણ વખાણી!! લ્યો, કરો વાત!! અને પછી બધાજ હર્ષોલ્લાસથી બોલી ઊઠ્યા, “અમારા ગીતુ માસીની જય!”

*એન-૧૪, ‘શ્રી હરિ’ મારૂતિ પ્લોટ્સ,*
*સંસ્કાર નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

સાંપ્રત પ્રશ્ન

# સાંપ્રત વિચાર મંચ

• સંકલન : હસમુખભાઈ મહેતા •

“સાંપ્રત વિચાર મંચ” અંતર્ગત છેલ્લે **“ઓછા ખર્ચે વધુ સારા લગ્ન કઇ રીતે થઇ શકે?”** – એ પ્રકારનો એક વિષય આપવામાં આવ્યો હતો. તે વિષય અન્વયે આવેલા લેખો માટે સર્વે લેખકશ્રીઓનો ખૂબ ખૂબ આભાર. પ્રાપ્ત થયેલા લેખો પૈકી શ્રેષ્ઠ લેખોની યાદી હવે પછીના અંકમાં જાહેર કરવામાં આવશે. તેમજ ઇનામપાત્ર લેખ પણ તે અંકમાં પ્રસિદ્ધ થશે.

આ વિભાગમાં અપાતા વિવિધ વિષયો પર વાચકવર્ગને પોતાના વિચારો લખી મોકલાવવા જાહેર આમંત્રણ છે.

# પ્રતિભાવ

## 'કચ્છશ્રુતિ'ના અંકોમાં સમૃધ્ધ લેખો અને અન્ય સામગ્રી

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના મુખપત્ર 'કચ્છશ્રુતિ'ના અંકો ખૂબ જ સારી રીતે પ્રિન્ટ થયેલા તથા જુદા જુદા વિષયોને આવરી લેતા સમૃધ્ધ લેખોથી ભરપૂર હોય છે. તે સિવાય, તમામ લેખન સામગ્રી, કાવ્યો અને રસિક ટુચકા ઉપરાંત સુવાક્યો પણ સુંદર હોય છે. જે વાચકવર્ગ તથા સમાજ માટે પ્રેરક હોય છે. **કચ્છ સંબંધી વિગત, લેખ તથા સમાચાર વિભાગથી આપ સૌ કચ્છથી બિલકુલ નજદીક રહીને કચ્છના ખરા અર્થમાં હિતેચ્છુ તરીકે સ્થાપિત થયા છો.** આ દરેક માટે આપના સમાજ તથા મેગેઝિનના તંત્રી મંડળને ખૂબ ખૂબ અભિનંદન.

*ચંદ્રવદન ધોળકિયા - ભુજ, કચ્છ*
*મો. ૯૪૨૮૭ ૬૯૨૮૭*

★

## 'કચ્છશ્રુતિ' માસ માર્ચ-૨૦૧૭ પ્રતિભાવ

'કચ્છશ્રુતિ' માસ માર્ચ-૨૦૧૭ના મુખપૃષ્ઠ પર ઇસરોના વૈજ્ઞાનિક અને રાષ્ટ્ર માટે ગૌરવપ્રદ દૃશ્ય ઘણું જ સુંદર છે. દેશની આન-બાન-શાન સમા ઇસરો અને દેશ પ્રેરણા આપતા ઇસરોના આઠ નારીરત્નો – આ બંને લેખ વાંચનમાં ઘણા જ જાણવાલાયક છે. ઉપરાંત ભારતે ૧૦૪ ઉપગ્રહોને ભ્રમણકક્ષામાં તરતા મૂક્યા એ ભારત માટે ગૌરવ કહેવાય. તેનો શ્રેય દેશના વૈજ્ઞાનિકોને જાય છે. આ માટે ઇસરોની સમગ્ર ટીમને સલામ કરવી જોઈએ તેમ જ ધન્યવાદ આપવા જોઈએ.

'મુંજી માતૃભૂમિ કે નમન' કારાણીને કોટી કોટી નમન તથા 'કચ્છ એક જીવંત મ્યુઝિયમ' લેખમાં કચ્છનું સાહિત્ય ભર્યું છે. આ બંને લેખ વાંચનમાં ઉત્તમ છે.

કચ્છશ્રુતિ માસિકના તંત્રીશ્રી અને વિદ્વાન લેખક શ્રી અશોકભાઈ મહેતાનો નર્મદા નદીના વધારાના પાણી યોજના માટેનો લેખ ઘણો જ ઉત્તમ છે. સિંધુ નદીના પાણી કચ્છના રણમાં થઈને ખંભાતના અખાતમાં મળતા હતા. ૧૮૧૭ના ધરતીકંપને કારણે તેનું પાણી કચ્છમાં આવતું બંધ થયું. હવે નર્મદા નદીના પાણીથી ગુજરાતની સુખાકારીની વાતો થઈ છે. **અત્યારે રૂા. ૧૩,૦૦૦ કરોડની યોજના સામે માત્ર રૂા. ૭૬ કરોડ ફાળવવામાં આવ્યા છે એથી કચ્છ પ્રદેશ સ્તબ્ધ થઈ ગયો છે.** પાણી માટે લાચારી ભોગવવી પડે છે. આ માટે કચ્છના પ્રતિનિધિઓએ આ અત્યાચાર સામે અવાજ ઉઠાવવો જોઈએ તેમજ કચ્છ પ્રદેશના લોકોએ પણ પ્રતિનિધિઓની સાથે મળી સંપ - સહકારથી પાણીના પ્રશ્નનો ત્વરિત ઉકેલ લાવવાના પ્રયત્ન કરવા જોઈએ. 'કચ્છશ્રુતિ' ઘણી જ પ્રગતિ કરતું જાય છે. એનાથી આનંદ થાય છે.

*મહાભાઈ આર. વોરા - ભુજ, કચ્છ*

★

## 'કચ્છશ્રુતિ'ની ટીમને દિલથી શુભેચ્છાઓ....

અશોકભાઈ મહેતાનો નર્મદાના નદીના વધારાની પાણીની યોજના માટે વર્ષ ૨૦૧૭-૧૮ના બજેટમાં પણ કચ્છને કરવામાં આવેલા અન્યાય અંગેનો તંત્રીલેખ ખૂબ જ ઇન્ફોર્મેટિવ અને વર્તમાન પરિસ્થિતિને સંલગ્ન છે - સમયોચિત છે. 'વર્તમાન પત્રોના આધારે' વિભાગ ખૂબ જ માહિતીપ્રદ છે. એ જ રીતે 'વતનના વાવડ'નું ભરતભાઈ ઓઝાએ કરેલું સંકલન પણ કાબિલેદાદ છે. એકીસાથે ઘણી જાણવા યોગ્ય વાતો ત્યાંથી મેળવી શકાય છે. ખાસ તો જેની વાત કરવી છે અને થવી જ જોઈએ એ ઓર્ગન ડોનેશન ઝુંબેશની. તેની પ્રથમ મીટિંગ યોજાઈ તથા કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહએ વ્યક્ત કરેલો નિર્ધાર, એ અંગેનો સરસ શૈલીમાં લખાયેલો અહેવાલ વાંચ્યો. રસ પડ્યો. એ માટે આગોતરા અભિનંદન અને શુભેચ્છાઓ. 'પરિવર્તન'માં યાસીન દલાલ સાહેબનો લેખ એઝ ઓલ્વેઝ બેસ્ટ રહ્યો.

ગુલાબ દેઢિયા સાહેબના કવિતા અંગેના નિબંધે મુડ સુધારી દીધો! અને અમે પણ કવિતા ગોખતા ન હતા, બલ્કે આપોઆપ એકાદ બે વર્ષ પહેલા જ એ અમારા કાનમાં તોરણ બાંધી જતી, એ યાદ આવી ગયું. ખાસ તો મને વધારે ગમતો વિભાગ છે 'મેઘધનુષ.' જેમાં મનલુભાવન અલગ અલગ વાનગીઓની રસલ્હાણ છે! જલસો પડ્યો!

તો 'કચ્છશ્રુતિ'ની સમગ્ર ટીમ તેમજ તમામ લેખક મિત્રોને તેમની કળા, તેમના વાંચન અને લેખન બદલ અભિનંદન અને તે જળવાઈ રહે, સિંચાતુ રહે એ બદલ દિલ સે શુભેચ્છાઓ....

*પાર્થ દવે, પત્રકાર - અમદાવાદ*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર "કચ્છશ્રુતિ" એટલે એક દિલબર - નજરાણું....

## છેલ્લા બાર માસના 'કચ્છશ્રુતિ'ના અંકોના આકર્ષક મુખપૃષ્ઠ પર એક નજર....




કચ્છશ્રુતિ ● એપ્રિલ-૨૦૧૬




કચ્છશ્રુતિ ● મે-૨૦૧૬




કચ્છશ્રુતિ ● જૂન-૨૦૧૬




કચ્છશ્રુતિ ● જુલાઈ-૨૦૧૬




કચ્છશ્રુતિ ● ઓગસ્ટ-૨૦૧૬




કચ્છશ્રુતિ ● સપ્ટેમ્બર-૨૦૧૬




કચ્છશ્રુતિ ● ઓક્ટોબર-૨૦૧૬




કચ્છશ્રુતિ ● નવેમ્બર-૨૦૧૬




કચ્છશ્રુતિ ● ડિસેમ્બર-૨૦૧૬




કચ્છશ્રુતિ ● જાન્યુઆરી-૨૦૧૭




કચ્છશ્રુતિ ● ફેબ્રુઆરી-૨૦૧૭




કચ્છશ્રુતિ ● માર્ચ-૨૦૧૭

**શ્રી ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ** (ગીતા સેના) રજિ. ન. ઈ૧૦, ૯૧૦
**શ્રી ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ** (ગીતા સેના) રજિ. ન. ઈ૧૧, ૧૯૨
Email : gitaben_rambhiya@yahoo.com • Website : www.gitabenrambhiyatrust.org

ગેરકયદેસર કતલખાને જતા અબોલ જીવોને બચાવી અભયદાન અપાવવાની કામગીરી
અત્યારસુધી ૮૦,૦૦૦ થી વધુ અબોલ જીવોને બચાવેલ છે.
રખડતા બીમાર તથા ઘવાયેલ પશુ-પક્ષીઓને સ્થળ ઉપર સારવાર અપાવવા
એનિમલ હેલ્પલાઈન ચલાવવામાં આવે છે.
અત્યારસુધી ૫૫,૦૦૦ થી વધુ અબોલ જીવોને સારવાર અપાયેલ છે.
કચ્છ થી અમદાવાદ તબીબી સારવાર અર્થે આવતા દર્દીઓને સંસ્થાના કાર્યકર્તાઓ સહાયરૂપ બને છે.
અત્યારસુધી ૬૦૦૦ થી વધુ દર્દીઓને મદદરૂપ થયેલ છે.
સંસ્થાના જીવદયા તેમજ માનવસેવાના કાર્યમા આપ સૌને સહકાર આપવા નર્મ વિનંતી.

૧૧૪૦, ગીતાભવન, માંડવીની પોળ, માણેકચોક, અમદાવાદ - ૩૮૦ ૦૦૧
ફોન : (૦૭૯) ૨૨૧૪૧૧૯૭, ૨૨૧૪૯૫૫૦, ૨૨૧૧૧૪૬૭, ૬૫૪૪૭૫૫૦

**સંસ્થાને આપનુ દાન ૮૦જી(૫) મુજબ કરમુક્તિને પાત્ર છે.**



## Gujarat's Leading Electronic Manufacture
(TOTAL EMS SOLUTION)

**Innovision Systems & Devices**
E-12, Electronic Estate, GIDC, Sector-26, Gandhinagar-382044, Gujarat

**Innovision Systems & Devices Pvt Ltd**
1143, Opp. GEB Sub Station, Chhatral-Kadi Road, Chhatral - 382729, Gujarat

MD-Paresh Shantelal Mehta & Heena Mehta (Nakhatrana-Kutch)
Phone: 0091-79-23287733 Email: innovisionpme@yahoo.com



જીવદયા કરૂણા અહિંસા લુણી પાંજરાપોળ

## શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર
(લુણી - મુંબઈ) કુ. જ્યોતિ અહિંસાધામ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ
પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ અને ટ્રેની ંગ સેન્ટર
બિમાર પશુ-પક્ષીઓનુ દવાખાનુ
એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક

બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન

કાર્યાલય : ૩૧૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્સન, ગોકુલધામ હોટલની બાજુમાં, અલંકાર સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦
કાર્યાક્ષેત્ર : ગામ - લુણી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦
ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૭૦





|| SHRI HARI ||
## SHREE SWAMINARAYAN TRAVELS
22, Anilkunj Complex, Paldi Char Rasta, Ahmedabad-7.
Ph. : 079-26579911 • M. : 9825804762, 9099943071
A.C. ROYAL SEMI SLEEPER AND SLEEPER • DAILY SERVICE A.C. COACH

• Bhuj : 9825804763 | Gandhidham : 9825804703
• Anjar : 9099943074 | Mandvi : 9099943070
• Una : 9825804253 | Rajula : 9825804754

• Div • Pune • Nasik • Sirdi • Mumbai •

• Baroda : 9275051712 | Vidyanagar : 9825525732
• Raipur : 9825804761

• PARCEL SERVICE AVAILABLE • ANY CAR/BUS AVAILABLE •
Visit us : www.sstbus.in



મો.: ૯૯૭૯૮ ૮૧૪૮૭ ફોન : ૦૭૯-૨૬૭૬૩૫૪૪, ૦૭૯-૨૬૭૬૩૪૬૫

## શ્રી હરિ ટ્રાવેલ્સ
યુ-૨૮, રત્નમણી કોમ્પ્લેક્ષ, જોધપુર ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

દર રવિવાર અને પૂનમ
**મહુડી, ખેડબ્રહ્મા, અંબાજી રીટર્ન બસ સર્વિસ**
**લકઝરી, ફોર વ્હીલર ભાડે મળશે.**

**શ્રી હરિ ટ્રાવેલ્સ**
પટેલ કાપડ માર્કેટ, ખોડિયાર નગર, સોરઠ પાન પાસે,
બાપુનગર, અમદાવાદ. ફોન :૨૨૭૦૦૬૬૬ / ૭૭૭

Sister Concern
એચ. કે. ટ્રાવેલ્સ
ક્રિષ્ના ટ્રાવેલ્સ






## SHREE SAHJANAND TRAVELS
Visit us: www.sst.bookong.com
**23, Anilkunj Centre, Paldi Char Rasta, Ahmedabad.**
M: 9825801354, 9227101354,
Sateliite: 9825804234, Raipur: 9909911306
Bapunagar: 9825804578, Naroda: 9099970078
**Ahmedabad to Bhuj, Gandhidham, Mundra, Mandvi, Nakhatrana, Kotda, Netra, Rajula, Mahuwa**



**FOR CA STUDENT (C.P.T., IPCC, CA FINAL)**

AVOID STUDYING IN BIG BATCH OF 100 - 300 STUDENTS,
WE OFFER GROUP TUITION WITH GROUP OF ONLY 30 STUDENTS

FACULTY :- SHIVANG BUCH
B.Com, C.A., M.F.A., MBA (Fin.) Gold Medalist, N.E.T. (Management)

## Shivang Institute
C/O, Sharda, Magal Tirth Tower-A, Near Dharnidhar Derasar,
Phone No. 9429609484 / 079-22772031



BLUE EYE
YOUR SPY EYE

ALL TYPE OF CCTV ACCESSORIES AVAILABLE





**For import anything from China to India**
Please contact on below details
China: +86-13410015894 & India: +91 9601271254

**CHINA • INDIA • KENYA**

079 666 31712 / +91 96012 71254 / +91 99099 66554
sales@blueeyetech.in / care@blueeyetech.in
FF 119, Super Plaza, Sandesh Press Road, Vastrapur, Ahmedabad - 380015. INDIA

# અન્ય સંસ્થાઓના સમાચાર

## કચ્છ ભાજપના યુવા અગ્રણી અને કચ્છના યુવા ઉદ્યોગપતિ ધવલ આચાર્યની કેન્દ્ર અને રાજ્ય સરકારની સેતુ યોજનાના સંયોજકપદે નિમણૂંક



**શ્રી ધવલભાઈ આચાર્ય**

ગુજરાત ભાજપ પ્રદેશ દ્વારા તા. ૧-૪-૨૦૧૭ના રોજ યુવા મોરચાની ટીમ જાહેર કરવામાં આવી છે. જેમાં ગાંધીધામના યુવા ઉદ્યોગપતિ અને કચ્છ ભાજપના યુવા મોરચાના અગ્રણી શ્રી ધવલભાઈ આચાર્યને પણ સ્થાન મળ્યું છે.

યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ ઋત્વિજ પટેલે પોતાની ટીમ જાહેર કરી તેમાં રાજ્યના વિવિધ ક્ષેત્રના યુવાનોને અલગ અલગ જવાબદારી સોંપાઈ તેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની સેતુ યોજનાના સંયોજકપદે કચ્છના ધવલભાઈ આચાર્યની નિયુક્તિ કરવામાં આવી છે.

નોંધનીય છે કે ભારતીય જનતા પાર્ટીમાં સક્રિય રહેલા ધવલ આચાર્ય વિવિધ ક્ષેત્રે અનેરી લોકચાહના ધરાવી રહ્યા છે. તેઓની આ વરણીના પગલે તેમના પર ઠેર ઠેરથી અભિનંદન વર્ષા થવા પામી છે.

તેઓશ્રી કચ્છની વિખ્યાત ટ્રાવેલ્સ કંપની રોયલ એક્સપ્રેસ ગ્રુપના માલીક છે.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તેઓની રાજ્ય સરકારની સેતુ યોજનાના સંયોજકપદે નિમણૂંક થતાં તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે અને તેમના ઉજ્જવળ ભવિષ્યની સરાહના કરે છે.

તેઓ પણ કચ્છની જનતાના વિકાસ કાર્યોમાં સક્રિય અને નોંધનીય સહયોગ આપે તેવી અપેક્ષા સેવે છે.

***અહેવાલ : હિમાંશુ ઠક્કર***

## કવિ ચિનુ મોદીનું અવસાન

નાટ્ય લેખક - કવિ શ્રી ચિનુ મોદીનું તા. ૧૯-૩-૨૦૧૭ના રોજ અમદાવાદ ખાતે ૭૮ વર્ષની ઉંમરે નિધન થયું હતું. તેમણે કુલ્લ બાવન પુસ્તકોનું સર્જન કર્યું હતું. જેમાં ઇનાયત, ઇર્શાદગઢ, વાતાયન, પર્વતને નામે પથ્થર, ક્ષણોના મહેલમાં વગેરે કેટલીક જાણીતી રચનાઓ હતી.

સદ્‌ગતશ્રીનું દેહદાન કરવામાં આવ્યું હતું.

## શ્રી લોહાણા મહાપરિષદ - અમદાવાદ

### પર્યાવરણ સંબંધી કાર્યક્રમ યોજાયો

શ્રી લોહાણા મહાપરિષદ હેઠળની પર્યાવરણ સમિતિ દ્વારા 'પાણી બચાવો... જીવન બચાવો - ૨૦૧૭' અભિયાનના ભાગરૂપે 'તિલક હોળી'ના એક કાર્યક્રમનું તા. ૧૨-૩-૨૦૧૭ના રોજ સંસ્થાના મધ્યસ્થ કાર્યાલય, અમદાવાદ ખાતે થયું હતું. અમદાવાદ શહેરના મેયર, મહાપરિષદના હોદ્દેદારો સહિત બહોળી સંખ્યામાં પર્યાવરણ પ્રેમીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા અને પર્યાવરણ સંબંધી થઈ રહેલા કાર્યોની તેઓએ સરાહના કરી હતી. આ કાર્યક્રમના અંતે અલ્પાહારમાં પણ 'ગ્રીન મેનુ' રાખવામાં આવ્યું હતું.

### કારોબારી / મધ્યસ્થ મહાસમિતિની બેઠક

શ્રી લોહાણા મહાપરિષદની પ્રથમ બેઠક ઉત્તર પૂર્વ વિભાગના યજમાનપદે ગુજરાતી સમાજ, ભવાનીપુર, કલકત્તા મુકામે તા. ૮ અને ૯ એપ્રિલ, ૨૦૧૭ના રોજ યોજવામાં આવી છે. સમાજના વિવિધ વિભાગોમાં થયેલ પ્રવૃત્તિઓ અંગે અહેવાલની રજૂઆત તથા મહાપરિષદના વર્તમાન તેમજ ભાવિ પ્રોજેક્ટ અંગે આ બેઠકમાં ચર્ચા વિચારણા થશે. તે ઉપરાંત માતૃ ગયા તીર્થ - સિધ્ધપુર મુકામે યોજાનારા શ્રીમદ્ ભાગવત્ જ્ઞાનયજ્ઞ તેમજ સામૂહિક માતૃતર્પણના ભગીરથ આયોજનની કામગીરી અંગે પણ કાર્યવાહી કરવામાં આવશે, એમ શ્રી લોહાણા મહાપરિષદની પ્રેસનોટમાં જણાવાયું છે.

(અનુસંધાન : જુઓ પાના નં.-૩૯ ઉપર)

# વતનના વાવડ

● સંકલન : ભરત ઓઝા ●

## દિલ્હીની યુનિવર્સિટીમાં ખેતીવાડીની એમ.બી.એ.ની ડિગ્રી મેળવી નોકરીના બદલે ખેતી કરતો શિક્ષિત જૈન યુવાન

દિલ્હી યુનિવર્સિટીમાંથી ખેતીવાડીમાં એમ.બી.એ.ની ડિગ્રી પ્રાપ્ત કરી કંપનીમાં નોકરી કરવાને બદલે શિક્ષિત યુવાને ખેતીવાડી ઉપર હાથ અજમાવ્યો છે. **દાયકાઓના ખેડૂતોના અનુભવોને પણ પાછળ મૂકી આ શિક્ષિત યુવાને કચ્છના લખપત તાલુકાના નરા ગામે આ ઓર્ગેનિક ઘઉંની ખેતી કરી છે.**

રણ વિશે કવિતા લખવાથી પણ કપરું કામ આ યુવાને કર્યું છે અને ચાલુ વર્ષે ઓર્ગેનિક ઘઉંની ખેતી કરી નોંધપાત્ર ઉત્પાદન કરીને તેમણે વર્ષોથી પરંપરાગત ઘરેડમાં ખેતી કરતા ઘઉંના ઉત્પાદકોને વિચારતા કરી મૂક્યા છે. કચ્છના એકાદ બે અપવાદ ખેડૂતોને બાદ કરતા કોઈ ખેડૂત બંસી ઘઉંનું વાવેતર કરતા નથી. **પરંતુ શિક્ષિત યુવાન કેવલ જનકે નરા ગામની ખારી જમીનમાં પણ ચાલુ વર્ષે બંસી ઘઉંનું એક એકરે પચ્ચીસ મણ ઉત્પાદન લઇ લીધું છે તેમજ વધુમાં ૪૯૬ ટુકડાનું પણ એકરે તેરસો મણ ઉત્પાદન મેળવ્યું છે.**

આ અંગે વાત કરીએ તો દિલ્હી યુનિવર્સિટી (યુરીકેમ ગાંધીનગર)માં એગ્રો વેજ માર્કેટિંગ એમ.બી.એ.ની ડિગ્રી પ્રથમ વર્ગમાં હાંસલ કરી ટાટા રાલીજ જેવી નામાંકિત કંપનીમાં જોડાયા બાદ કેવલ જનકે ખેડૂતોની હાલત જોઈ તેનું નોકરીમાં મન ભાંગી ગયું અને ખેતીની નવી સિસ્ટમ વિશે જાણકારી મેળવી તથા કુકમાના રામકૃષ્ણ ટ્રસ્ટમાં તાલીમ મેળવી. જૂનાગઢમાં પણ હોટલનો ધીકતો વ્યવસાય અને નોકરીની તક છોડી નરા ગામની વીસ એકર જમીનમાં કોઈ પણ સગવડ વિના બાવળના ઝુંડમાં મહેનતની ધૂણી ધખાવી હતી. જ્ઞાતિમાં જૈન હોવાથી જંતુનાશક દવાનો ઉપયોગ કરવાની કલ્પના પણ ન હતી. તેથી ગોબર અને ગૌમુત્રના ઉપયોગથી ધાર્યું ઉત્પાદન મેળવ્યું છે. ઉત્પાદનમાં પણ લેબ ટેસ્ટીંગ કરી કોઈ હાનિકારક દ્રવ્યો નથી તેવું પ્રમાણપત્ર મેળવી ઘઉંને બજારમાં વેચાણમાં પણ મૂક્યા છે અને બજારમાં પણ ભાવ ત્રીસ ટકા ઊંચા મળ્યા છે.

ખેતીવાડીમાં એમ.બી.એ.ની ડિગ્રી મેળવનાર અપરીણિત યુવાન કહે છે કે ખેતીમાં પૈસા ભલે ઓછા મળે પરંતુ કામ કરવાની મજા બહુ આવે છે. આગામી દિવસોમાં આ જૈન યુવાનનું સપનું છે કે નરા ગામમાં ગ્રામોદ્યોગ તથા ખેત ઉત્પાદનમાં રોજગારી આપવી અને ભુજના નગરજનો માટે જયુસ પાર્લર ખોલવું.

## કંડલા - મુંબઈ અને મુંદ્રા - અમદાવાદ વચ્ચેની ફ્લાઇટની જાહેરાત થઈ

દેશના નાના શહેરોના નોન ઓપરેશનલ ઍરપોર્ટ મોટા શહેરો સાથે એર કનેક્ટિવિટીથી જોડાય અને હવાઈ મુસાફરોને ઓછા ભાડે સુવિધા મળી શકે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા 'ઉડાન' યોજના અંતર્ગત દેશના ૪૫ શહેરોને સાંકળતી ૧૨૮ ફ્લાઇટોની તાજેતરમાં જાહેરાત કરવામાં આવી છે. આ શહેરોમાં કચ્છના મુંદ્રાને અમદાવાદ અને કંડલાને મુંબઈ સાથે જોડતી ફ્લાઈટ જાહેર કરવામાં આવતા ઔદ્યોગિક વર્તુળોમાં રાજીપો વ્યાપી ગયો છે.

ગાંધીધામ, એ પૂર્વ કચ્છનું મુખ્ય મથક ગણાતું હોવાથી તેમજ દેશના વિવિધ વિસ્તારોને સાંકળતું ઔદ્યોગિક નગર હોવાથી અહીંથી દિલ્હી - મુંબઈ માટે ફ્લાઈટ શરૂ કરવામાં આવે તેવી રજૂઆત કંડલા પોર્ટ ટ્રસ્ટ તથા ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા અવારનવાર કરવામાં આવી હતી. થોડા સમય પહેલાં કંડલા ઍરપોર્ટથી સુરત અને અમદાવાદને જોડતી નાના વિમાનની હવાઈસેવા શરૂ કરવામાં આવી હતી. પરંતુ આ ફ્લાઇટનું બાળ મરણ થવા પામ્યું હતું. **ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા કંડલાથી મુંબઈની ફ્લાઇટ જાહેર કરવામાં આવી છે, જે સ્પાઇસ જેટ દ્વારા ઓપરેટ કરવામાં આવશે. આ ઉપરાંત મુંદ્રાથી અમદાવાદની ફ્લાઇટ એર ઓડિશા દ્વારા ઓપરેટ કરાશે તેવું દિલ્હી ખાતે જણાવવામાં આવ્યું છે.** આ ફ્લાઈટ આગામી ઓગસ્ટથી શરૂ થશે તેવું જણાવાઈ રહ્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતમાં ભાવનગરથી અમદાવાદ - સુરત, દીવ - અમદાવાદ, જામનગર - અમદાવાદ તથા મીઠાપુર - અમદાવાદ રૂટ જાહેર કરવામાં આવ્યા છે.

આ ઉડાન યોજના અંતર્ગત નાના શહેરોના નાગરિકોને સુવિધા મળી શકે તેમજ આમ આદમી પણ હવાઈ સફર કરી

શકે તે માટે ફ્લાઈટમાં ટિકિટના દર સસ્તા રાખવામાં આવ્યા છે. યોજના મુજબ દરેક ફ્લાઈટમાં એક કલાકના હવાઈ સફર માટે ૫૦ ટકા બેઠકો પર માત્ર રૂા. ૨૫૦૦/- ભાડું જ રાખવામાં આવ્યું છે. તો આ યોજનામાં જોડાયેલી એરલાઈન્સો પર આર્થિક ભારણ ન થાય તે માટે કેન્દ્ર સરકારે એટીએફ દરમાં ઘટાડો કરવાની સાથે એરપોર્ટ ચાર્જિસ પણ ઘટાવી દીધા છે.

## વિશ્વપ્રસિદ્ધ યુદ્ધજહાજ 'વિરાટ'ને કચ્છમાં મ્યુઝિયમ તરીકે મૂકવા માંગ

બ્રિટિશ રોયલ નેવીમાં ૧૮ અને ભારતીય નૌસેનામાં ૨૭ વર્ષ – આમ, વિશ્વમાં સૌથી લાંબા સમય માટે સેવા આપવા બદલ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવનાર અને ભારતના બીજા નંબરના સૌથી મોટા વિમાનવાહક યુદ્ધજહાજ આઈ.એન.એસ. વિરાટને ભારતીય નૌસેનામાંથી સેવા નિવૃત્ત કરવામાં આવ્યું છે. વિશ્વપ્રસિદ્ધ એવા આ યુદ્ધ જહાજને જાહેર જનતા માટે એક મ્યુઝિયમ તરીકે વિકસાવવા અહીંની ચેમ્બર ઓફ કોમર્સે માંગ કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી, સંરક્ષણ મંત્રી અરુણ જેટલી, સંરક્ષણ સચિવ, રાજ્યના મુખ્ય મંત્રી વિજય રૂપાણી, કચ્છના સાંસદ વિનોદ ચાવડાને આ યુદ્ધ જહાજને કચ્છના અખાતમાં સૂરજબારી અથવા તુણા - માંડવીની વચ્ચે દરિયામાં સ્થાયી કરીને તેને એક મ્યુઝિયમ તરીકે વિકસાવવા માટે પત્ર લખી ચેમ્બરે અનુરોધ કર્યો હતો.

ચેમ્બર પ્રમુખ દિનેશ ગુપ્તાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાને પોતાની આગવી સૂઝથી કચ્છના ધોરડોના સફેદ રણને વિશ્વફલક પર મૂકીને કચ્છને એક વૈશ્વિક પ્રવાસન સ્થળ તરીકે ઉભાર્યું છે. જેથી પ્રવાસન ક્ષેત્ર સાથે સંકળાયેલી હોટેલ, વાહન વ્યવહાર જેવા અનેક ઉદ્યોગોને વેગ મળ્યો છે. ત્યારે કચ્છ અને સૌરાષ્ટ્રને જોડતા સૂરજબારી પાસેના દરિયામાં આ વિરાટ જહાજને સ્થાયી કરવામાં આવે તો કચ્છના વાગડ વિસ્તારમાં આવેલા પુરાતત્ત્વીય સ્થળ ધોળાવીરા અને સફેદ રણ જેવા અન્ય અનેક સ્થળોના પ્રવાસનને વેગ મળશે તથા અર્થવ્યવસ્થાને પણ જોશ પૂરું પાડવામાં ઘણું મહત્ત્વનું યોગદાન રહેશે તેવી અપીલ કરવામાં આવી છે તેવું ચેમ્બરના માનદ્ મંત્રી મુરલીધર જગાણીએ એક યાદીમાં જણાવ્યું હતું.

## થેલેસેમિયા પીડિત કચ્છી બન્યો તબીબ

મજબૂત મનોબળ એવું અમોઘ શસ્ત્ર છે કે જે કોઈ પણ જાતની બીમારી કે અસહ્ય દર્દનેય દાદ દીધા વિના સફળતા અપાવે છે. આ જ ક્ષેત્રના બળે કચ્છના થેલેસેમિયા પીડિત વિદ્યાર્થી રોહન હીરેનભાઈ જોબનપુત્રાએ તબીબ બનીને સમાજ, કુટુંબ અને કચ્છને ગૌરવ અપાવ્યું છે. એમબીબીએસમાં ૬૫ ટકા સાથે સફળતા બાદ ૨૨ વર્ષીય રોહને તબીબ માતા-પિતા પ્રવીણાબેન અને હીરેનભાઈ જોબનપુત્રાના વારસાને દીપાવતાં હવે થેલેસેમિયાની લોહીની બીમારી મટાડવાનો અક્સીર ઈલાજ સમાજને આપવાની મહત્ત્વાકાંક્ષા વ્યક્ત કરી હતી. ■

*મા-બાપ જીવતા હોય ત્યારે એમને અપમાનિત કરી ચૂપ કરે ને એમના મર્યા પછી તેઓના ફોટાને ધૂપ કરે એ સંતાનો કેવા કપૂત કહેવાય!*

## અન્ય સંસ્થાઓના સમાચાર

(અનુસંધાન : પાના નં.-૩૭ ઉપરથી ચાલુ)

## વધતી જતી મોંઘવારીમાં મહાજનનું મામેરું યોજના આશીર્વાદરૂપ

ક.વી.ઓ. જૈન મહાજન - ભુજ સંચાલિત મહાજનનું મામેરું યોજના અંતર્ગત **૧૯૪મો લગ્નોત્સવ** ક.વી.ઓ. સંકુલ ખાતે તાજેતરમાં ઉજવાયો હતો.

બિટ્ટા નિવાસી દિનેશભાઈ ગોહિલની પુત્રી હેતલે વાડાસર નિવાસી વસંતભાઈ દરજીના પુત્ર મનીષ સંગાથે પ્રભુતામાં પગલાં પાડ્યાં હતા. સંસ્થાના અધ્યક્ષ અને ધારાસભ્ય તારાચંદભાઈ છેડાએ નવદંપતીને આશીર્વાદ આપતાં જણાવ્યું કે, આજે મોંઘવારી વધતી જાય છે ત્યારે ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો દીકરીના લગ્ન માટે ખૂબ જ મુશ્કેલી અનુભવતા હોય છે. જેને ધ્યાને લઈ **આ સંસ્થાએ મહાજનનું મામેરું યોજનાનો છ વર્ષ અગાઉ પ્રારંભ કર્યો હતો** અને આ યોજના ભારે આશીર્વાદરૂપ બની છે. શ્રી છેડાએ વધુમાં ઉમેર્યું કે, જેમ આપણા ઘરની દીકરી હોય તેમ તેના સાજન-માજનની ઉપસ્થિતિમાં ધામધૂમપૂર્વક લગ્ન કરવામાં આવે છે. આ પ્રસંગે મુંબઈના હૃદયરોગના નિષ્ણાત ડૉ. રાજેન્દ્ર ગોયલે ઉપસ્થિત રહી નવદંપતીને લગ્ન જીવનની શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે ક.વી.ઓ. જૈન મહાજન - ભુજ તરફથી કન્યાને રૂા. ૧૧,૦૦૦/-ના બોન્ડ તથા અન્ય અગ્રણીઓ તરફથી ભેટ સોગાદ અર્પણ કરવામાં આવેલ હતા. ■

# વિવિધ માહિતી

## મેરેજિસ બિલ - ૨૦૧૬

લોકસભામાં ગમે ત્યારે મેરેજિસ (કમ્પલસરી રજિસ્ટ્રેશન એન્ડ પ્રિવેન્શન ઑફ વેસ્ટફુલ એક્સપેન્ડિચર) બિલ - ૨૦૧૬ પ્રસ્તુત થવાની ઘડીઓ ગણાઈ રહી છે. આ એક એવું વિધેયક છે જે દેશભરમાં યોજાતા લગ્ન સમારંભો અને તત્ સંબંધિત ખર્ચને સરકારી અંકુશ અંતર્ગત લાવી શકશે. આ બિલમાં એવી જોગવાઇ છે કે કોઈ પણ પરિવાર પોતાની વાર્ષિક આવકના ૨૫ ટકા ખર્ચ જ લગ્નમાં કરી શકે અને એ ખર્ચ પણ રૂ. પાંચ લાખથી વધારે ન હોવો જોઈએ. જેઓ આનાથી વધારે ખર્ચ કરવાની ઇચ્છા રાખતા હોય તેમણે વધારાના તમામ ખર્ચના ૧૦ ટકા રકમ સરકારના કોઈ પણ એક કલ્યાણકારી ફંડમાં જમા કરાવવાની રહેશે. એવી રીતે સમૃદ્ધ બનેલું તે સરકારી ફંડ ગરીબ પરિવારની કન્યાઓના લગ્નમાં પ્રયોજાશે. આ કાયદાનો કડક અમલ કરાવવા માટે જેઓ નિયમભંગ કરે તેમને ૩ વર્ષની જેલની સજા અતવા દંડ અથવા બંને ફટકારવામાં આવે તેવી ભલામણ છે.

હાલે પ્રશ્ન એ છે કે શું તેનાથી લગ્નમાં થતા લખલૂટ ખર્ચ અટકી શકશે?

મધ્યમ વર્ગ આ બિલના કારણે લખલૂટ ખર્ચમાંથી બચી શકશે પરંતુ ધનીક વર્ગ માટે ૧૦ ટકા રકમ ખૂબ નજીવી હશે. તે તો ૧૦ ટકા રકમ ભરીને પણ લગ્નમાં લખલૂટ ખર્ચ કરી શકશે! આ બિલથી દેખાડો અટકશે કઈ રીતે?

## આયોજન પંચે આપેલા આંકડા

ભારત ૨૦૧૭ના અંત સુધીમાં માથાદીઠ રૂા. એક લાખની આવક ધરાવતો દેશ થઈ જશે.

બીજી તરફ આ જ આયોજન પંચ એમ કહે છે કે :

ગ્રામીણ ભારતીયો મહિને માથાદીઠ રૂા. ૮૧૬/- જ ખર્ચી શકે છે. એટલે કે તેમની માસિક આવક માત્ર રૂા. ૮૧૬/- છે.

આ આંકડા ભારતના અસમતોલ વિકાસની ચાડી ખાય છે.

## ભારતમાં ગ્રામીણ ભારતીયોની માથાદીઠ ખર્ચ શક્તિ

| | | |
|---|---|---|
| વર્ષ ૨૦૧૧ | : | રૂા. ૬૩૨.૧૦ |
| વર્ષ ૨૦૧૨ | : | રૂા. ૬૫૮.૩૪ |
| વર્ષ ૨૦૧૩ | : | રૂા. ૬૯૬.૫૧ |
| વર્ષ ૨૦૧૪ | : | રૂા. ૭૨૫.૧૬ |
| વર્ષ ૨૦૧૬ | : | રૂા. ૮૧૬.૦૦ |
| વર્ષ ૨૦૧૬ | : | રૂા. ૧૦૦૦.૦૦ (શહેરીજનની) |

## ભારતમાં ગરીબી રેખાથી નીચે જીવતા લોકો

ગ્રામીણ જનતા : ૨૫.૭ ટકા

શહેરી લોકો : ૧૩.૭ ટકા

## CBSEની પરીક્ષા આપતા ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ

CBSE દ્વારા ચાલુ વર્ષે લેવાતી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષામાં ગુજરાતના વિદ્યાર્થીઓની સંખ્યા ધોરણ-૧૦માં ૧૬,૯૭,૫૭૩ની છે અને ધોરણ-૧૨ (સાયન્સ) તથા કોમર્સના મળીને વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦,૯૮,૪૨૦ની છે.

## પાકિસ્તાનમાં કેટલા હિન્દુ રહે છે?

ભારત અને પાકિસ્તાનના ભાગલા પડ્યા ત્યારે ૪૭ લાખ હિન્દુઓ ભારતમાં આવી ગયા હતા. છતાં ઘણાં હિન્દુ પરિવારો પાકિસ્તાનમાં રહ્યા હતા. ૨૦૧૦ પ્રમાણે પાકિસ્તાનમાં હિન્દુઓની કુલ સંખ્યા ૨૫ લાખ હતી. પાકિસ્તાનમાં ઈસ્લામ ધર્મ પછી સૌથી મોટી સંખ્યામાં હિન્દુ ધર્મી રહે છે. પાકિસ્તાનની કુલ વસતિના ૨ ટકા હિસ્સો હિન્દુઓનો છે. મોટાભાગના હિન્દુઓ સિંધ પ્રાંતમાં રહે છે. ૧૯૪૮-૫૦ માં પાકિસ્તાનની વસતિમાં હિન્દુઓનો કુલ હિસ્સો ૧૨.૯ ટકા જેટલો માતબર હતો, પણ એ પછી ઘણાખરાં હિન્દુઓ ભારતમાં આવી ગયા હોવાથી એ વસતિ ઘણી ઘટી ગઈ હતી.

## ભારતીય પંચાંગમાં તિથિનો ક્ષય

ભારતીય પંચાંગમાં ક્યારેક એકમ પછી સીધી ત્રીજ કે ક્યારેક બે બારસ કે તેરસ આવે છે. તમને નવાઈ લાગતી હશે કે આવો ફેરફાર કેમ થતો હશે? અંગ્રેજી માસમાં તારીખ

હોય છે તે રીતે ગુજરાતી માસમાં તિથિ હોય છે. ભારતીય પંચાંગ ચંદ્રની ગતિ પર આધારિત છે. અજવાળિયામાં એકમથી પૂનમ અને અંધારિયામાં એકમથી અમાસ એમ ૧૫ દિવસના બે ભાગે મહિનો પૂરો થાય છે. વદ અને સુદ એ ચંદ્રની બે કળાઓ છે. એકમથી અમાસ સુધી ચંદ્ર પૃથ્વીની એક પ્રદક્ષિણા પૂરી કરે છે. એક પ્રદક્ષિણા એટલે ૩૬૦ અંશ. તેમાં ૩૦ દિવસ એટલે ચંદ્ર એક દિવસમાં ૧૨ અંશનું અંતર કાપે. પરંતુ આ સમય દરમિયાન પૃથ્વીનું ધરીભ્રમણ અને સૂર્યની પ્રદક્ષિણા ચાલુ હોય છે. એટલે ક્યારેક ચંદ્રનો ૧૨ અંશ બે-ત્રણ કલાકમાં જ પસાર થઈ જાય. ચંદ્ર અને પૃથ્વીની પરસ્પર ગતિને કારણે ક્યારેક ચંદ્રને ૧૨ અંશ પૂરા કરતા એક દિવસ કરતા વધુ સમય લાગે છે. આ વખતે અધિક તિથિ ઉમેરાય છે અને સમય ઘટે ત્યારે તિથિને રદ કરી મહિનાના ૩૦ દિવસનો મેળ બેસાડાય છે.

## માનવશરીર વિશે જાણવા જેવું

★ મનુષ્યની ચામડી ૦.૫ થી ૬ મિલિમીટર સુધીની જાડી હોય છે. વિવિધ અંગો પર ચામડીની જાડાઈ વધતી ઓછી હોય છે.

★ સામાન્ય રીતે માનવ શરીરમાં ૩.૮૦ લીટર લોહી હોય છે.

★ શરીરના કુલ વજનનો ૪૦ ટકા ભાગ સ્નાયુઓ રોકે છે.

★ નાનું આંતરડુ ૨૫ ફૂટ લાંબુ હોય છે અને મોટું આંતરડું પાંચ ફુટ. પણ તે જાડું હોવાથી મોટું કહેવાય છે.

★ લોહી આખા શરીરમાં ફરતી વખતે કિડનીમાંથી પસાર થાય છે. કિડની લોહીને શુદ્ધ કરે છે. કિડનીમાંથી દરરોજ કુલ ૧૫૧૪ લિટર જેટલું લોહી પસાર થાય છે.

★ મગજ અને શરીરના અંગો વચ્ચે તંતુઓ દ્વારા સંદેશાની આવજા કલાકના ૩૬૦ કિલોમીટરની ઝડપે થાય છે અને એ પણ પળે પળે મળતા સંદેશાનો ત્વરિત જવાબ આપે છે.

★ માણસના શરીરનું સામાન્ય તાપમાન ૩૭ સેલ્સિયશ ડિગ્રી રહે છે.

## સજીવના શરીરમાં DNA શું છે?

દરેક સજીવ ખાસ પ્રકારના વંશીય લક્ષણો ધરાવે છે. મનુષ્ય, વનસ્પતિઓ અને પ્રાણી પક્ષીઓના લક્ષણો, શરીરનું બંધારણ અને રચના તેના જીન પ્રમાણે જ થાય છે. જીન તેમાં લખાયેલી જિનેટિક બ્લ્યુ પ્રિન્ટ કે માહિતીના આધારે વર્તે છે. આ માહિતી તેના ડીએનએમાં લખાયેલી હોય છે. વોટસન અને ક્રિક નામના જીવશાસ્ત્રીઓએ ૧૯૫૩માં ડીએનએનું માળખુ શોધી કાઢેલું. ડીએનએ સજીવના કોષમાં રહેલું રસાયણ છે. તેનું બંધારણ કે માળખું સર્પાકાર નિસરણી જેવું છે. તેની બે બાજુઓ આકારની બનેલી છે અને વચ્ચેના પગથિયાં એડિનાઈન, સાઈટોસાઈન, ગુઆનાઈન અને થાયમિન એમ ચાર જાતના રસાયણોનાં બનેલાં છે. ટૂંકમાં તે એ.સી.જી.ટી. તરીકે ઓળખાય છે. આ ચારે રસાયણોની ક્રમાનુસાર ગોઠવણીની કરોડો પેટર્ન બને. દરેક મનુષ્યમાં ચોક્કસ પ્રકારની પેટર્ન હોય છે અને વંશ પરંપરાગત રહે છે. પેટર્નમાં કોષને કઈ રીતે વર્તવું તેની સૂચના હોય છે. શરીરના કોષ ડીએનએની સૂચના મુજબ જ કામ કરે. એટલે શરીરની રચના, લક્ષણો, ટેવો, બુદ્ધિમત્તા વગેરે તમામ ક્રિયાઓ ડીએનએની સૂચનાથી જ થાય છે. ટૂંકમાં ડીએનએમાં જે લખાયું હોય તેવું જ જીવન વિતે છે.

## રાજસ્થાનનું પ્રાચીન નગર : પુષ્કર

રાજસ્થાનના અજમેર નજીક આવેલું પુષ્કર તળાવ અને તેના કાંઠે વસેલું પુષ્કર તીર્થ ભારતના પ્રાચીન સ્થળોમાંથી એક છે. પુરાણોમાં પણ તેનો ઉલ્લેખ છે. પુષ્કરનું ૧૪મી સદીમાં બંધાયેલું બ્રહ્માનું મંદિર તીર્થરાજ કહેવાય છે.

પુષ્કર ૫૧૦ મીટરની ઊંચાઈએ આવેલું છે. પુષ્કર તળાવ માનસરોવર જેટલું પવિત્ર મનાય છે. લુણી નદીનું પાણી તેનો મુખ્ય સ્ત્રોત છે. ૨૨ ચોરસ કિલોમીટરમાં વિસ્તરેલું આ તળાવ પવિત્ર તીર્થસ્થાન છે. તળાવના કિનારા પર બાવન ઘાટ આવેલા છે. નાગપર્વત પર્વત માળાઓ વચ્ચે આવેલું આ રમણીય સ્થળ છે. તળાવની ઊંડાઈ ૪ થી ૫ ફૂટ છે. આ તળાવ ચોથી સદીમાં પણ જાણીતું હતું. પુષ્કર તળાવની ફરતે ૮૦ મોટા મંદિરો સહિત ૫૦૦ મંદિરો છે. એટલે જ તે તીર્થરાજ કહેવાય છે. કારતકની પૂર્ણિમાએ યોજાતો પુષ્કરનો મેળો દેશવિદેશનાં સહેલાણીઓના આકર્ષણનું કેન્દ્ર છે. ઊંટોનું બજાર આ મેળાની વિશેષતા છે. આ ઉપરાંત નાગોર મેળો, તેજાજી મેળો અને ફેબ્રુઆરીમાં બલ્યુ લોટસ ફેસ્ટિવલ જાણીતા ઉત્સવો છે.

## લખનૌની ભૂલભૂલામણી : ભૂલભૂલૈયા મસ્જિદ

ભારતમાં મોગલકાળમાં બંધાયેલી મસ્જિદ, મકબરા, અને મિનારા વિશ્વપ્રસિદ્ધ છે. આ બાંધકામોમાં જાતજાતની લાક્ષણિકતાઓ જોવા મળે છે. બિજાપુરનો ગોળગુંબજ તેના પડઘા

માટે જાણીતો છે. કેટલાક ડોલતા મિનારા આશ્ચર્ય ઉપજાવે તેવા છે. પરંતુ લખનૌની ભૂલભૂલૈયા મસ્જિદમાં અંદર પ્રવેશો તો બહાર નીકળવાનો રસ્તો મળે નહીં. ફરી ફરીને હતા ત્યાં જ આવો.

અસદ ઉદદૌલા નામના બાદશાહે ઈ.સ. ૧૭૮૨માં આ મસ્જિદ બંધાવેલી. કહેવાય છે કે તે સમયે દુષ્કાળ હતો. બાદશાહે લોકોને રોજી આપવા માટે આ મોટું બાંધકામ કરાવેલું. ભૂલભૂલૈયા મસ્જિદનું બાંધકામ દસ વર્ષ ચાલ્યુ હતું. મસ્જિદનો મુખ્ય ખંડ ૫૦ મીટર લાંબો અને ૧૬ મીટર પહોળો છે. ૧૫ મીટર ઊંચાઈએ છત એક પણ થાંભલા વિના ટકી રહી છે. થાંભલા કે વચ્ચે ટેકા વિનાનો વિશ્વનો આ સૌથી મોટો સ્લેબ છે. મુખ્યખંડની ફરતે જુદી જુદી ઊંચાઈની આઠ ચેમ્બર છે. મસ્જિદમાં પ્રવેશવા લાંબી પરસાળ છે. તેમાં ૪૮૯-એકસરખા દેખાવનાં બારણાં છે. ભારતમાં ભૂલભૂલામણીવાળું આ એક જ બાંધકામ છે. મુખ્ય સંકુલમાં પ્રવેશવા માટે ૧૮ મીટર ઊંચાઈનો રૂમી દરવાજો પણ સુંદર છે.

## વિશ્વનું સૌથી મોટું સ્થળચર પ્રાણી : આફ્રિકાનો હાથી

આફ્રિકાના ઘાસના મેદાનોમાં જોવા મળતો બુશ એલિફન્ટ સૌથી કદાવર સ્થળચર પ્રાણી છે. સૌથી મોટા કાન અને થાંભલા જેવા જાડા પગ તેની વિશેષતા છે. આ હાથી ત્રણથી ચાર મીટર ઊંચો અને લગભગ ૪૦૦૦ કિલો વજનનો હોય છે. તેની પૂંછડી એકથી દોઢ મીટર લાંબી હોય છે. બુશ એલીફન્ટની ચામડી ખૂબ જ જાડી હોય છે. બચ્ચાના શરીર પર વાળ હોય છે. પુખ્ત થતાં વાળ ખરી પડે છે. તેના મોટા ગોળાકાર કાન માત્ર સાંભળવા માટે જ નહીં પણ શરીરને ઠંડો રાખવા પણ ઉપયોગી થાય છે. આ હાથીના દાંત અનેક આવરણોના બનેલાં હોય છે. એશિયન હાથી કરતાં તેના દંતશૂળ લાંબા અને વળેલા હોય છે. બુશ એલીફન્ટના આગળના પગમાં પાંચ નખ હોય છે અને પાછળના પગમાં ચાર નખ હોય છે. તળિયાની ગાદી સ્થિતિસ્થાપક સ્નાયુની બનેલી હોય છે. તે પગની ગાદી વડે જમીનમાં થતા સ્પંદન ઓળખી શકે છે અને દૂર સુધીના અવાજની માહિતી મેળવી શકે છે. બુશ એલીફન્ટ પરિવારમાં અને સમૂહમાં રહે છે. કાન, પગની ખરી અને દંતશૂળના વિવિધ કદ અને રચના પ્રમાણે બુશ એલીફન્ટ લગભગ ૨૫ પ્રકારના જોવા મળે છે. અન્ય હાથીઓની જેમ આ હાથી પણ વનસ્પતિ ખાઈને જીવે છે.

## રોડ બનાવવા ઉપયોગી ડામર શું છે?

ઘણી એવી ચીજો હોય છે કે દરરોજ જોવા મળે પણ તે શું છે અને શેમાંથી બને તે જાણતા ન હોઈએ. રોડ બનાવવા માટે વપરાતી ડામર આવી જ ચીજ છે. કાળા રંગનો ચીકણો અને ગરમ કરવાથી પીગળે અને પછી ઠંડો થવાથી જામીને સખત બની જતો ડામર જમીનમાંથી નીકળતું ઓર્ગેનિક દ્રવ્ય છે.

ડામરનો ઉપયોગ પ્રાચીન કાળથી થાય છે. બેબિલોન, ગ્રીસ અને રોમમાં પ્રાચીનકાળમાં વરસાદી પાણીથી ઘરની દીવાલોને રક્ષણ આપવા ડામરનું પડ ચડાવતાં.

કુદરતી ડામર દરિયાના તળિયે જમીનમાં મૃત્યુ પામતાં દરિયાઈ જીવોના અવશેષોમાંથી બને છે. પૃથ્વીના પેટાળમાં પ્રચંડ દબાણ હેઠળ હજારો વર્ષની પક્રિયાથી કુદરતી તેલ, કોલસા વગેરે બને છે. તે જ રીતે ડામર પણ બને છે. પૃથ્વીની પ્લેટોના હલનચલનથી આ ડામર સપાટી તરફ આવે છે. પૃથ્વી પર ઘણા સ્થળોએ જમીનમાં ડામર મળી આવે છે. પૃથ્વી પર ડામરના ભંડાર છે. ક્રુડમાંથી પણ ડામર મળે છે.

ડામર સલ્ફરયુક્ત ગંધ મારતો કાળો પદાર્થ છે. તેમાં સૂક્ષ્મ પ્રમાણમાં ધાતુઓ હોય છે. ડામરનો ઉપયોગ રોડ બનાવવા ઉપરાંત જહાજ અને વહાણોના લાકડાના પડખાને વોટરપ્રૂફ બતાવવા માટે પણ થાય છે. ડામરમાંથી કંસારી અને વંદા જેવા જીવજંતુને દૂર રાખનારી ગોળી પણ બને છે.

## આગની ચેતવણી આપતું સ્મોક ડિટેક્ટર

થિયેટર, મોટી સ્કૂલો અને વિમાન તેમજ ટ્રેનમાં આગ લાગે તો મોટી ખુવારી થાય. આ સ્થળોએ આગ લાગે ત્યારે અગાઉથી ચેતવણી મળી જાય તો ઘણુ નુકસાન થતું અટકે. વિજ્ઞાનીઓએ સ્મોક ડિટેક્ટર નામનું સાધન બનાવ્યું છે. આ સાધન થોડોક ધૂમાડો થાય તો પણ મોટા અવાજે ચેતવણી આપે છે. આ સાધનની કાર્યરચના જાણવા જેવી છે.

સ્મોક ડિટેક્ટર બે પ્રકારનાં હોય છે. એક ફોટો ઇલેક્ટ્રિક અને બીજા આયનાઝેશન. બંને પ્રકારના સ્મોક ડિટેક્ટર કદમાં નાના અને દીવાલ કે છત ઉપર લગાવી શકાય છે. બંને વિવિધ પ્રકારના ધૂમાડાને ઓળખે છે.

ફોટોઇલેક્ટ્રિક સ્મોક ડિટેક્ટરમાં લેડ ટ્યુબ દ્વારા સતત ઈન્ફ્રારેડ કિરણો વહેતા હોય છે. ટ્યુબના બીજા છેડે પ્રકાશિત લેમ્પ હોય છે. આ લેમ્પના પ્રકાશમાં ધૂમાડો આવે ત્યારે તેનો પ્રકાશ પરાવર્તન થઈને ઈન્ફ્રારેડ કિરણોના માર્ગમાં આવે ત્યારે ઈન્ફ્રારેડ કિરણોમાં વિક્ષપ પડે છે. આ વિક્ષેપથી સાયરન કે બેલ વાગવા માંડે છે.

આયોનાઈઝડ સ્મોક ડિટેક્ટરમાં અમેરિકિયમ નામનું રેડિયો એક્ટિવ દ્રવ્ય વપરાય છે. એક ગ્રામના ૫૦૦૦ મા ભાગ જેટલું આ દ્રવ્ય ઘણું મોટું કામ કરે છે. અમેરિકિયમમાંથી રેડિયોએક્ટિવ કિરણો સતત વહેતા હોય છે. તેમાં ધૂમાડો પ્રવેશે ત્યારે તેમાં વિક્ષેપ પડે છે. ધૂમાડામાં નાઈટ્રોજન વાયુ હોવાથી આવું બને છે. આ સાધનમાં બેટરીની જરૂર પડે છે. આમ થોડો ધૂમાડો થતાં જ ચેતવણીની ઘંટડી વાગીને આ સાધન મોટી આગ અટકાવવામાં ઉપયોગી થાય છે.

## વીજળી વિશે આ પણ જાણો

રેશમના ટુકડાને અબનુસના સળિયા સાથે ઘસવાથી વીજળી ઉત્પન્ન થવાની શોધ પછી વીજળીને ઈલેક્ટ્રીસિટી નામ અપાયું. રેશમ જેવી સુંવાળી સપાટીને લેટિન ભાષામાં ઈલેક્ટ્રીસ કહે છે તે ઉપરથી ઈલેક્ટ્રીક શબ્દ બન્યો. આપણે તેને વિદ્યુત કે વીજળી કહીએ છીએ. વિજ્ઞાનની ભાષામાં વીજળીની વિવિધ પ્રક્રિયા માટે જુદા જુદા શબ્દો પણ જાણવા જેવા છે.

★ *ઈલેક્ટ્રિક ચાર્જ :* વીજળીને કારણે પદાર્થમાં પેદા થતી શક્તિને ઈલેક્ટ્રિક ચાર્જ કે વીજભાર કહે છે.

★ *ઈલેક્ટ્રિક કરંટ :* ધાતુના તારમાં વીજળી પ્રવાહની જેમ વહે છે. આ પ્રવાહને કરંટ કે વીજપ્રવાહ કહે છે. તેનો એકમ એમ્પિયર છે.

★ *ઈલેક્ટ્રિક ફિલ્ડ :* પદાર્થમાં વીજળી વહે ત્યારે તેની આસપાસ વીજળીનું ક્ષેત્ર પેદા થાય છે. તેને વીજક્ષેત્ર કહે છે.

★ *ઈલેક્ટ્રિક પાવર :* વીજળી વહે ત્યારે ઊર્જા પેદા થાય છે. તેને વીજશક્તિ કહે છે. તેનો એકમ વોટ છે. ૭૫૦ વોટ એટલે એક એક હોર્સપાવર. એક હજાર વોટ એક કલાક સુધી વપરાય તેને એક કિલોવોટ કહે છે.

## છિદ્રાળુ અને નરમ લાકડું : બૂચ

બાટલીમાં બૂચ તરીકે તેમજ ઘણા પેકિંગમાં વપરાતું છિદ્રાળુ નરમ અને હળવું લાકડું બૂચ તરીકે ઓળખાય છે. સ્પેન, પોર્ટુગલ, અલ્જીરિયા વગેરે દેશોમાં બૂચનાં વૃક્ષો થાય છે. તેની ખેતી પણ થાય છે.

બૂચનું વૃક્ષ ૨૦ મીટર ઊંચું થાય છે. ૪ થી ૭ સેન્ટીમીટર ઘેરા લીલા રંગના પાનનું આ ઝાડ બારેમાસ લીલું રહે છે. તેના થડ અને ડાળીઓ જાડા હોય છે. બૂચના વૃક્ષ પર્યાવરણને ઉપયોગી છે.

ઉપયોગમાં લેવાય છે તે બૂચ આ વૃક્ષના થડની છાલ છે. તે પાંચ સેન્ટીમીટર જાડી અને છિદ્રાળુ હોય છે. થડ ઉપર છાલ ઉતારી લેતા નવી છાલ ઊગે છે. એટલે બૂચનું ઉત્પાદન લેવા વૃક્ષ કાપવું પડતું નથી. બૂચનું વૃક્ષ ૧૦૦ થી ૧૫૦ વર્ષ જીવે છે.

યુરોપમાં બૂચનું વ્યાપક ઉત્પાદન થાય છે. બૂચ ઉપરાંત ઈન્સ્યૂલેશન પેનલ, ટાઈલ્સ અને ફ્લોરિંગ તેમજ કાર ઉદ્યોગમાં બૂચનો ઉપયોગ થાય છે. તેનાં કાગળ પણ બને છે.

એશિયા અને ચીનમાં થતાં કેટલાક વૃક્ષોમાં પણ બૂચ પેદા થાય છે. ભારતમાં ચમેલીના વૃક્ષનું લાકડું બૂચ જેવું જ છિદ્રાળુ અને હળવું હોય છે. એક ઘનમીટર બૂચનું વજન લગભગ ૨૫૦ ગ્રામ હોય છે. એટલે સામાન્ય લાકડા કરતાં પાંચમાં ભાગનું થાય.

## ફૂલોની સુગંધનું રહસ્ય

વનસ્પતિના થડ, ડાળીઓ, પાન, ફૂલ અને ફળ જુદા જુદા લક્ષણો ધરાવે છે. વનસ્પતિને વિકાસની સાથે સાથે આત્મરક્ષણ અને વંશવેલો વધારવાનો પણ હોય છે. કડવા લીમડાના ફૂલોમાંથી આકર્ષક સુગંધ આવે છે. આ સુગંધનું એક રહસ્ય છે.

ફૂલ ઉપર બેસતા પતંગિયા જેવા કીટકો તેની પરાગરજ લઈને બીજા ફૂલ ઉપર બેસે તો જ ફૂલમાં ફલીનીકરણ થઈ ફળ પેદા થાય અને વંશવેલો આગળ ચાલે. ફૂલનું મુખ્ય કારણ પતંગિયાને આકર્ષવાનું છે તે રંગબેરંગી હોવા ઉપરાંત સુગંધીદાર હોય તો જ જીવડાં નજીક આવે.

વનસ્પતિમાં એસેન્શિયલ ઓઈલ નામનું તેલ હોય છે. જુદી જુદી વનસ્પતિમાં આ તેલ જુદા જુદા પ્રકારનું હોય છે. આ તેલ ઉડ્ડયનશીલ છે. તે આપમેળે વરાળ થઈ હવામાં ફેલાય છે. એટલે ફૂલોમાંથી સુગંધ આવે છે. વિજ્ઞાનીઓ આ તેલનો અભ્યાસ કરીને જાતજાતના કૃત્રિમ સુગંધીદાર અત્તર વગેરે બનાવે છે.

## રંગબેરંગી નિઓન લેમ્પ

બજારની રોશનીનું આકર્ષણ નિઓન લેમ્પને આભારી છે. વાંકીચૂકી અક્ષરો કે ઈચ્છિત આકારમાં વળેલી પાતળી રંગબેરંગી ટ્યુબ એક પ્રકારની ટ્યુબલાઈટ જ છે. સામાન્ય ટ્યુબલાઈટમાં મર્ક્યુરી ગેસ હોય જે સફેદ પ્રકાશ આપે છે. નિઓન ટ્યુબમાં નિઓન અને ઓર્ગોન વાયુનું મિશ્રણ હોય છે.

નિઓન લેમ્પની શોધ ૧૮૯૮માં જ્યોર્જિસ ક્લાઉડ નામના વિજ્ઞાનીએ કરેલી. ઇચ્છિત આકારમાં વાળીને બનાવેલી ટ્યુબમાં વીજપ્રવાહ વહે છે ત્યારે ત્યારે વાયુના અણુઓ પ્રકાશિત થાય છે. આર્ગોન વાયુ ભુરા રંગનો પ્રકાશ પેદા કરે છે તેને પીળા રંગની ટ્યુબમાં ભરવામાં આવે તો ભૂરો અને પીળો મિશ્ર થઈને લીલો પ્રકાશ આપે છે. હાઈડ્રોજન વાયુની હાજરીથી લાલ રંગ અને હિલિયમ પીળો પ્રકાશ વેરે છે. આ બધા નોબલ વાયુઓ છે. વીજળીના સાદા લેમ્પ કરતા નિઓન ટ્યુબમાં વીજળીનું ગરમીમાં ઓછું પણ પ્રકાશમાં વધુ રૂપાંતર થાય છે એટલે નિઓન લેમ્પ બહુ ગરમ થતા નથી અને પ્રકાશ વધુ આપે છે.

## થર્મોસનો શોધક : જેમ્સ ડેવર

ચા કે કોફી જેવા પીણાંને લાંબો સમય ગરમ રાખવા માટે ઉપયોગી થતાં થર્મોસ ફ્લાસ્ક જાણીતા સાધન છે. ગરમીને પ્રસારિત થવા માટે માધ્યમ જરૂરી છે. શૂન્યાવકાશમાં ગરમીનું વહન થતું નથી. વળી કાચ જેવી તેજસ્વી સપાટી પરથી ગરમી પાછી ફેંકાય છે. આ સાદા સિદ્ધાંત પર થર્મોસની રચના થઈ છે. બહારથી રંગીન અને આકર્ષક દેખાતા એલ્યુમિનિયમના થર્મોસ ફ્લાસ્કની અંદર કાચની બોટલ હોય છે. આ બોટલ કાચના બે પડની બનેલી હોય છે. બંને પડ વચ્ચેથી હવા ખેંચી લઈ વેક્યુમ કરેલું હોય છે. વેક્યુમમાંથી ગરમી પસાર થતી નથી એટલે બોટલમાં રહેલી ચા કે કોફી લાંબો સમય ગરમ રહે છે. વળી બોટલની અંદરની સપાટી પણ તેજસ્વી હોય છે એટલે ગરમી પાછી ફેંકાય છે. આ ઉપયોગી સાધનની શોધ જેમ્સ ડેવર નામના વિજ્ઞાનીએ કરેલી. જો કે તેણે વાયુઓ ઉપર પ્રયોગ કરવા માટે પ્રયોગશાળામાં આ કાચની બોટલ બનાવેલી. હવે આપણે તેનો થર્મોસ તરીકે ઉપયોગ કરીએ છીએ.

જેમ્સ ડેવરનો જન્મ સ્કોટલેન્ડમાં ઇ.સ. ૧૮૫૨ માં સપ્ટેમ્બરની ૨૦ તારીખે થયો હતો. એડિનબર્ગ યુનિવર્સિટીમાં ઉચ્ચ અભ્યાસ કરીને તેણે કેમ્બ્રિજ અને રોયલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ લંડનમાં પ્રોફેસર તરીકે નિમણૂક મેળવેલી. જેમ્સ ડેવરે ગરમ અને અતિઠંડા પદાર્થો, વાયુઓ અને પ્રવાહીઓ ઉપર ઊંડો અભ્યાસ કરેલો. ડેવરનો મુખ્ય વિષય ઓક્સિજન અને કેટલાક વાયુઓને ઠંડા કરીને પ્રવાહીમાં ફેરવવાનો હતો. તેણે વાયુઓને અતિ ઠંડા કરી લાંબો સમય સાચવવા વેક્યૂમવાળી બોટલ બનાવેલી.

જેમ્સ ડેવરે ઓક્સિજન, હાઈડ્રોજન વાયુઓને પ્રવાહીમાં ફેરવવાની શોધ કરેલી. તેણે ધૂમાડો ન થાય તેવો ગનપાવડર પણ શોધેલો. તે વિજ્ઞાની હોવા ઉપરાંત સારો શિક્ષક હતો. ૮૦ વર્ષની ઉંમર સુધી તે વિજ્ઞાનના પ્રયોગો કરતો રહેલો. ઇ.સ. ૧૯૨૩ના માર્ચની ૨૭ તારીખે તેનું અવસાન થયું હતું.

## નવું નાણાંકીય વર્ષ, નવા નિયમો

તા. ૧લી એપ્રિલથી નવું નાણાંકીય વર્ષ શરૂ થઈ ગયું છે. ત્યારે આવકવેરાથી માંડીને રેલવે, બેન્કિંગ ઉપરાંત નાની બચતના વ્યાજદર સહિત નિયમોમાં નાના-મોટા ફેરફારો લાગુ થવા જઈ રહ્યા છે. સામાન્ય જનતાને સીધી રીતે સ્પર્શતા આ ફેરફારોની એક ઝલક.

**કરના નવા નિયમો :**

- વાર્ષિક ૫ લાખથી ૧૦ લાખ આવક ધરાવતા લોકોને ૧૦ ટકાની જગ્યાએ ૫ ટકા જ કર ભરવો પડશે.
- એક કરોડથી વધુ આવક ધરાવતા કરદાતાઓને ૧૨,૮૦૬ રૂપિયાની રાહત મળશે.
- વાર્ષિક ૩.૫ લાખની આવક ધરાવતા કરદાતાઓના કર રીબેટ ઘટાડીને ૨૫૦૦ કરવામાં આવ્યા છે.
- ૫૦ લાખથી ૧ કરોડની વાર્ષિક આવક ધરાવતા કરદાતાઓને કુલ કરના ૧૦ ટકા સરચાર્જ.
- ૧ કરોડથી વધુની આવકના કર ઉપર ૧૫ ટકા સરચાર્જ લાગશે.
- સ્થાવર મિલ્કત ૩ વર્ષને બદલે બે વર્ષ માટે પણ લાંબાગાળાની મિલ્કત ગણવામાં આવશે.
- વાર્ષિક ૫ લાખથી વધુની આવક ધરાવતા વ્યક્તિગત કરદાતાઓને એક પેજમાં જ કર ભરવાનો રહેશે.
- **૨૦૧૭-૧૮નો કર સમય મર્યાદા કરતા મોડો ભરવામાં આવશે તો ૫૦૦૦ રૂપિયાનો દંડ.**
- ટેક્ષ રીટર્ન રીવીઝનની સમય મર્યાદા બે વર્ષને બદલે એક વર્ષ.

**રેલવેની વિકલ્પ પદ્ધતિ :**

- રેલવે મંત્રાલયની નવી આરક્ષણ પદ્ધતિ વિકલ્પ લાગુ.
- આ યોજના હેઠળ વેઈટિંગ લિસ્ટમાં રહેલા મુસાફરોને વિશેષ ટ્રેનોમાં યાત્રા કરવાની તક.
- શરૂઆતના સમયમાં વિકલ્પ યોજના માત્ર ઇ-ટિકિટ માટે જ લાગુ.
- વેઈટિંગ લિસ્ટમાં રહેલા લોકોને વિકલ્પ સ્કીમ પસંદ કરવાની તક.
- ચાર્ટ તૈયાર થયા બાદ કન્ફર્મ ન થયેલા યાત્રિકોની પસંદગી.
- આ માટે કોઈપણ વધારાનો ચાર્જ નહીં.
- વિકલ્પ હેઠળ પસંદ થયેલી ટિકિટ સામાન્ય.

- વિકલ્પ યોજના પસંદ કરવા માટે PNR ચેક કરવો પડશે.
- તમામ ટ્રેનમાં બર્થની સુવિધા મળી રહેશે.

**વાહનો માટે નવા નિયમો :**

- ૧ એપ્રિલતી એમિનેશન નિયમો લાગુ પડશે.
- આ નિયમ હેઠળ બીએસ-૪ એન્જિન ધરાવતા વાહનોનું વેચાણ કરવાનું રહેશે.
- નિર્ધારીત સ્કુટર અને બાઈકો વગેરે ખરીદ્યા બાદ નોંધણી ઉપર રોક મૂકવામાં આવી છે.
- જો તમે કોઈ નવું વાહન ખરીદવાની વિચારણા કરી રહ્યા છો તો એન્જિનની જાણકારી લેવી પડશે.
- ૨૦૧૫ના વર્ષમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. જેનું ૧ એપ્રિલ, ૨૦૧૭થી અમલીકરણ થવાનું છે.

**એસ.બી.આઈ.માં એ.ટી.એમ. અને રોકડ વ્યવહાર માટે નવા નિયમો :**

- એસ.બી.આઈ.માં એ.ટી.એમ. અને રોકડ વ્યવહાર માટેના નવા નિયમો લાગુ થશે.
- ખાતામાં ત્રણ વખત ડિપોઝિટ થયા બાદ ચોથી વખતે રૂા. ૫૦ ચાર્જ લાગશે.
- મેટ્રો શહેરમાં ૫૦૦૦, શહેરી બ્રાંચમાં ૩૦૦૦, નાના શહેરોમાં ૨૦૦૦ અને ગ્રામ્ય વિસ્તારમાં બેંક ખાતામાં ઓછામાં ઓછા ૧૦૦૦ રૂપિયા ફરજિયાતપણે રાખવા પડશે.
- ૫ ફ્રી ટ્રાન્ઝેક્શન પછી પ્રતિ ટ્રાન્ઝેક્શન ૧૦ રૂપિયા વસુલવામાં આવશે. જો તમારા બચત ખાતામાં ૨૫,૦૦૦થી વધુ રકમ હશે તો આ નિયમ લાગુ નહીં પડે.
- દર ત્રણ મહિને ૧૫ રૂપિયા SMS ચાર્જ ભરવો પડશે.■

## હિલ સ્ટેશનથી નજીકના એરપોર્ટ અને રેલવે સ્ટેશનની માહિતી

ગરમીના કારણે ઉનાળાની રજાઓમાં લોકો હિલ સ્ટેશને જવાનું વધુ પસંદ કરે છે. આ ઉનાળામાં પણ અનેક લોકોએ જુદા જુદા હિલ સ્ટેશને જવાના પ્લાન બનાવેલ હશે. પરંતુ મોટાભાગના હિલ સ્ટેશનો ઍરપોર્ટ કે રેલવે સ્ટેશનોથી દૂર હોવાનું કારણ, તે પહાડી વિસાતારોમાં આવેલ હોય છે. આ પરિસ્થિતિમાં અહીં કેટલાક હિલ સ્ટેશન કયા ઍરપોર્ટ કે કયા રેલવે સ્ટેશનની નજીક આવેલ છે તેની માહિતી આપેલ છે. ઍરપોર્ટ અથવા રેલવે સ્ટેશનેથી તેનું અંતર કિલોમીટરમાં દર્શાવેલ છે. આપ આ વેકેશનમાં ફરવા જવાનું વિચારતા હો તો આપશ્રીને પણ આ માહિતી ઉપયોગી બની રહેશે.

| હિલ સ્ટેશન | રાજ્ય | નજીકનું એરપોર્ટ | એરપોર્ટથી અંતર | નજીકનું રેલવે સ્ટેશન | રેલવે સ્ટેશનથી અંતર |
|---|---|---|---|---|---|
| લોનાવલા-ખંડાલા | મહારાષ્ટ્ર | પુના | ૬૬ | લોનાવલા | ૦ |
| મહાબળેશ્વર | મહારાષ્ટ્ર | પુના | ૧૨૦ | વાથર | ૬૦ |
| પંચગીની | મહારાષ્ટ્ર | પુના | ૧૦૫ | વાથર | ૪૫ |
| માથેરાન | મહારાષ્ટ્ર | મુંબઈ | ૧૦૦ | નેરલ | ૨૨ |
| પંચમઢી | મધ્યપ્રદેશ | ભોપાલ | ૧૯૫ | પીપરીયા | ૪૭ |
| ડેલહાઉસી | હિમાચલ પ્રદેશ | અમૃતસર, કાંગરા | ૧૯૦-૧૩૫ | પઠાણકોટ | ૮૦ |
| ગુલમર્ગ | જમ્મુ અને કાશમીર | શ્રીનગર | ૪૫ | ઉધમપુર | ૨૮૦ |
| નૈનીતાલ | ઉત્તરાંચલ | પંતનગર | ૬૫ | કાઠગોદામ | ૩૫ |
| રાનીખેત | ઉત્તરાંચલ | પંતનગર | ૧૧૯ | કાઠગોદામ | ૮૦ |
| કૌસાની | ઉત્તરાંચલ | પંતનગર | ૧૮૦ | કાઠગોદામ | ૧૨૪ |
| કોનુર | તામિલનાડુ | કોઈમ્બતુર | ૧૦૦ | કોનુર | ૦ |
| કોડાઇકેનાલ | તામિલનાડુ | મદુરાઈ | ૧૨૦ | કોડાઈ રોડ | ૮૦ |
| ઊટી | તામિલનાડુ | કોઈમ્બતુર | ૯૭ | ઊટી (કોઝી રોડ) | ૦ |
| દાર્જિલીંગ | પશ્ચિમ બંગાળ | બાગડોગરા | ૯૦ | સીલીગુડી | ૧૦૦ |
| ગંગટોક | પશ્ચિમ બંગાળ | બાગડોગરા | ૧૨૪ | ન્યુ જલપાઈગુડી | ૧૧૪ |
| લેહ | જમ્મુ કાશમીર | લેહ | ૦ | ઉધમપુર | ૬૨૦ |
| મુન્નાર | કેરાલા | કોચીન | ૧૩૦ | કોચીન | ૧૩૦ |
| કુર્ગ | કર્ણાટક | મેંગ્લોર | ૧૩૫ | મૈસુર | ૫૫ |
| મસુરી | ઉત્તરાંચલ | દહેરાદુન | ૫૦ | દહેરાદુન | ૩૪ |

## ચાખવાની છે!

તબિયત પ્રેમનો ચારો ચરી પાગલ થવાની છે,
મને ઇચ્છા હવે મજનુનો રેકોર્ડ તોડવાની છે.

લઈને બેટરી સાથે નીકળતો જો ખબર હોતે,
કે ખીસામાં પડેલી પાવલી પણ ગુમ થવાની છે.

ભલેને એમ તો લાગે છે મીઠો માલ પણ થોભો,
મને આદત શરૂથી ખાતા પહેલાં ખાવાની છે.

અરે, આ તો દવાખાનું કે દૂધેશ્વરનો છે આરો?
ન બિસ્તર છે, ન સિસ્ટર છે, ન પાસે થૂંકદાની છે.

પળેપળમાં તો હું કાચંડા જેવો રંગ બદલું છું,
કહ્યું કોણે કે બેરંગી અમારી જિંદગાની છે.

કહો તો સાંબેલાથી હું વગાડું બીન 'નાગીન'નું
વગાડીને અરે! વાયોલીન શી ધાડ મારવાની છે.

મેં પહેલાં પાણી સાથે ગટગટવા જઈ પછી વાંચ્યું,
લખ્યું'તું બાટલી ઉપર દવા આ ચાટવાની છે.

ભલેને એમનું ડાચું છે ઉતરેલી કઢી જેવું,
અમારી પાસે તરકીબ હાસ્યને ફેલાવવાની છે.

ઘડીભરમાં તમે રહેશો ન માથાનું દરદ રહેશે,
અસર એવી ચમત્કારિક અમારી આ દવાની છે.

ભલે પરદે નહિ તો પણ ફિલ્મી હાસ્યકારોમાં,
તમે જો...જો આ 'ગોલીબાર'ની ગણના થવાની છે.

*– એન. જે. ગોલીબાર*
*ગોલીબાર પબ્લિકેશન્સ, નારોલ, અમદાવાદ-૩૮૨ ૪૦૫.*
*ફોન : ૨૫૩૨૯૧૮૧, ૨૫૩૨૯૬૭૧*

## ફરજ

જુંભેસ હલઇ આય જોરાતી
સ્વચ્છતા અભિયાન
જંગમેં ઉતર્યા ઝાડુ ખણીં
મિડે સફાઈ લાય મેધાન...૧

ભાગ ખૂલી વ્યા ગામડેંજા
ને નેતા ખટી વ્યા માન
ડતક ગિનીને ડિપાઇયેં
નેતા પિંઢજી શાન...૨

વાહ વા થીયે વડા પ્રધાનજી
મુંજો ભારત ડેશ મહાન
કરીયું ન કચરો પાં પણ
"પ્રભુ" રખોં ફરજજી ભાન...૩

*પ્રભુલાલ સિધ્ધપુરા - ગાંધીધામ*

## કેડી આય....

હાણે કેડી આય હી પવિત્રતા
અને કેડી આય હી મિત્રતા.

ભા જો ભા નતો થીએ
ભાઈબંધ જો ન થીએ ભાઈબંધ
કેડી સંબંધ જી વિચિત્રતા
કેડી આય હી પવિત્રતા.

મોં તે નકાબ પેર્યા આય
ચહેરા મડે છુપાઈએંતા.
કુરો આય નેરો ભીતરતા
કેડી આય હી પવિત્રતા.

ધુનિયા રોજ ભધલી વિનેતી
સમય પણ ભધલી વ્યો આય
પૈસે જા મળે સંબંધી આય
પૈસે જી આય મિત્રતા
કેડી આય હી પવિત્રતા.

*રજનીકાંત ઓઝા - ભુજ, કચ્છ*
*મો. ૯૪૨૮૮ ૯૫૮૭૦*

## લાઈબ્રેરી

અનેકાનેક લેખકોના પુસ્તકો, લાઈબ્રેરીઓમાં સંગ્રહ્યા છે
વાચકોના અપ્રતિમ ભાવો, તેઓના હૃદયે સમાયા છે

કોઈએ લખેલી છે વાર્તાઓ, તો વળી કોઈ કવિતા કહે
કેટકેટલીએ આત્મકથાઓમાં, જ્ઞાનની સરિતાઓ વહે

અસંખ્ય વિષયો પરના ગ્રંથો, લાઈબ્રેરીઓમાં જળવાયા છે
આ ગ્રંથાલયોના ખૂણે ખૂણામાં, સાહિત્યકારો સચવાયા છે.

કરી લઈએ ડોકીયું એક લાઈબ્રેરીમાં, તો અજબની ચૂપકીદી માણવા મળે
તલ્લીનતા નીરખીએ વાચકોની, એ વાંચનના રસથાળ તળે

જીવનને ધન્ય બનાવતી આ લાઈબ્રેરીઓ, જ્ઞાન ભંડારો ખોલે છે
જીવતરની જડીબુટ્ટી સમા પુસ્તકો, અહીં તો સ્વયં બોલે છે.

*પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

*માણસને નીચે પડવાની છૂટ છે,*
*પરંતુ અન્યને નીચા પાડવાની છૂટ નથી.*

## લઘુ કાવ્યો

સંબંધોને
નામનો બોજો
શા માટે આપવો છે?
તારી અને મારી
વાતને માત્ર
'આપણી' જ
રહેવા દે ને.

શું જોઉં,
અક્ષર કે સરનામું!
એની સુગંધ
એની ઉત્સુકતા જ
બતાવી દે છે કે,
પત્ર તારો જ છે.

રહેવા દે!
એ બધું મંજૂર નહીં થાય,
તકદીરથી કદીયે ના લડાય,
દુનિયાથી દૂર રહી શકાય ભલા?
ખ્વાબ કદી હકીકતમાં પલટાય?
રહેવા દે!
કંઈ નાની સૂની નથી એ તિરાડ,
એને પૂરવા જોઈશે કેટલાય આયખા
તો આ તો માત્ર એક જ અવતાર
અને તે પણ હવે તો
રહેવા દે!

***અરુણા અરુણ ઠક્કર, ભુજ - કચ્છ***

## ગોલીયાં

*અય મેરે દેશ કે જાંબાઝ નૌજવાન*
*ગોલીયાં હમ ભી ખાતેં હૈ*
*ઔર ગોલીયાં આપ ભી ખાતે હૈં*
*લેકિન આપ ઔર હમારે બીચમેં*
*ફર્ક યે હૈ કિ*
*હમ "ગોલીયાં" ખા ખા કર મર જાતે હૈં*
*ઔર આપ "ગોલીયાં" ખા ખા કર અમર હો જાતે હૈં*

***અરવિંદ સોમૈયા - નખત્રાણા, કચ્છ***

## "હૃદય - આલેખ!!" (કાર્ડિયોગ્રાફ)

### (અછાંદસ કાવ્ય)

- હું ક્યારેક જ લખું છું! – પણ અછાંદસ કાવ્ય, હું લખતો નથી!
– કારણ, વિચારવનનું 'પ્રવાહીકરણ' – એ જ કવન!
વળી ભાવોનું 'હૃદયીકરણ' – એ જ જીવન!
જેમ માનુષોનું 'માનવીકરણ' – એ જ ધરમ!!

– આટલી પ્રસ્તાવના પછી કહું તો...
હું હૃદયનો 'ખાસ દાક્તર' નથી - સહૃદયી ખરો!
હું 'હાર્ટ સ્પેશિયાલિસ્ટ' નથી જ! પણ સ્પંદનો ગમે, ગણું પણ ખરો!

– અને તેથી જ, વરસો અગાઉ, શરત ચૂકથી(!)
મને 'ભારત હૃદય'નો આલેખ (કાર્ડિયો) ઉકેલવા કહેવાયું!
ફરી કહું છું - હું હાર્ટ સ્પેશિયાલિસ્ટ નથી જ
આ, આલેખ શી રીતે ઉકેલું?
પણ, હૃદય વાંચીશ જરૂર!!

અને અણઘડ નજર, ફેલાઈ 'E.C.G.' લિપિઓ પર!
આંખે વાંચ્યું 'V1' – ન સમજાયું!?

અરે! સમજાયું V1 એટલે "WE ARE ONE"!!
(અમે એક છીએ, અખંડ! અતૂટ! અજોડ!!)
મેં નિદાન્યું – હાર્ટ તંદુરસ્ત છે - આલેખ નોર્મલ!!

દરમ્યાન, સમયની શારડી ચાલી...!
ફરી આજે, વરસો પછી, મારી સમક્ષ તે જ દર્દી?!–
તેનો જ, 'ભારત હૃદય'નો આલેખ રજૂ થયો!

હવે અણઘડ નહીં, અનુભવી આંખે વાંચ્યું!.... V2... V3.. V4...
(અમે એક નહીં, જુદા!... જાતિ ધર્મોમાં... સાવ જ જુદા?!)
હું, નિદાન ન કરી શક્યો! ધબકાર ચૂક્યો, ચીખાયો...!
મારું (ભારત) હૃદય તૂટી રહ્યું છે!!

અસ્તિત્વ કોમામાં સરી રહ્યું છે! વ્યાકુળ વ્યક્તિત્વ ઓગળી રહ્યું છે!
લાચાર હું, શું વદું? – શું કરું? –
હા, આખર હું 'હાર્ટ સ્પેશિયાલિસ્ટ' નથી જ!

– હું તો પામર... અદનો... અમથો માનવ જ છું!!

***ચંદ્રવદન એચ. ધોળકિયા - ભુજ, કચ્છ***
***મો. ૯૪૨૮૭ ૬૫૨૮૭***

*ક્રોધને કડવા વેણ સાથે વિશેષ મેળ હોય છે.*

## ગુટકા ખાઓ... ઇનામ જીતો!!

- ★ યોજનાની મુદત — આજથી માંડીને જીવન પર્યંત.
- ★ પ્રથમ ઈનામ — નાનુ મોં
- ★ બીજું ઈનામ — સડી ગયેલ ગાલ
- ★ ત્રીજું ઈનામ — કેન્સર
- ★ ચોથું ઈનામ — યુવાનીમાં ઘડપણ
- ★ પાંચમું ઈનામ — કિડની ખરાબ
- ★ છઠ્ઠું ઈનામ — ખાંસી, કફમાં વૃધ્ધિ, દાંત ગાયબ
- ★ સાતમું ઈનામ — રામનામ સત્ય છે.
- ★ ફોર્મનું પ્રાપ્તિ સ્થાન — પાનના ગલ્લા
- ★ ફોર્મની કિંમત — બેથી વીસ રૂપિયા સુધી
- ★ ઈનામ પ્રદાન સ્થળ — સ્મશાન ઘાટ
- ★ મુખ્ય મહેમાન — યમરાજ

*નોંધ : દરેક ગુટકા સાથે કમજોરી મફત.*

*સંકલન : હીરાલાલ વી. ઊનડોઠવાલા - મુંબઈ*

## વખત જી બલિહારી

ન્યારેઓ! વખતજી બલિહારી!
ઈ ગોં કે વાઘણ ભનાય!
ગરીભ ગોં જેડી નોં
ત્રી વરેં પોઆ સસ ભને!
વહુ મથે વાઘણ થીએ
ઈ વેઆ ડીં ભૂલી વિને
નારી ધુસમણ જાતજી
છડે ન પિંઢજો તંત
'હરિ' રૂપાંતર જો ખેલ હી
હલે આદિનું અનંત!

*હરિદાસ કે. ઠક્કર 'હરિ' - માંડવી, કચ્છ*
*મો. ૯૯૨૪૯ ૯૭૨૨૬*

*તન શુદ્ધ કરો સ્નાનથી, મન શુદ્ધ કરો જ્ઞાનથી,*
*ધન શુદ્ધ કરો દાનથી, આત્મા શુદ્ધ કરો ધ્યાનથી.*

*ફૂલના માલિક બની શકાય, સુગંધના નહીં.*
*પંખીના માલિક બની શકાય, એના ટહુકાના માલિક ન બની શકાય.*
*સૂર્યપ્રકાશ કે પવન કોઈની માલિકીના નથી.*

## માર્ચ-૨૦૧૭ની ચૂંટણીના પરિણામો

| પક્ષ | ઉત્તર પ્રદેશ | ઉત્તરાખંડ | પંજાબ | ગોવા | મણિપુર | ટોટલ |
|---|---|---|---|---|---|---|
| ભાજપ | ૩૨૪ | ૫૭ | — | ૧૩ | ૨૧ | ૪૧૫ |
| સપા | ૪૭ | — | — | — | — | ૪૭ |
| કોંગ્રેસ | ૭ | ૧૧ | ૭૭ | ૧૭ | ૨૮ | ૧૪૦ |
| બસપા | ૧૯ | — | — | — | — | ૧૯ |
| અન્ય | ૬ | ૨ | ૨ | ૧૦ | ૧૦ | ૩૦ |
| આપ | — | — | ૨૦ | — | — | ૨૦ |
| અકાલી ભાજપ | — | — | ૧૮ | — | — | ૧૮ |
| તૃણમુલ | — | — | — | — | ૧ | ૧ |
| **કુલ** | **૪૦૩** | **૭૦** | **૧૧૭** | **૪૦** | **૬૦** | **૬૯૦** |

# વર્તમાનપત્રોના આધારે

## સુરતમાં સાડા ત્રણ વર્ષની બ્રેઈન ડેડ બાળકીની કિડની, લિવર, આંખ ડોનેટ કરાતાં ત્રણ બાળકોને નવજીવન મળ્યું

### એકની એક દીકરીના અંગોનાં દાનનો નિર્ણય કઠણ હૃદયે લઈ માતાપિતાએ સમાજને નવી દિશા ચીંધી

સુરતમાં સાડા ત્રણ વર્ષની બાળકીના અંગ દાનનો પ્રથમ કિસ્સો નોંધાયો હતો. આ વિરલ ઘટના ત્યારે સાકાર થઈ શકી હતી, જ્યારે બાળકીના જાગૃત માતા-પિતાએ મજબુત મનોબળ કેળવીને કઠણ હૃદયે એકની એક બાળકીના ઓર્ગન ડોનેશનનો નિર્ણય લીધો હતો. સુરતી મોઢ વણિક સમાજના ગોળવાલા પરિવારની બાળકીના અંગ દાન થકી ત્રણ બાળકોને નવજીવન અને બે વ્યક્તિને રોશની મળી શકી હતી...!

પાલ-અડાજણ રોડના શિવછત્ર રેસિડન્સી ખાતે રહેતાં ઉર્વીશ ગોળવાલા ખાનગી બેંકમાં અને તેમનાં પત્ની વિશ્વા મજુરાગેટ ખાતેની ખાનગી કંપનીમાં નોકરી કરે છે. તેમને સાડા ત્રણ વર્ષની એકની એક દીકરી દીઝાને ગત શુક્રવારે સવારે ઊલટી થઈ ખેંચ આવતા ચિલ્ડ્રન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

દીઝા શ્વાસ લઈ શકતી ન હોવાથી વેન્ટીલેટર પર રખાઈ હતી. સિટીસ્કેન કરતા મગજમાં પાણીના ભરાવાને કારણે નાના મગજને નુકસાન થયું હોવાનું નિદાન થયું હતું. ત્યારબાદ ન્યુરોસર્જને દીઝાને બ્રેઈનડેડ જાહેર કરી હતી.

આ અંગેની જાણ થતાં ડોનેટ લાઈફની ટીમે પહોંચી દીઝાના ફૂઆ જયેશભાઈ જગીવાલા અને પીતરાઈ કાકા ઍડવોકેટ જિતુભાઈ ગોળવાલા સાથે રહી દીઝાના માતાપિતા સહિતના પરિવારજનોને ઓર્ગન ડોનેશનનું મહત્ત્વ સમજાવતા અંગદાન માટે સંમતિ આપી હતી.

### દીઝાના અંગોથી આ બાળકોને જીવનદાન મળ્યું

ડોનેટ લાઈફના નીલેશ માંડલેવાલાએ અમદાવાદની આઈકેડીઆરસીના ટ્રાન્સપ્લાન્ટ કો. ઓર્ડિનેટ પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરતાં ડૉ. વિકાસ પટેલ અને તેમની ટીમને મોકલાઈ હતી. તેઓએ કિડની અને લીવરનું દાન તો ચક્ષુઓનું દાન લોકદૃષ્ટિ ચક્ષુબેંકે સ્વીકાર્યું હતું. દાનમાં મેળવવામાં આવેલી એક કિડની પોરબંદરના રહેવાસી ગોકુલેશ મોહનભાઈ ઓડેદરા (૮ વર્ષ) અને બીજી કિડની અમદાવાદની રિતીકા કમલેશભાઈ દેસાઈ (૬ વર્ષ) માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી. જ્યારે લિવર વિસનગરના શ્રેય પટેલ (૫ વર્ષ) માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

*દિવ્ય ભાસ્કર*

## ઓર્ગન ડોનેશન કેમ્પમાં એક સાથે ૪૦ લોકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું

### સાથે લોકોને ડોક્ટર્સ તથા વોલેન્ટીયર્સ ટીમ દ્વારા અંગદાનનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું.

શહેરની આરના હોસ્પિટલ ખાતે માનવ સેવા ટ્રસ્ટ અને રોટરી ક્લબ ઓફ ગેલેક્સી દ્વારા ઓર્ગન ડોનેશન અવેરનેસ કેમ્પનું આયોજન કરાયું હતં. જેમાં ૬૦ થી વધારે લોકો જોડાયા હતા. આ દરમિયાન ૪૦ જેટલા લોકોએ શતાયૂ સાથે મળી તેમને પોતાના અંગ દાન માટે રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. અહીં આવેલા લોકોને ડૉક્ટર્સ અને એનજીઓના વૉલેન્ટીયર્સ ટીમ દ્વારા અંગદાનના મહત્ત્વ વિશે સમજાવવામાં આવ્યું હતું. આ સાથે અહીં રજિસ્ટર્ડ કરાવી ચૂકેલા લોકોનું ફોલોઅપ પણ લેવામાં આવશે. જેમાં તેમના મૃત્યુ બાદ શતાયૂને અંગોનું દાન મળી રહે તે માટે વોલેન્ટીયર્સ ટીમ છેક સુધી કાર્યરત રહેશે. અંગ દાન માટે અહીં આવેલા આ લોકોમાંથી ૫૧ લોકોએ રેડ ક્રોસ સોસાયટીને બ્લડ ડોનેટ પણ કર્યું હતું. આ અંગે માહિતી આપતા ડૉ. રોહિત જોષી, રોટરી ક્લબ ગેલેક્સીના પ્રેસિડેન્ટ અર્પિત તલાટી અને માનવ સેવા ટ્રસ્ટના ટ્રસ્ટી મનુભાઈ બારોટ કહે છે કે, પહેલા અમે ત્રણેએ અંગદાન માટે અમારું ફોર્મ રજિસ્ટર્ડ કરાવ્યું. ત્યારબાદ અન્ય ૪૦ લોકોને તૈયાર કર્યા. કેટલીકવાર અંગદાન માટે રજિસ્ટર્ડ થયા બાદ તેનું ફોલોઅપ નથી લેવાતું જેથી ક્યારેક આ અંગો ડોનેટ નથી થતા. નવજીવન આપતા આ અંગો પેશન્ટસ સુધી પહોંચે તે માટે અમે તેનું ફોલોઅપ લઈશું. તેમના ઘરે દર વર્ષે તેમના બર્થ ડે પર એક કાર્ડ મોકલીશું જ્યાં તેમને જન્મ દિવસ ઉપરાંત ઓર્ગન ડોનેશન અંગે પણ શુભેચ્છા પાઠવીશું. તેમના ઘર પરિવારના સભ્યોના સંપર્કમાં પણ રહેશું.

*દિવ્ય ભાસ્કર*

## દેશમાં ૧૪ પુત્રવધૂને સાસુ-સસરાએ પોતાની કિડનીનું દાન કરીનું નવજીવન આપ્યું!!

### સમાજમાં દહેજ ઉપરાંત અન્ય અનેક કારણસર પુત્રવધૂને ત્રાસની ઘટનાઓ વચ્ચે દાખલો બેસાડ્યો.

સમાજમાં દહેજ, પુત્રની ખેવના તેમજ અન્ય કારણોસર સાસરિયાનાં અસહ્ય ત્રાસથી કેટલીય મહિલાઓ મોતનાં મુખમાં ધકેલાય છે. પરંતુ આનંદની વાત એ છે કે, દેશની ૧૪ પુત્રવધૂ એવી છે કે, જેમને તેમનાં સાસુ-સસરાનાં કિડનીદાનથી નવજીવન મળ્યું છે. જીવન મરણ વચ્ચે ઝોલા ખાતી પુત્રવધૂ માટે સાસુ-સસરા મટી માતા-પિતા સાબિત થયેલાં. ૧૪ સાસુ-સસરામાં ગુજરાત-૯ મધ્યપ્રદેશ-૨,

હરિયાણા ૨ અને ૧ પશ્ચિમ બંગાળના હતા.

અમદાવાદની કિડની ઇંન્સ્ટિટ્યૂટના ડાયરેક્ટર ડૉ. એચ.એલ. ત્રિવેદીનાં જણાવ્યાં મુજબ, સમાજમાં અંગદાનનો અભાવ છે, ત્યારે દર્દીનો જીવ બચાવવા સગા દ્વારા કિડની દાન શ્રેષ્ઠ વિકલ્પ હોય છે, ત્યારે હોસ્પિટલમાં અત્યાર સુધી થયેલાં ટ્રાન્સપ્લાન્ટમાં ૧૪ જેટલાં સાસુ-સસરા દ્વારા પુત્રવધૂનો જીવ બચાવવા કિડની દાન કરી છે તે સમાજ માટે નોંધનીય બાબત છે.

### પિતાએ જીવન, સસરાએ નવજીવન આપ્યું

કુરુક્ષેત્રથી ૪૦ કિલોમીટર દૂર આવેલા કેઓર ગામમાં રહેતાં રીનારાની વિજયપાલજી ગુર્જરનાં જણાવ્યાં મુજબ, બે વર્ષ પહેલા બંને કિડની ફેઈલ થતાં પરિવારમાં ભૂકંપ સર્જાયો હતો. તેવામાં મારા સસરા જીલા રામજીભાઈ ગુર્જરે મારા માથે હાથ મુકીને કહ્યું કે બેટા ચિંતા ન કરીશ તું મારી પુત્રવધૂ નહી દિકરી જ છે, હું તને મારી એક કિડની આપીને નવજીવન આપીશ. આજે તેમની કિડની દાનથી મને નવજીવન મળ્યું છે.

### 'તું પુત્રવધૂ નહિ દીકરી છે કિડની તો હું જ આપીશ'

ગુજરાતનાં કામરેજની ગોકુલધામ સોસાયટીમાં રહેતાં ચેતનાબહેન મહેશભાઈ ચિત્રોડાનાં જણાવ્યાં મુજબ, હું નસીબદાર છું કે, મારા પતિ, સાસુ અને સસરા કિડની આપવા તૈયાર હતા. પણ મને પુત્રવધૂ નહિ દીકરી ગણતા મારા સસરા વિનુભાઈ ચિત્રોડાએ જીદ કરી કહ્યું કે મારી કિડની મેચ ન થાય તો જ હું અન્યને કિડની આપવા દઈશ, અને તેમની કિડનીનું મેચ થતાં દોઢ વર્ષ પહેલાં થયેલાં સફળ કિડની ટ્રાન્સપ્લાન્ટથી હું શ્વાસ લઈ રહી છું.

*દિવ્ય ભાસ્કર*

## નર્મદા : ગુજરાતનું ૫૬૩૭ કરોડનું લેણું

રાજ્યની જીવાદોરી નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન પાસેથી કુલ ૫૬૩૭.૫૬ કરોડની રકમ લેણી નીકળે છે. જેમાં બિનવિવાદિત રકમ રૂ. ૧૧૬૮.૨૯ કરોડ અને વિવાદિત રકમ રૂ. ૪૪૬૯.૨૦ કરોડનો સમાવેશ થાય છે.

તાજેતરમાં વિધાનસભા ગૃહમાં કોંગ્રેસનાં સિદ્ધપુરના ધારાસભ્ય અને દંડક બલવતસિંહ રાજપૂત દ્વારા પૂછાયેલા એક પ્રશ્નના લેખિત પ્રત્યુત્તરમાં નર્મદા યોજનાનો હવાલો સંભાળતા નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલે જણાવ્યું હતું કે, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ પાસેથી ગુજરાત સરકારને રૂ. ૫૬૩૭.૫૬ કરોડની લેણી રકમ નીકળે છે. જેમાં મધ્યપ્રદેશ પાસેથી વિવાદિત અને બિનવિવાદિત મળીને કુલ ૩૭૪૪.૧૭ કરોડ, મહારાષ્ટ્ર પાસેથી વિવાદિત રકમ પેટે રૂ. ૧૨૮૧.૦૨ કરોડ અને રાજસ્થાન પાસેથી વિવાદિત અને બિનવિવાદિત મળીને અંદાજે રૂ. ૫૫૮.૩૭ કરોડ લેણા નીકળે છે.

અત્રે ઉલ્લેખનીય છે કેન્દ્રમાં ભાજપના નેતૃત્વ હેઠળની એનડીએ સરકાર છે તેમજ રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં પણ ભાજપની સરકાર હોવા છતાંય બિનવિવાદિત રૂ. ૧૧૬૮.૨૯ કરોડની રકમ ચૂકવાતી નથી.

સરકાર દ્વારા એવો દાવો કરાયો છે કે, છેલ્લા બે વર્ષ દરમિયાન ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવની ભલામણ દ્વારા રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના અધિક મુખ્ય સચિવોને કુલ બે વાર પત્રો લખાયા છે.

*કચ્છમિત્ર, તા. ૧૦-૩-૨૦૧૭*

## રાજ્યના હિતમાં મહત્ત્વની જાહેરાતો

તાજેતરમાંજ વડાપ્રધાન મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહ ગુજરાત રાજ્યની મુલાકાત લઈ ગયા. ઠેરઠેર પ્રવચનો આપી ગયા. રાજ્યના હિતમાં અનેક મહત્ત્વની જાહેરાતો કરી. આમાં ઓખા બેટ અને દ્વારકા વચ્ચે રૂ. ૫૦૦ કરોડના ખર્ચે "આઈકોનિક બ્રિજ" નું બાંધકામ રૂ. ૪૫૦૦૦ કરોડના ખર્ચે, રાજ્યના ૪૦ બંદરોનો વિકાસ, રાજ્યોના આઠ ધોરી માર્ગોને રૂ. ૧૨૦૦૦ કરોડના ખર્ચે રાષ્ટ્રીય ધોરી માર્ગોમાં ફેરવવા, ભાડભૂત ખાતે રૂ. ૪૯૦૦ કરોડના ખર્ચે નર્મદા નદી પર બેરેજનું બાંધકામ, માછીમારો માટે ખાસ રાહતો, આંધ્રની જેમ ગુજરાતના દરિયાકાંઠે દરિયાઈ ખેતીનો વિકાસ, દહેજના ખાસ આર્થિક વિસ્તારને 'મિની ઇન્ડિયા' બનાવવાની યોજના વગેરેનો સમાવેશ થાય છે. આખા ગુજરાતનો કાયાકલ્પ કરી નાખવાનો હોય એવી સંખ્યાબંધ જાહેરાતો વડાપ્રધાન મોદી તેમની જુદી જુદી સભાઓમાં કરી ગયા.

*ગુજરાત સમાચાર, તા. ૨૧-૩-૨૦૧૭*

## રાજ્યના ૪૦ બંદર માટે ૪૫ હજાર કરોડની ભેટ

ગુજરાતના બે દિવસીય પ્રવાસે આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે દેશની શાસનધૂરા સંભાળ્યા બાદ પ્રથમ વખત સોમનાથ મહાદેવનાં દર્શન કર્યા હતા અને અનેકવિધ જાહેરાતો કરી હતી. તેમ ૪૫ હજાર કરોડના ખર્ચ ગુજરાતના ૪૦ બંદરોના વિકાસથી લઈને કંડલામાં સ્માર્ટ ઇન્ડસ્ટ્રીયલ પોર્ટ સિટી, ઓખાથી બેટ દ્વારકા વચ્ચે ૫૦૦ કરોડના ખર્ચથી આઈકોનિક બ્રિજ, બોટ ખરીદવા માટે ગરીબ માછીમારોને ૫૦ ટકા સબસિડી સહિતની ઘોષણાઓ કરવામાં આવી હતી. સાગરમાલા પરિયોજનાનો ઉલ્લેખ કરીને વડાપ્રધાને કહ્યું હતું કે ગુજરાતનો વિશાળ સાગરકાંઠો સમૃદ્ધિ લાવશે.

વડાપ્રધાન મોદીના સોમનાથના પ્રવાસને લઈ ભાજપ દ્વારા શાનદાર અભિવાદન સમારોહનું આયોજન કરાયું હતું. વડાપ્રધાને પોતાના ઉદ્બોધનમાં માછીમારોના આર્થિક અને સામાજિક વિકાસ માટે અનેક સહાયરૂપ યોજનાઓની જાહેરાતો કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, યોજનાઓમાં પાંચ માછીમારો એક ગ્રુપ બનાવશે અને તેમને બોટની સહાય આપવામાં આવશે. સરકાર તેમાં પચાસ ટકા સબસિડી આપશે તેમજ સમુદ્રમાલા યોજના અંતર્ગત દેશમાં સમુદ્રકિનારે ચારસો પ્રોજેક્ટ પાછળ આઠ લાખ કરોડનું રોકાણ આવનારા દિવસોમાં થશે. જેમાં ગુજરાતમાં ૪૦ બંદરોના વિકાસ પાછળ રૂ. ૪૫ હજાર કરોડનો ખર્ચ કરાશે. ગુજરાતના ૪૦ બંદરો પૈકી ૧૮ બંદરોને આધુનિક બનાવવામાં આવશે. ૧૧ બંદરોને રેલવે, માર્ગ અને એર કનેક્ટિવિટી વધારી જોડવામાં આવશે જ્યારે ૭ બંદરોના ઔદ્યોગિક વિસ્તારોનો વિકાસ કરવામાં આવશે. જ્યારે ૪ બંદરોને કોસ્ટલ કોમ્યુનિટી

ડેવલપમેન્ટ પ્લાન હેઠળ આવરી લેવામાં આવશે.

જ્યારે કંડલા બંદરે ૧૪૦૦ એકરમાં ઇન્ડસ્ટ્રીયલ પોર્ટ સિટી વિકસાવાશે. દરિયાઈ ખેતીને કઈ રીતે માછીમારોના રોજગારી સાથે જોડી શકવાની સાથે વિકસાવવા બાબતે માછીમારો પાસેથી સૂચનો માગવામાં આવશે તેમ જણાવ્યું હતું. પહેલાં ટુકડે ટુકડે વિકાસ થતો હતો પરંતુ છેલ્લા ત્રણ વર્ષમાં સુવિચરિત આયોજન થકી વિકાસકામો કરવામાં આવ્યા છે અને તેના સકારાત્મક પરિણામો મળવા લાગ્યા છે. ઓખાથી બેટ દ્વારકા વચ્ચે રૂા. ૫૦૦ કરોડના ખર્ચથી આઈકોનિક બ્રિજ બનાવવાની પણ ઘોષણા કરી હતી. આ બ્રિજ રિન્યુએબલ એનર્જીનું ઉત્પાદન કરે તે સાથે સાઈકલ પાથ, વોકર્સ વે, કાર વે જેવી સુવિધા પણ હશે. આ બ્રિજનું કામ પરીક્ષણ તબક્કા સુધી પહોંચી ગયાનું કહ્યું હતું. રાષ્ટ્રધ્વજના ચાર રંગો આધારિત વિકાસ સાધવાની નેમ વ્યક્ત કરતાં કહ્યું કે, કેસરિયો રંગ ઊર્જાનું પ્રતીક છે. સરકાર પુનઃ પ્રાપ્ય ઊર્જાનું ઉત્પાદન કરી નવા સીમાચિહ્નો સ્થાપિત કરવા માગે છે. લીલા રંગના આધારે હરિત ક્રાંતિ લાવી વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાની સાથે ખેડૂતોના હિતમાં મગફળીના નિકાસની મંજૂરી આપવામાં આવેલી હોવાનું જણાવ્યું હતું. તિરંગાના સફેદ રંગ મુજબ શ્વેત ક્રાંતિ કરવા પ્રતિબદ્ધતા બતાવી હતી. અશોક ચક્રના વાદળી રંગ પ્રમાણે મત્સ્યોદ્યોગનો વિકાસ કરવા માટે સરકાર કટિબદ્ધ હોવાનું જણાવ્યું હતું.

*કચ્છમિત્ર, તા. ૯-૩-૨૦૧૭*

## લખપત - ઘડુલી - સાંતલપુર બનશે રાષ્ટ્રીય ધોરીમાર્ગ

ઉત્તરપ્રદેશના ઘનિષ્ઠ ચૂંટણી પ્રચાર સંપન્ન કરીને બે દિવસ ગુજરાતમાં આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગૃહરાજ્યને વિકાસના માર્ગે વધુ આગળ મૂકવા રાજ્યના લગભગ ૧૨૦૦ કિ.મી. ની લંબાઈના આઠ સ્ટેટ હાઈવેને રાષ્ટ્રીય ધોરીમાર્ગમાં પરિવર્તિત કરવાની જાહેરાત કરી હતી. જેમાં કચ્છના લખપત ઘડુલી-સાંતલપુર અને ચિત્રોડ-રાપર-ધોળાવીરા માર્ગને સમાવીને બેવડી ભેટ આપી હતી. સ્ટેટ હાઈવેની નેશનલ હાઈવે તરીકે કાયાપલટ કરવા પાછળ ૧૨૦૦૦ કરોડ જેવી રકમ ખર્ચ કરાશે એમ તેમણે જણાવ્યું હતું.

*કચ્છમિત્ર, તા. ૮-૩-૨૦૧૭*

## કેસર કેરી નહીં, ખરેખર કેસર...

નર્મદાના નીરથી નવપલ્લવિત વાગડના ખેડૂતે અમેરિકન કેસરનું વાવેતર કર્યું : સઈ ગામના સીમનું ખેતર ફૂલોથી રંગીન બન્યું

એક સમયે બંજર ગણાતી કચ્છની ખેતીની જમીન હવે ઉપજાઉ બની છે અને કેસર કેરીથી માંડી કાજુની ખેતી પણ કચ્છમાં થવા માંડી છે. કચ્છની કેસર કેરી તો દેશ-વિદેશમાં લોકપ્રિય બની છે ત્યારે હવે કેસર કેરી નહી પરંતુ ખરેખર કેસરનું કચ્છના વાગડ વિસ્તારમાં વાવેતર કરવામાં આવતાં તેને નવતર પહેલ ગણવામાં આવી રહી છે.

સંપૂર્ણ ખેતીપ્રધાન મુલક વાગડમાં નર્મદાના નીર વડે અનેરી ક્રાંતિ ખેતી ક્ષેત્રે થશે જ. આજના વિકસતા યુગના સમયમાં ખેતીક્ષેત્રે પણ હવે વાગડનો ખેડૂત પાછળ નહીં રહે. જ્યાં હોથલ અને પદમણીનું સ્થાન આવેલું છે એ વાગડના સઈ ગામે જશુભા પુંજાજી સોઢાએ પોતાના ખેતરમાં એક એકરમાં અમેરિકન કેસરનું વાવેતર કર્યું છે, જે કેસરમાં સુંદર મજાનાં ફૂલો આવતાં આખું ખેતર જાણે રંગીન વાઘા ધારણ કરીને બેઠું હોય તેવું લાગે છે. બહુ જ મૂલ્યવાન એવા આ કેસરના વાવેતરનો વિચાર એમને એક અખબારમાં કેસરની ખેતી વિશે વાંચી અને તેના ફાયદા જાણી અને પ્રાયોગિક ધોરણે એક એકરમાં કેસર વાવવાનું નક્કી કર્યું. બહારથી તેનું ૨૫૦ ગ્રામ બિયારણ મગાવ્યું અને કેરી કેસરની ખેતી શરૂ. પોતાના અનુભવ શૅર કરતાં આ સ્નાતક યુવાને કહ્યું કે, આ પાકને કોઈ રાસાયણિક ખાતરની જરૂર નથી પડતી, મોંઘી દવાઓની જરૂર પણ નથી પડતી, ગાયના છાણનું ખાતર કાફી છે. જો જરૂર હોય તો ઉધઈની દવાનો ઉપયોગ અને જો મોલોમશી કે જેને વાગડમાં ગરો કહે છે તેની દવાની જરૂર પડે. પાંચ દિવસે પાણી આપવાનું હોય. અત્યારે કેસરમાં આવેલાં ફૂલ ભેગા કર્યા છે અને તેનું બિયારણ પણ મૂલ્યવાન હોઈ આ રોકડિયા પાકમાં ફાયદો રહે છે, તેની બજારમાં પણ માંગ છે.

કેસર હવે માત્ર કાશ્મીરમાં જ નહીં પણ વાગડના ખેતરોમાં પણ પાકે છે, એની પાછળ બહુ માવજત પણ કરવી પડતી નથી. જો સારું માર્કેટિંગ મળે તો ખેડૂતને આ પાક ભારે લાભદાયક થાય તેવું તેમણે કહ્યું હતું. આજે તો સઈ ગામની સીમમાં તેઓના ખેતરમાં સરસ મજાના કેસરના છોડ ફૂલી ફાલીને ઊભા છે. તે પૈકી આવેલા ફૂલોનો કેટલોક હિસ્સો ઘરે ટાઢે છાયે સૂકવવા રાખ્યો છે.

સૂર્યપ્રકાશમાં એને સુકાવાય નહીં તેમજ વહેલી સવાર તેનાં ફૂલ ચૂંટવા પડે તેવું તેમણે કહ્યું. જો સારી બજાર મળશે તો વધુ જમીનમાં આ પાક પોતે લેશે તેવું કહ્યું હતું. ગુજરાતના સાબરકાંઠા અને મહેસાણાના કેટલાક ખેડૂતો અમેરિકન કેસરનું વાવેતર કરે છે. વાગડમાં આ કિસ્સો કદાચ પહેલો હોય તો નવાઈ નહીં. વાગડની ખેતીની આવતીકાલ ભારે ઉજ્જવળ છે તેવું આ કિસ્સા પરથી ફલિત થાય છે તેમ કહ્યું છે.

આવા સંજોગોમાં ખરેખર કેસર એક એવું ઔષધ છે જે ખૂબ જ મૂલ્યવાન અને તમામ શુભ કાર્યોમાં પણ કેસરને સ્થાન આપવામાં આવે છે, ત્યારે કચ્છમાં વાગડ વિસ્તારમાં જો અતિ કિંમતી એવી કેસરના વાવેતરને સફળતા મળતાં ભવિષ્યમાં ખેડૂતોને એક મોટી તક મળી શકે છે તેવું પણ કિસાનોનું કહેવું છે.

આમ તો કચ્છમાં દેશી આંબા વર્ષોથી પાકતા હતા પરંતુ જૂનાગઢના તલાલા વિસ્તારની પ્રખ્યાત કેસર કેરીનો પ્રયોગ કચ્છમાં થતાં ખૂબ જ મોટા પાયે ઉત્પાદન થવા માંડ્યું અને કેસર કેરીને કચ્છનું વાતાવરણ પણ અનુકૂળ આવતાં હવે તલાલાની કેસર કેરી કરતાં કચ્છના આંબાની મીઠાશ વધારે હોવાથી લોકો કચ્છના આ આમ્રફળની પસંદગી વધારે કરતા થયા છે.

*કચ્છમિત્ર, તા. ૧૭-૩-૨૦૧૭*

## પ્રયોગશીલ બાગાયતમાં કચ્છનો ડંકો
## કચ્છના કિસાનને રાષ્ટ્રીય એવોર્ડ

નવી દિલ્હી ખાતે તાજેતરમાં યોજાયેલા કૃષિ ઉન્નતિ મેલા-૨૦૧૭ માં ભારતીય કૃષિ અનુસંધાન સંસ્થાન દ્વારા કચ્છના પ્રગતિશીલ ખેડૂત રમેશ મોરારજી ચંદે ઠક્કરને રાષ્ટ્રીય કક્ષાનો સર્વોચ્ચ પુરસ્કાર એનાયત

કરાયો હતો.

રમેશ ચંદે - ઠક્કરને કચ્છમાં બાગાયતી ખેતીમાં ક્રાંતિ લાવવા બદલ 'ઇનોવેટિવ કૃષક સન્માન' રાષ્ટ્રીય એવોર્ડ કેન્દ્રીય કૃષિ રાજ્યપ્રધાન પુરુષોત્તમ રૂપાલાના હસ્તે અપાયો હતો. નવી દિલ્હી ખાતે ચાલુ માર્ચ મહિનાની ૧૫ થી ૧૭ તારીખ દરમિયાન 'કૃષિ ઉન્નતિ મેલા' યોજાયો હતો. જે દરમિયાન આ કાર્યક્રમ યોજાયો હતો.

રમેશભાઈ મૂળ બિદડાના વતની ખેડૂત અને કેળાંના વેપારી તરીકે જાણીતા મોરારજી ચંદે ઠક્કરના પુત્ર છે.

રમેશભાઈએ ખેતીમાં ઘણી ચડતી-પડતી જોઈ. છેવટે વતન બિદડા છોડીને અઢી દાયકા પૂર્વે ભુજ આવ્યા અને ભુજ નજીક કુકમા ગામની સીમમાં ફાર્મ બનાવ્યું અને આધુનિક ખેતીની શરૂઆત કરી. મોટા ભાઈ જેઠાલાલ, જેન્તીભાઈ અને હરેશભાઈ એમ ત્રણેય બંધુઓ શરૂઆતથી જ એમની સાથે જોડાયા.

રમેશભાઈની ખેતીકામમાં ઊંડી સૂઝ, આગળ નીકળવાની ધગશ અને ચારેય ભાઈઓની સખત મહેનતનું આખરે સારું પરિણામ મળ્યું. વારસામાં મળેલી ચાર-પાંચ એકર ભૂમિની ખેતી આજે આઠસો એકરમાં ફેરવાઈ છે. દર વર્ષે તેમાં વધારો થતો જાય છે. આ બંધુઓએ આશાપુરા ફ્રુટ્સ એન્ડ વેજિટેબલ્સ' ના બેનર હેઠળ ફળ અને શાકભાજીનાં ઉત્પાદન અને દેશ-વિદેશમાં વેચાણક્ષેત્રે ખૂબ નામના મેળવી છે.

આશાપુરા ફાર્મમાં જામફળ, પપૈયાં, દાડમ,ખારેક, કેરી, લીંબુ, કેપ્સીકમ મરચાં, ટામેટાં વગેરેનું વિશાળ પાયે ઉત્પાદન કરે છે. કેપ્સીકમ અને ટામેટાં રિલાયન્સ પણ ખરીદે છે. તો ડોમીનોઝ કેપ્સીકમ મરચાં લે છે. આશાપુરા ફાર્મનાં ફળ અને શાકભાજી દુબઈ અને યુકેમાં નિકાસ થાય છે.

*કચ્છમિત્ર, તા. ૨૪-૩-૨૦૧૭*

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે લિજ્જત સંસ્થાના પ્રમુખ સ્વાતિબેન પરાડકરનું સન્માન

આંતરરાષ્ટ્રીય જાગતિક મહિલા દિન તા. ૮ માર્ચના ગાંધીનગર ખાતે મહાત્મા મંદિરમાં ભરેલી 'સ્વચ્છ શક્તિ ૨૦૧૭' નામની રાષ્ટ્રીય પરિષદમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે મહિલા વિકાસ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કામ કરનારી સંસ્થા મહિલા ગૃહઉદ્યોગ લિજ્જત પાપડ સંસ્થાના પ્રમુખ સ્વાતિબેન પરાડકરને મહિલા વિકાસ પુરસ્કાર ૨૦૧૬-૧૭ થી સન્માનિત કરવામાં આવ્યા હતા. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય-ગુજરાત દ્વારા મહિલા વિકાસ અને સશક્તિકરણ ક્ષેત્રમાં કરેલી મહત્ત્વપૂર્ણ કામગીરી માટે સંસ્થાનું સન્માન કરવા આ પુરસ્કાર પ્રદાન કરવામાં આવ્યો છે.

ભારતીય મહિલાઓના સામાજિક અને આર્થિક વિકાસ માટે પાપડ તેમજ અન્ય ઉત્પાદનોનું નિર્માણ કરીને સ્વયં રોજગાર ઉપલબ્ધ કરાવવા માટે તેમજ મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે સંસ્થાના કાર્યની અધિકૃત રીતે માન્યતા આપેલી છે. લિજ્જત મહિલાઓની, મહિલાઓ દ્વારા ચાલનારી અને મહિલાઓની ઉન્નતિ માટે કાર્ય કરનારી સંસ્થા છે જે ગ્રામીણ ઉદ્યોગ અંતર્ગત કાર્યરત આ સંસ્થાને ખાદી અને ગ્રામોદ્યોગ પંચની માન્યતા મળેલી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે અને લોકસભાના અધ્યક્ષ સુમિત્રા મહાજન, ગ્રામીણ વિકાસ મંત્રી નરેન્દ્રસિંગ તોમર, વસ્ત્ર ઉદ્યોગ મંત્રી સ્મૃતિ ઝુબીન ઇરાની, ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી, ગુજરાતના રાજ્યપાલ ઓ.પી. કોહલી, ખાદ્યાન્ન પ્રક્રિયા રાજ્યમંત્રી સાધ્વી નિરંજન જ્યોતિ, ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ તેમજ અનેક ખ્યાતનામ માન્યવરોની ઉપસ્થિતિમાં લિજ્જત સંસ્થાના પ્રમુખ સ્વાતિબેન પરાડકરે સ્મૃતિચિહ્ન અને સન્માન પ્રમાણપત્ર સ્વીકાર્યા હતા.

*કચ્છમિત્ર, તા. ૧૭-૩-૨૦૧૭*

## ટ્રમ્પે અમેરિકનોના સ્વાસ્થ્યની જવાબદારી ભારતીય મૂળની મહિલાને સોંપી

ભારતીય મૂળની અમેરિકી સીમા વર્માએ અમેરિકાની મુખ્ય સ્વાસ્થ્ય સેવા એજન્સી મેડિકેર એન્ડ મેડિકએડના વડાપદે સોગંદ લીધા છે. ઉપરાષ્ટ્રપતિ માઈક પેન્સે વ્હાઈટ હાઉસમાં તાજેતરમાં સોગંદ ગ્રહણ સમારોહ દરમ્યાન કહ્યું હતું કે, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સ્વાસ્થ્ય સેવાની મુખ્ય એજન્સીનું નેતૃત્વ કરવા અમેરિકાના અગ્રણી વિશેષજ્ઞો પૈકી એકની પસંદગી કરી છે.

સીમા વર્મા ૧૩ કરોડ લોકોને સ્વાસ્થ્ય સેવા પ્રદાન કરતી મેડિકેર એન્ડ મેડિકએડ સેવાઓનું નેતૃત્વ કરશે. સીમા ટ્રમ્પ વહીવટીતંત્રમાં સ્થાન મેળવનારી બીજી ભારતીય મૂળની સભ્ય છે.

સંયુક્ત રાષ્ટ્રમાં અમેરિકન રાજદૂત નિક્કી હેલી કોઈપણ રાષ્ટ્રપતિના પ્રશાસનમાં પોતાની સેવા દેનારી પહેલી કેબિનેટ રેન્કની અધિકારી છે અને તે ભારતીય મૂળની છે.

ખાનગી સ્વાસ્થ્ય ક્ષેત્રમાં બે દસક કરતાં પણ વધુ સમયથી લાંબા યોગદાન બાદ સીમાને આ શીર્ષપદ પ્રાપ્ત થયું છે. સીમાએ ઇન્ડિયાના, આયોવા, ઓહિયો, કન્ટુકી અને મિશિગન જેવા રાજ્યમાં સ્વાસ્થ્ય સુધારમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

*કચ્છમિત્ર, તા. ૧૬-૩-૨૦૧૭*

## પૂરતી જમીન મળે તો કચ્છમાં યુનિ. શક્ય : કૃષિમંત્રીનો સંકેત

કચ્છમાં પૂરતી જમીન મળી રહેશે અને રજૂઆત કરાશે તો દેશની પ્રથમ એવી ગુજરાત સજીવ ખેતી યુનિવર્સિટી સ્થાપવા સામે કોઈ વાંધો હોઈ શકે નહીં તેવી શક્યતા ગુજરાત રાજ્યના કૃષિપ્રધાને આજે વ્યક્ત કરી હતી.

કૃષિપ્રધાન ચીમનભાઈ સાપરિયાએ ખાસ 'કચ્છમિત્ર' સાથે વાત કરતાં જણાવ્યું હતું કે, સજીવ ખેતી યુનિવર્સિટી માટે રાજ્યના તમામ જિલ્લામાં જરૂરી જમીન સહિતની શક્યતાઓ ચકાસવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. ખાસ ઉલ્લેખનીય છે કે કચ્છ એ રાજ્યનો સૌથી મોટો જિલ્લો છે અને સજીવ ખેતીના ક્ષેત્રે ટૂંકા ગાળામાં નોંધપાત્ર કામગીરી થવા માંડી છે. જરૂરી પ્રમાણમાં જમીન સહિતની જરૂરિયાતો પૂરી થઈ શકતી હોય તો લાંબા સમય જૂની માંગ કચ્છને કૃષિક્ષેત્રે યુનિવર્સિટીની માંગ સરકારે સંતોષવી જોઈએ.

*કચ્છમિત્ર, તા. ૨૩-૩-૨૦૧૭*

## કચ્છની પર્યાવરણવાદી સંસ્થાનો આવકાર : હવે ઘોરાડ બચી જશે.

વિશ્વમાં નાશ પામવાની કગાર પર ઊભેલા અતિ દુર્લભ પક્ષી ઘોરાડને કચ્છનાં નલિયા-જખૌ વિસ્તારમાં આવેલો અભયારણ્યનો વિસ્તાર ટૂંકો પડતો હોવાનાં કારણે ઘોરાડના વિચરણ અને વિસ્તરણમાં પડતી તકલીફોને ધ્યાનમાં લઈને સરકારમાં થયેલી રજૂઆતોનાં કારણે ગુજરાત સરકારે જંગલ ખાતાની અને પર્યાવરણવાદીઓની સંયુક્ત દરખાસ્તને માન્ય રાખી ૩૦૦૦ હેક્ટર જેટલો વિસ્તાર ઘોરાડ અભયારણ્ય માટે મંજૂર કરવા વિધાનસભામાં કરેલી જાહેરાત અત્યંત આવકારદાયક અને પ્રશંસનીય પગલું છે.

પૂર્વ સાંસદ પુષ્પદાનભાઈ ગઢવી અને નવીનભાઈ બાપટ પ્રેરિત સંસ્થા કચ્છજે કારાયલજો કેકારવ ૨૦૧૦ ની સાલથી એટલે કે છેલ્લા સાત વર્ષથી અભયારણ્ય માટે જરૂરી ૩૭૦૦ હેક્ટર જમીન જંગલ ખાતાને તબદીલ કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલને કરેલી રજૂઆતનાં કારણે ઘોરાડ અભયારણ્ય માટે જમીન સરકારે મંજૂર કરી. ઘોરાડ પક્ષી બચાવવા માટે એક અત્યંત જરૂરી આવકારદાયક નિર્ણય લઈ ભૂમિ મંજૂર કરવા બદલ સરકારને અભિનંદન આપ્યા હતા.

*કચ્છમિત્ર, તા. ૨૩-૩-૨૦૧૭*

## પવન-સૌરઊર્જા માટે વિશ્વમાં કચ્છ આદર્શ

ભુજ ખાતે નવીનીકરણ ઊર્જાનીતિ અને નિયમન પર ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસો. 'ફોકિયા' દ્વારા સેમિનાર યોજાયો હતો, જેમાં ઉદ્યોગોને ગુજરાતમાં લાગુ પડતી રિન્યુએબલ પાવર સાથે જોડાયેલા તમામ ટેકનિકલ અને કાનૂની સૂચિતાર્થ, નીતિ-નિયમો વિશે જાણકારી અપાઈ હતી.

ટાટા પાવર સોલારની કોર્પોરેટર પાર્ટનરશિપ હેઠળના આ સેમિનારમાં ચીફ ગેસ્ટ તરીકે જેટકો (અંજાર) ના સુપરિ. એન્જિનિયર શ્રી સોલંકી, ફોકિયાના એમ.ડી. નિમિષ ફડકે અને જોઈન્ટ એમ.ડી. તલકશી નંદુ હાજર રહ્યા હતા.

સેમિનારમાં વિગત અપાઈ હતી કે ભારતે વર્ષે ૨૦૨૦ સુધી જી.ડી.પી. પ્રતિ સ્રોત ૨૦-૨૫ ટકા ઘટાડવા પ્રતિજ્ઞા લીધી છે અને બે મુખ્ય નિયમો ઘડવામાં આવ્યા છે. વિન્ડ અને સોલાર પાવરના ઉત્પાદન માટેનો મૂડીખર્ચ પણ કોલસા આધારિત વીજમથક જેટલો જ થઈ ગયો છે અને કચ્છ વિશ્વસ્તરે વિન્ડ અને સોલાર પાવરના ઉત્પાદન માટે આદર્શ સ્થળ છે. કચ્છમાં અત્યારે ૧૭૫૦ વિન્ડ પાવર તથા ૧૭૦ સોલાર પાવર ઉત્પાદિત થાય છે અને હજુ પણ વધુ ઉત્પાદન માટે સક્ષમ છે. સેમિનારમાં દૃષ્ટિ પાવર કન્સલ્ટન્ટના એન્જિ. પી. આર.મહેતા, આર.એન.પુરાહિતે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. જ્યારે ટાટા પાવર સૌરઊર્જા પર સોલારના રવિન્દરસિંગે પ્રેઝન્ટેશન આપ્યું હતું.

આ સેમિનારમાં ૬૦ થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. જેમાં ઈલેક્ટ્રો થર્મ, માન ઈન્ડસ્ટ્રીઝ, વેલસ્પન, અદાણી, આશાપુરા, ગોકુલ, કાર્ગો સોલાર, સોલારીસ, ટાટા પાવર, બીકેટી, એગ્રોસેલ, એક્સેલ, યુરો, પાર્લે તથા એન્જિનિયરિંગ કૉલેજ ભુજ, એચ.જે.ડી. કેરા અને રાજાભાઈ પટેલ કૉલેજના પ્રતિનિધિઓ સામેલ હતા. સંચાલન રાધિકા ઠક્કર તથા સુનીલ નાયરે કર્યું હતું.

*કચ્છમિત્ર, તા. ૨૨-૩-૨૦૧૭*

## કચ્છનાં આવાં ઔદ્યોગિકીકરણની કોઈને કલ્પના નહોતી

એક સમય હતો જ્યારે કચ્છને ઔદ્યોગિકીકરણની દૃષ્ટિથી કોઈ જુએ તેવી કોઈ કલ્પના કરી શકતું નહોતું. ભૂકંપ બાદ કચ્છમાં આવેલા વેલસ્પન જૂથે નરેન્દ્ર મોદીના વિચારોમાં વિશ્વાસ મૂક્યો, જેનાં પરિણામે અહીં આવું વિશાળ વેલસ્પન સિટી ખડું થયું છે. તે માટે આ ઉદ્યોગ જૂથ અભિનંદનનું અધિકારી છે તેવી વાત આજે વરસામેડી સ્થિત વેલસ્પનના રૂ. ૧૫૦ કરોડના ખર્ચે તૈયાર થયેલા બે પ્લાન્ટનું ઉદઘાટન કરતાં કેન્દ્રીય કાપડમંત્રી સ્મૃતિ ઈરાનીએ કરી હતી.

તેમણે કહ્યું કે, વેલસ્પન જૂથના બી.કે. ગોયેન્કાએ અનાજના વ્યવસાયને બદલે હિંમત બતાવીને કાપડના વ્યવસાયમાં કિસ્મત અજમાવ્યું. એ જ કારણે આજે આપણે સૌ આવાં સુંદર વાતાનુકૂલિત ઓડિટોરિયમમાં બેઠા છીએ. કચ્છમાં પાણી, પ્રાકૃતિક મુશ્કેલીઓનો પડકાર તેમણે ઝીલ્યો અને વિશેષ તો શ્રી મોદીના વિચારોમાં વિશ્વાસ મૂક્યો તે મહત્ત્વની વાત છે.

ઉદ્યોગકાર જો થોડું સાહસ કરે તો પોતાનો અને સાથેસાથે સમગ્ર ક્ષેત્રનો વિકાસ કરી શકે છે તે વેલસ્પને સાબિત કર્યું છે. તેમણે ટેક્સટાઈલ પછી હવે વેલસ્પન જૂથ એડવાન્સ ટેક્સટાઈલમાં પણ સફળ થશે તેવી શુભેચ્છા તેમણે આપી હતી. આ અગાઉ તેમના હસ્તે ઈન્ડસ્ટ્રીયલ પાર્ક ખાતે ફેશ કટ એન્ડ શો પ્લાન્ટનું તથા વેલસ્પન સિટી ખાતે એડવાન્સ ટેક્સટાઈલ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કરાયું હતું.

ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં બોલતાં ગ્રુપના ચેરમેન બી.કે. ગોયેન્કાએ કહ્યું હતું કે, તેઓ ૩૦ વર્ષથી ટેક્સટાઈલ મંત્રાલય સાથે જોડાયેલા છે. અત્યારે સ્મૃતિજીના નેતૃત્વમાં જે રીતે મેઈક ઈન ઈન્ડિયા, રોજગારી નિર્માણ વગેરે કાર્ય જે રીતે થઈ રહ્યું છે તે બતાવે છે કે તેઓ દેશના સાચા નેતા છે.

વેલસ્પને જ્યારે ૧૯૯૦માં ટુવાલનું ઉત્પાદન શરૂ કર્યું ત્યારે દેશમાં વિદેશી હૂંડિયામણની ખૂબ જરૂર હતી. **અત્યારે અમેરિકામાં ખરીદાતા દર પાંચ ટુવાલમાં એક વેલસ્પનનો છે.** તેવું કહીને શ્રી ગોયેન્કાએ ઉમેર્યું હતું કે, ભૂકંપ પછી તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના અનુરોધથી અમે કચ્છ આવ્યા અને આજે વેલસ્પનની ઓળખ કચ્છથી જ થઈ રહી છે.

ટેક્સટાઈલ મંત્રાલયની આઈ.એસ.ડી.એસ. યોજના તળે ગત બે વર્ષમાં ૧૭ હજાર લોકોને તાલીમ અને રોજગારી પૂરી પાડીને વેલસ્પન દેશમાં મોખરે રહ્યું છે. હજુ આગામી બે વર્ષમાં ૨૫ હજારને તાલીમ આપી રોજગારી આપવાનો લક્ષ્યાંક હોવાનું તેમણે કહ્યું હતું. આ કાર્યક્રમમાં કાપડમંત્રીને હસ્તે વેલસ્પનની આઈ.એસ.ડી.એસ.ની ટીમને ટ્રોફી પણ અર્પણ કરાઈ હતી.

શરૂમાં વેલસ્પનના પ્રમુખ અતુલ વાહીએ સૌને આવકાર્યા હતા. આ પ્રસંગે વિઝન ૨૦૨૦ અંતર્ગત કચ્છમાં પાંચ લાખ વૃક્ષો વાવવાની

તથા આસપાસના ક્ષેત્રમાં ૧૫૦૦ શૌચાલય બનાવવાની જાહેરાત પણ થઈ હતી.

*કચ્છમિત્ર, તા. ૧૯-૩-૨૦૧૭*

## ટાંગલિયા કારીગરો માટે કચ્છમાં કલસ્ટરની જાહેરાત

કચ્છમાં ટાંગલિયા હસ્તકલા કારીગરોની લુપ્ત થતી કલાના વારસાને બચાવવા ભારત સરકાર દ્વારા ટૂંક સમયમાં કચ્છ સહિત રાજ્યમાં ત્રણ સ્થળોએ ટાંગલિયા કલ્સ્ટરનું નિર્માણ વસ્ત્ર મંત્રાલય દ્વારા કરાશે તેવી કેન્દ્રીય કાપડમંત્રી સ્મૃતિ ઇરાનીએ આજે ભુજ ખાતેથી જાહેરાત કરી હતી. કચ્છના કારીગરોને ઓળખપત્ર આપ્યા બાદ નવનિયુક્ત સરપંચોનું સન્માન કરીને કચ્છના કારીગરોને સબસિડી માટે પડતી મુશ્કેલી હવે નહીં રહે એમ પણ જણાવ્યું હતું.

ભારત સરકારના વસ્ત્ર મંત્રાલય દ્વારા જિલ્લા પંચાયત કચ્છના સહયોગથી ભુજના ટીન સિટી મેદાન ખાતે આયોજિત સમારોહમાં કચ્છભરમાંથી ઊમટેલા મહિલા-પુરુષ સરપંચો તથા હસ્તકલા કારીગરોને સંબોધતા એક વખતના ટેલિવિઝનના લોકપ્રિય કલાકાર અને ભારત સરકારના વસ્ત્ર મંત્રાલયના બોલકા મહિલા પ્રધાન સ્મૃતિ ઇરાનીએ પોતાના પ્રવચનની શરૂઆત માધાપરની વીરાંગનાઓને યાદ કરીને કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ઇચ્છા હતી કે કચ્છમાં હસ્તકલા કારીગરો માટે મોટો પ્રોજેક્ટ આપી શકે એટલે આજે રૂા. ૨૮ કરોડના મેગા ક્લસ્ટરની શરૂઆત કરવામાં આવી છે એમ તેમણે જણાવ્યું હતું. નિર્ધારિત સમય ત્રણ વાગ્યાનો હતો પરંતુ એક કલાક મોડા આવેલા કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, આજથી કચ્છના શિલ્પીઓને ઓળખપત્ર આપવામાં આવ્યા છે હવે તેઓ રાષ્ટ્રીય કક્ષાએ એક યાદીમાં જોડાઈ જશે અને તમામને સીધી તેમના બેંક ખાતામાં સબસિડી મળશે. ગુજરાતમાં હવે ટાંગલિયા કારીગરો કચ્છ અને સુરેન્દ્રનગરમાં જ છે. આ કલા હવે જાણે લુપ્ત થાય છે ત્યારે અત્યંત કિંમતી એવી હસ્તકલાને લુપ્ત થતી બચાવવા પણ ભારત સરકારના પ્રયાસો છે એટલે કચ્છ, સુરેન્દ્રનગર સહિત ત્રણ સ્થળોએ ટાંગલિયા કલાને જીવંત રાખવા કલસ્ટર બનાવવા ઘોષણા કરી હતી.

કચ્છના વણકરોને સબસિડી મળતી નથી તેવી વાત વારંવાર કચ્છના જાગૃત સાંસદ વિનોદભાઈ ચાવડા દિલ્હીમાં કરતા હોય છે એમ મંચ પરથી બોલતાં કેન્દ્રીય મંત્રી સ્મૃતિબેન મંચ પર હાજર રહેલા કેન્દ્રના વસ્ત્ર મંત્રાલયના કમિશનર આલોકકુમાર તથા અધિકારી શ્રી ઝાને બોલાવીને ખાતરી આપી કે અઠવાડિયામાં કચ્છના વણકારોને સબસિડી મળતી થઈ જવી જોઈએ.

પંજાબ બેંક સાથે કારીગરોને મુદ્રા લોન આપવાનું જોડાણ છે તેવો ઉલ્લેખ કરીને કારીગરાને વિવિધ ધિરાણ આપવાની તાકીદ પણ કેન્દ્રીય મંત્રીએ કરી હતી. અજરખપુરમાં પર્યાવરણક્ષેત્રે પડતી મુશ્કેલી પણ નિવારી લેવાની સૂચના તેમના વિભાગના અધિકારીઓને આપી દેવામાં આવી હોવાનું કહ્યું હતું.

ઉપસ્થિત સંસદીય સચિવ વાસણભાઈ આહીરે ભારત સરકારની સાથે રાજ્ય સરકારના તેમના હસ્તકના કુટિર ઉદ્યોગ વિભાગ તરફથી પણ કારીગરોને સહાય સામગ્રી અપાતી હોવાનું જણાવી ભૂકંપ પછી કરેલા વિકાસની ગાથા રજૂ કરી હતી. કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડાએ કહ્યું કે કેન્દ્ર સરકાર દ્વારા સમાજજીવન માટે ઉપયોગી યોજનાઓ દરરોજ રજૂ કરવામાં આવે છે. કચ્છની કલા એવી ઉત્કૃષ્ટ અને ખ્યાતિ પામે એવી છે કે કચ્છના કારીગરોને ૪૦ તો રાષ્ટ્રપતિ ઍવોર્ડ જ્યારે ૧૦૦ રાષ્ટ્રીય કક્ષાના ઍવોર્ડ મળી ચૂક્યા છે તેનો ઉલ્લેખ કરી સ્મૃતિબેન જ્યારે માનવ સંસાધન વિભાગનાં મંત્રી હતા ત્યારે ડુમરાના જવાહર નવોદય વિદ્યાલય માટે રૂ. ૪ કરોડ મંજૂર કરાવ્યા હોવાનું પણ જણાવ્યું હતું.

*કચ્છમિત્ર, તા. ૧૯-૩-૨૦૧૭*

## ગૌવંશ હત્યા સામે કાયદા કડક બનાવાશે

ગુજરાતના તત્કાલીન મુખ્યપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગૌવંશ હત્યા પરના પ્રતિબંધનો જે નિર્ણય કર્યો હતો તેને વર્તમાન સરકાર કડક કાયદા તરીકે અમલી બનાવીને ગૌવંશ હત્યા કરનારાઓને કડક સજાથી નશ્યત કરશે. ગુજરાતમાં આ પ્રકારના કડક કાયદાનો અમલ કરનારું દેશનું પ્રથમ રાજ્ય બનશે, એમ મુખ્યપ્રધાન વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું.

અમદાવાદ જિલ્લાના સાણંદ કલોલ રોડ પર આવેલા ચેખલા-વાંસજડા ખાતે સમસ્ત મહાજન, ગૌસેવા આયોગ અને ગૌચર વિકાસ બોર્ડ, એંકરવાલા અહિંસાધામ, કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન, અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ, હિંસા વિરોધક સંઘ, ગુજરાત રાજ્ય ગૌશાળા પાંજરાપોળ સંઘ તેમજ પુષ્પ મંગલ પરિવારના સંયુક્ત ઉપક્રમે રાજ્યભરની પાંજરાપોળ ગૌશાળાના ટ્રસ્ટીઓના બે દિવસીય સંમેલનનો આજથી પ્રારંભ થયો છે. આ અવસરે ખાસ ઉપસ્થિત રૂપાણીએ અબોલ પશુજીવોની રક્ષા-ચિંતા કરતા પાંજરાપોળ-ગૌશાળા ટ્રસ્ટોને રાજ્યના ગૌરવ સમાન ગણાવ્યા હતા. મુખ્યપ્રધાને કહ્યું કે, જીવ ત્યાં શિવ અને વ્યક્તિથી સમષ્ટિના આપણા સમાજજીવન સંસ્કારમાં સૌના સુખે સુખીનો શાશ્વત ભાવ જ આત્માના કલ્યાણનો માર્ગ છે. રાજ્યમાં ૨૫૦ જેટલા નદીઘર શરૂ કરવા રાજ્ય સરકારે રૂ. ૮૮.૪૨ કરોડનું બજેટ ફાળવ્યું છે. ગૌચરની જમીન પશુઓ માટે ડેવલપ થાય તેમજ ખેડૂતોના ઊભા પાકને રોઝ-ભૂંડના ત્રાસથી બચાવવા પશુ હત્યા નહિ, પરંતુ રૂ. ૭૫૦ કરોડના ખર્ચે કાંટાળી તારની વાડ કરવાનો ખેડૂત હિતલક્ષી નિર્ણય સરકારે કર્યો છે. પ્રારંભમાં જૈનાચાર્ય પ્રેમસૂરિશ્વરજી મહારાજ સાહેબે આશીર્વચન પાઠવ્યા હતા. મુખ્ય પ્રધાન વિજયભાઈ રૂપાણીએ રાજકોટ અને વાપી પાંજરાપોળ માટે પ્રતીકરૂપે રૂા. ૫ લાખના ચેક અર્પણ કર્યા હતા. તેમણે અદ્યતન એમ્બ્યુલન્સને પણ લોકાર્પિત કરી હતી. આ ઉપરાંત મુખ્યપ્રધાને આ સંમેલનના આયોજક ગિરીશભાઈ શાહની કેન્દ્ર સરકારના એનિમલ વેલ્ફેર બોર્ડમાં નિમણૂક થવા અંગે તેમનું સન્માન કર્યું હતું.

આ પ્રસંગે ગૌસેવા અધ્યક્ષ ડો. વલ્લભભાઈ કથીરિયા, કચ્છ સૌરાષ્ટ્ર, ઝાલાવાડ તેમજ ઉત્તર, મધ્ય, દક્ષિણ ગુજરાતના પાંજરાપોળ-ગૌશાળા ટ્રસ્ટ સંચાલકો-પદાધિકારીઓ, વિવિધ ધર્મસંપ્રદાયના સંતો-મહંતો ઉપસ્થિત રહ્યા હતા.

*કચ્છમિત્ર, તા. ૧૯-૩-૨૦૧૭*

*છોડવા જેવો કુસંગ, કરવા જેવો સત્સંગ. અંતે થવું નિઃસંગ.*

## મુંબઈમાં કચ્છી નગરસેવકોનો લોકદરબાર યોજાશે

કચ્છ યુવક સંઘ દ્વારા તાજેતરમાં મહાનગરપાલિકામાં ચૂંટાઈ આવેલા પાંચ નગરસેવકોનું સન્માન દામોદર હોલમાં કરાયું હતું. અતિથિવિશેષપદે કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા, પૂર્વ મંત્રી તારાચંદભાઈ છેડા, સમારોહ અધ્યક્ષ દામજીભાઈ એન્કરવાલા સહિત નવનીત પરિવારના અનિલભાઈ ડુંગરશી ગાલા, વિવિધ સંસ્થાના પદાધિકારી, શુભેચ્છકો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કચ્છ યુવક સંઘના મોવડી કોમલભાઈ છેડાએ જણાવ્યું હતું કે, મુંબઈના કચ્છી વેપારીઓ પ્રજાની મુશ્કેલી દૂર કરવા નગરસેવકોનો લોકદરબાર યોજાશે.

આ પ્રસંગે સમારોહ અધ્યક્ષ દામજીભાઈ એન્કરવાલાએ જણાવ્યું હતું કે, શહેરના રસ્તાઓની હાલત બદતર થઈ છે. અબાલવૃદ્ધોને ફૂટપાથ પર ચાલવું દુષ્કર થયું છે ત્યારે હાલના ચૂંટાયેલા નગરસેવકો થોડું ધ્યાન આપી રસ્તા અને ફૂટપાથની સ્થિતિમાં સુધારણા કરે અને કપાયેલાં વૃક્ષોની જગ્યાએ વધુમાં વધુ વૃક્ષો વાવીને પર્યાવરણ સુધારે તેવું સૂચન કર્યું હતું.

આ પ્રસંગે કચ્છી પૂર્વ મંત્રી અને મુંદ્રા-માંડવી વિભાગના ધારાસભ્ય તારાચંદભાઈ છેડાએ જણાવ્યું હતું કે, એકીસાથે પાંચ જેટલા કચ્છી નગરસેવકો મુંબઈમાં ચૂંટાયા એવો આ પ્રથમ પ્રસંગ છે.

આ પ્રસંગે સાંસદ વિનોદભાઈ ચાવડાએ ચૂંટાયેલા પાંચેય નગરસેવકોને પ્રજાલક્ષી કામ કરવાની તક સાંપડી છે ત્યારે સાચા અર્થમાં નગરસેવક તરીકેની ભૂમિકા અદા કરે તેવો અનુરોધ કર્યો હતો.

નગરસેવકો પૈકી બોરીવલી, દહીંસરના હરીશભાઈ છેડાએ પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે, હવે સન્માન કાર્યક્રમો વધુ ન કરતાં સેવાકીય કાર્યોમાં જ ધ્યાન આપવું જરૂરી છે અને તે માટે કામે લાગી જવા અનુરોધ કર્યો હતો. સાંતાક્રુઝ નગરસેવિકા હેતલબેન ગાલાએ આયોજક સંસ્થાને ધન્યવાદ આપ્યા હતા, જ્યારે અંધેરી (ઇ.) ના નગરસેવક મૂળજીભાઈ પટેલે સર્વે કચ્છી ભાઈ-બહેનોને ચૂંટણીમાં સહકાર આપવા બદલ આભાર માન્યો હતો. એટલું જ નહીં, કચ્છથી મુંબઈ આવતી ટ્રેનોને આધોઈ ખાતે સ્ટોપ આપવા સાંસદ સમક્ષ માગણી મૂકી હતી. માટુંગાના નગરસેવિકા નેહલબેન શાહે કચ્છીઓના સહકાર બદલ આભાર માનતાં જણાવ્યું કે, પોતાના મતવિસ્તારમાં કામ કરીને જવાબ આપશે તેવી હૈયાધારણ આપી હતી.

આ અગાઉ પ્રાસંગિક પ્રવચન કરતાં સંસ્થાના મોવડી અને મેનેજિંગ ટ્રસ્ટી કોમલભાઈ છેડાએ જણાવ્યું હતું કે, આપણામાંની જે વ્યક્તિ જ્યારે રાજકીય ક્ષેત્રે આગળ વધતી હોય ત્યારે તેને પ્રોત્સાહન આપવું જરૂરી છે. રાજકીય ક્ષેત્રને અછૂત ગણવાની આપણી સૌની મનોવૃત્તિ બદલવી પડશે.

*કચ્છમિત્ર, તા. ૨૨-૩-૨૦૧૭*

## કચ્છના સાહિત્યકારો-સર્જકો એવોર્ડથી સન્માનાયા

કચ્છના સાહિત્ય અને સંસ્કારના ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રદાન આપનારા પાંચ કચ્છી સર્જક અને કલાકારોને મુંબઈ ખાતે શ્રીમતી તારામતી વિશનજી ગાલા સાહિત્ય-કલા પુરસ્કાર સમિતિના ઉપક્રમે એવોર્ડ આપી સન્માનિત કરાયા હતા.

મુંબઈ ખાતે ઘાટકોપર (પૂર્વ) માં શ્રીમતી ઝવેરબેન પોપટલાલ સભાગૃહમાં ગત રવિવારે આયોજિત આ એવોર્ડ એનાયત સમારંભમાં કચ્છી સાહિત્યના સર્જન અને સંવર્ધન માટે આજીવન સેવા-પ્રદાન આપવા બદલ જાણીતા લેખક ધનજીભાઈ ભાનુશાલી 'કડક બંગાલી', ગુજરાતી ભાષા અને સાહિત્યમાં આજીવન સેવા બદલ જાણીતા લેખક માવજીભાઈ મહેશ્વરી, કલા-સંસ્કૃતિ (સંગીતવાદન) માં આજીવન પ્રદાન બદલ જયંતીલાલ ગોસર, પારંપરિક કચ્છી ગાયનમાં આજીવન પ્રદાન બદલ ઈસ્માઈલ જુમ્મા પારા તથા વર્ષ ૨૦૧૫ માં ઉત્તમ સાહિત્ય સંગ્રહ પુસ્તક પ્રકાશન માટે ખાનજી દેવાજી જાડેજાનું એવોર્ડ આપીને બહુમાન કરાયું હતું. આ સન્માનમાં પાંચેય જણને રૂ. ૧૧ હજારનો ચેક ઉપરાંત સન્માનપત્ર અને શાલ સહિતનું સન્માન પ્રદાન કરાયું હતું.

*કચ્છમિત્ર, તા. ૮-૩-૨૦૧૭*

## ભારતમાંથી જગતનાં સૌથી જૂના વનસ્પતિ - અવશેષ મળી આવ્યા

### મધ્યપ્રદેશના ચિત્રકુટમાં જોવા મળેલા અવશેષો ૧.૬ અબજ વર્ષ જૂનાં

મધ્યપ્રદેશના ખડકોમાંથી જગતના સૌથી જૂના વનસ્પતિ-અવશેષો મળી આવ્યા છે. આ અવશેષો શેવાળના હોવાની શક્યતા છે. ૧.૬ અબજ વર્ષ પુરાણા અવશેષો અત્યાર સુધીમાં સૌથી જૂના છે. પૃથ્વી પર કોઈ છોડ-વેલા-વનસ્પતિના તેનાથી વધારે જૂના ફોસિલ એટલે કે અવશેષો મળ્યાં નથી. આ પહેલા મળેલા સૌથી જૂના અવશેષો ૧.૨ અબજ વર્ષ જૂનાં હતાં.

મધ્યપ્રદેશના ચિત્રકૂટ જિલ્લાના ખડકોનો સ્વીડનના સંશોધકો અભ્યાસ કરી રહ્યા હતા એ દરમિયાન તેમના ધ્યાને આ છોડના અવશેષો આવ્યા હતા. સામાન્ય રીતે પૃથ્વી પર વનસ્પતિનો ઉદ્‌ભવ-વિકાસ ૬૦ લાખ વર્ષ પહેલા થયાનું મનાય છે. એ પહેલાના કેટલાક વનસ્પતિ-અવશેષો પણ મળ્યાં છે. પરંતુ વિકાસક્રિયા છેલ્લા ૬૦ લાખ વર્ષમાં જ થઈ છે. હવે આ નવી શોધને કારણે પૃથ્વી પર જીવન અંગેની થિયરીમાં નવા પ્રકરણો ઉમેરાશે.

વિજ્ઞાનીઓ આ વનસ્પતિ અંગે હજુ પૂરતી જાણકારી મેળવી શક્યા નથી. કેમ કે અવશેષોમાં ડીએનએ સચવાયા નથી. પરંતુ કેટલાક કોષ અત્યાધુનિક વૈજ્ઞાનિક સાધનો દ્વારા તપાસી શકાતા હોવાથી આ અવશેષ શેવાળના હોવા અંગે ખાતરીપૂર્વક કહી શકાય છે.

મધ્યપ્રદેશથી ગુજરાત સુધી ફેલાયેલો નર્મદાનો ખીણ પ્રદેશ અનેક પુરાતન અવશેષોનો ભંડાર ગણાય છે. અહીંથી અગાઉ ડાયનાસોરના અવશેષો પણ મળી આવ્યા છે.

*ગુજરાત સમાચાર, તા. ૧૬-૩-૨૦૧૭*

## જૈન વાનગીઓનું વૈશ્વિકરણ થઈ રહ્યું છે.

ભારતમાં અને ગુજરાતમાં ખૂલી રહેલી વૈશ્વિક ફાસ્ટ ફૂડ ચેન રેસ્ટોરાંઓ જૈન વાનગીઓના અલગ કાઉન્ટરો સાથે શુદ્ધ શાકાહારી

મેનુ રાખે છે.

ગુજરાતમાં જો તમે મેકડોનાલ્ડ, સબવે કે કેએફસી (કેન્ટુકી ફ્રાઈડ ચીકન) જેવી ગ્લોબલ ફાસ્ટફૂડ ચેનમાં જમવા જાઓ તો તેઓ તમને સેન્ડવીચ, ફ્રાઈડ ચીકન કે બીફ પેટીસ પીરસે એવી અપેક્ષા ન રાખતા. કમને શાકાહારી વાનગીઓ ઉમેરવાનો પ્રયોગ કર્યા બાદ આ ફુડ ચેન્સ હવે માત્રને માત્ર શાકાહારી વાનગીઓ પીરસતી રેસ્ટોરાંઓ તથા તેમાં જૈન વાનગીઓનો ખાસ સમાવેશ કરવા માટે તલપાપડ બની છે.

અમેરિકાની રેસ્ટોરાં ચેન સબવેએ અમદાવાદમાં શુદ્ધ શાકાહારી રેસ્ટોરાં શરૂ કરી છે અને ત્યાં જૈન વાનગીઓ માટે એક અલગ કાઉન્ટર ઊભું કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં જૈનોની વસ્તીને ધ્યાનમાં લઈને આ પગલું ભરવામાં આવ્યું છે. ત્યાં વિવિધ પ્રકારની જૈન સેન્ડવીચો તથા લસણ-ડુંગળી વિનાનો સોસ પણ મળે છે.

સબવેના ગુજરાત અને દીવ-દમણના ડેવલપમેન્ટ એજન્ટે કહ્યું હતું કે 'અમે અહીં સર્વેક્ષણ હાથ ધર્યું હતું અને ત્યારબાદ અમેરિકા સ્થિત અમારા મુખ્યાલયને અહીં જૈન કાઉન્ટરવાળું શુદ્ધ શાકાહારી રેસ્ટોરાં શરૂ કરવાનું સુચન કર્યું હતું. અમારી રેસ્ટોરાંઓમાં જેટલી શાકાહારી વાનગીઓ વેચાય છે, તેમાંથી ૬૦ ટકા ગુજરાતમાં વેચાય છે.' કંપનીનું પ્રથમ શાકાહારી કાઉન્ટર પંજાબની એક ખાનગી યુનિવર્સિટીમાં શરૂ કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું હતું કે 'અમે ટૂંક સમયમાં જ આવા આઉટલેટ્સ વડોદરા, સુરત, રાજકોટ, આણંદ, જામનગર અને ભાવનગરમાં શરૂ કરીશું.'

મેકડોનાલ્ડ પણ થોડા વર્ષોમાં ગુજરાતમાં શુદ્ધ શાકાહારી રેસ્ટોરાંઓ શરૂ કરવા વિચારી રહ્યું છે. નવેમ્બર ૨૦૧૧ માં કેએફસી ગુજરાતમાં શરૂ થયું ત્યારે તેમણે પણ તેમની રેસ્ટોરાંમાં શાકાહારી વાનગી વેચવાનું શરૂ કર્યું હતું. તેઓ વધુ કેટલીક વેજિટેરિયન વાનગીઓ સાથે ગુજરાતમાં હજી બીજી પાંચ રેસ્ટોરાં શરૂ કરશે.

પીઝાહટે આખા વિશ્વમાં તેની પ્રથમ શાકાહારી રેસ્ટોરાં અમદાવાદમાં શરૂ કરી હતી. ત્યાં જૈન વાનગીઓ પણ પીરસવામાં આવે છે.

ડોમીનોઝ પણ ગુજરાતમાં માત્ર અને માત્ર શાકાહારી વાનગીઓ પીરસતી હોય એવી ચાર રેસ્ટોરાં ધરાવે છે.

*ગુજરાત સમાચાર, તા. ૧૯-૩-૨૦૧૭*

## MLA હવેથી ૧૨૫ ચો.મી. બાંધકામવાળી સોસાયટીઓમાં નાણાં વાપરી શકશે

### ધારાસભ્યોની ગ્રાન્ટ વાપરવા બહાર પડેલા નવા નિયમો

શહેરના જુદાં જુદાં વિસ્તારોમાં જાહેર હિતના કામો માટે વાપરવાની થતી ધારાસભ્યોની ગ્રાન્ટની રકમના નિયમોમાં સરકારે કેટલાંક સુધારા કર્યા છે. આ અંગે સરકારમાંથી આવેલ નવા પરિપત્રની નકલો મ્યુનિ. કોર્પોરેશનના પ્લાનિંગ વિભાગે તમામ ડે. કમિશનરોને પરિપત્રની નકલો સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાની સૂચના સાથે કમિશનરની સહીથી મોકલાઈ છે. સૌથી મોટી બાબત એ છે કે ધારાસભ્ય અત્યાર સુધી ખાનગી સોસાયટીઓના મકાનો ૭૫ ચો.મીટર કે તેથી નાના હોય તો જ રસ્તા વગેરેના કામો માટે ગ્રાન્ટ આપી શકતા હતા તે મર્યાદા વધારીને હવે ૧૨૫ ચો.મીટરની કરાઈ છે.

આ અંગે પરિપત્રમાં જણાવ્યું છે કે તમામ ધારાસભ્યોને દર વર્ષે જાહેર કામો માટે મળતી ૧ કરોડની ગ્રાન્ટમાંથી કો.ઓ.સોસાયટીઓ હાઉસિંગ બોર્ડ, હુડકો, સ્લમ ક્લિયરન્સ બોર્ડની સોસાયટીઓ વગેરેમાં રસ્તા, ગટર, પાણીની લાઈન વગેરે માટે ૧૨૫ ચો.મી. સુધીના બાંધકામવાળી સોસાયટીઓમાં પણ ખર્ચ કરી શકશે. આમ પણ ધારાસભ્યોની પ્રથમ અગ્રીમતા સોસાયટીના કામોમાં નાણાં વાપરવાની હોય છે. ઉપરાંત સોસાયટીની સુરક્ષા માટે સીસીટીવી કેમેરા લગાવવા હોય તો ધારાસભ્ય કુલ ખર્ચની રકમના ૧૦ ટકા ફાળો આપી શકશે તેવી નવી જોગવાઈ કરવામાં આવી છે.

આ ઉપરાંત સરકારી કે મ્યુનિ. શાળાઓ, બાળક્રિડાંગણ, આંગણવાડી વગેરેમાં રમતગમતના સાધનો ખરીદવા ૫૦ હજાર આપવાની મર્યાદા હતી, તે વધારીને રૂ. ૧ લાખ કરાઈ છે. અર્બન હેલ્થ સેન્ટર ૧૦ લાખ આપી શકશે. સિવિલ હોસ્પિટલમાં શબવાહિની અને એમ્બ્યુલન્સ ખરીદવા રૂ. ૩ લાખની મર્યાદા હતી તે વધારી રૂ. ૫ લાખ કરાઈ છે. ગ્રામ વિસ્તારમાં રસ્તા, ગટર, કચરાનો નિકાલ, પાણીની સુવિધાના કામો 'આપણો તાલુકો વાઈબ્રન્ટ તાલુકો' યોજના હેઠળ ખર્ચ કરી શકશે. જ્યારે બાંકડા મુકાવાના કામો ફાળવેલ ગ્રાન્ટમાંથી ૧૦ ટકા રકમની મર્યાદામાં કરી શકાશે. ફિઝીયોથેરાપીના સાધનો ખરીદવા પણ સરકારી હોસ્પિટલોને રૂ. ૧૦ લાખ ફાળવી શકશે.

*ગુજરાત સમાચાર, તા. ૧૬-૩-૨૦૧૭*

## ગાંધીનગર રેલવે સ્ટેશન પર ૩૦૦ રૂમની ફાઈવસ્ટાર હોટેલ બનશે.

સેપ્ટ યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં જીઆઈડીસી ભવન ખાતે ઇન્ડિયન રેલવે સ્ટેશન ડેવલપમેન્ટ કોર્પોરેશનના સંજીવકુમાર લોહિયાના લેક્ચરનું આયોજન કરવામાં આવ્યું હતું. સંજીવકુમારે 'મેટ્રો સિસ્ટમ પ્લાનિંગ, ડિઝાઈન એન્ડ ઓપરેશન' વિષય ઉપર લેક્ચર આપ્યું હતું.

આખા દેશમાં અત્યારે ૮૩૦૦ જેટલા રેલવે સ્ટેશન છે. જેમાંથી ૪૦૦ સ્ટેશન્સ એ-વન કેટેગરીના એટલે કે વધારે કમાણી કરી આપતા સ્ટેશન્સ છે. રીડેવલપમેન્ટ માટે આ સ્ટેશન્સને પ્રાથમિકતા આપવામાં આવશે. અમૃતસર, ગ્વાલિયર, નાગપુર, ગાંધીનગર સહિતના ૧૨ રેલવે સ્ટેશનના રીડેવલપમેન્ટનું કામ હાલ ચાલું છે. આ રી-ડેવલપ થયેલાં રેલવે સ્ટેશન માત્ર ટ્રાન્સપોર્ટેશનની જ સુવિધા ન આપતાં અનેક ભૂમિકાઓ ભજવશે. વિકલાંગ લોકો સરળતાથી આ રેલવે સ્ટેશનનો યુઝ કરી શકે, સ્ટેશન પર વાઈફાઈ જેવી સુવિધાઓ મળી રહે તેમજ સ્વચ્છતા જળવાઈ રહે તેવી બાબતોનું ધ્યાન પ્લાનિંગ લેવલથી જ રાખવામાં આવશે.'

રેલવેના પાટાની સમાંતર ડેવલપમેન્ટ થતું હોય છે. ગાંધીનગરનું રેલવે સ્ટેશન પાટા ઉપરની ખાલી જગ્યાનો ઉપયોગ કરતું ભારતનું પ્રથમ રેલવે સ્ટેશન બનશે. ગાંધીનગરના રેલવે સ્ટેશનની ઉપર ૩૦૦ રૂમની ફાઈવસ્ટાર હોટેલ બનશે. અમારો ઉદ્દેશ ટીપિકલ રેલવે સ્ટેશન નહીં પણ ફાઈવસ્ટાર હોટલ જેવું દેખાતું રેલવે સ્ટેશન બનાવવાનો

છે. આ પ્રોજેક્ટ ૨૦૧૯ સુધીમાં તૈયાર થઈ રહેશે.

રેલવે સ્ટેશન ઉપર શહેરના ઈતિહાસની તેમજ હેરિટેજ સ્થળોની માહિતી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવશે. આ માટે રેલવે સ્ટેશન ઉપર જ એક નાનકડી ગેલેરી બનાવવામાં આવશે જેના થકી આવનાર મુસાફરો જે-તે શહેરની માહિતી મેળવી શકે.

*ગુજરાત સમાચાર, તા. ૨૪-૩-૨૦૧૭*

## ભારતીયો એજ્યુકેશન સિસ્ટમનો ભોગ બન્યા છે

### ભારતીયો પોતાના જૂના શાસ્ત્રોને ભૂલી ગયા છે : પ્રો. મિશેલ ડેનીનો

આઈઆઈએમના એલ્યુમિનાઈ એસોસિએશનના સ્ટડી સર્કલ દ્વારા પી.પી.ગુપ્તા ઓડિટોરિયમ ખાતે 'રિલેવન્ટ ઓફ ઈન્ડિયન નોલેજ સિસ્ટમ ટુ અ સસ્ટેનેબલ વર્લ્ડ' વિષય પર પ્રો. મિશેલ ડેનીનોના વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રો. ડેનીનોને તાજેતરમાં પદ્મશ્રી પુરસ્કારથી સન્માનવામાં આવ્યા છે.

માનવજાતિના વિકાસના અત્યારના સ્વરૂપને વિચારકો અનસસ્ટેનેબલ ગણાવે છે. એક પ્રજાતિ તરીકે આપણે સામાજિક, રાજકીય અને પ્રાકૃતિક એમ બધી જ રીતે ફેઈલ ગયા છીએ પણ પ્રાચીન ભારતની સંસ્કૃતિમાં અત્યારની મુશ્કેલીઓનો ઉકેલ જોવા મળે છે. પરંતુ કમનસીબે ભારતની આ પ્રાચીન પદ્ધતિઓનો આધુનિક ભારતમાં ક્યાંય સ્થાન નથી. પ્રો. મિશેલે પોતાના વક્તવ્યમાં પ્રાચીન ભારતીય પદ્ધતિઓ દ્વારા અત્યારની તકલીફો દૂર કરી શકાય તે સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. તેઓએ કહ્યું હતું કે, ભારતીયોએ પોતાના જૂના શાસ્ત્રોને ફ્રેશ માઈન્ડથી અભ્યાસ કરવાની જરૂર છે. ભારતમાં પ્રાચીનકાળથી જ્ઞાનને ખૂબ મહત્ત્વ આપવામાં આવ્યું છે. ભારતીયો પોતાના શાસ્ત્રોને સાવ ભૂલી ગયા છે. આજના સમયમાં ગણિતજ્ઞોની વાત થાય તો બધા જ પશ્ચિમી ગણિતજ્ઞોના નામને આગળ કરવામાં આવે છે પણ દુનિયાને શૂન્ય જેવી મૂલ્યવાન ભેટ આપનાર ભારતીય ગણિતજ્ઞો અંગે ભારતીયો પોતે જ કંઈ વાત નથી કરતા. ખરેખરમાં તો ભારતીયો આધુનિક એજ્યુકેશન સિસ્ટમનો ભોગ બન્યા છે. તેને બધુ જ જ્ઞાન પશ્ચિમમાંથી આવતું હોવાથી ભારતીય વિદ્યાર્થીઓ લઘુતાગ્રંથિથી પીડાય છે તેમજ તેમનામાં ક્રિએટિવિટીનો અભાવ છે.

### ધોળાવીરામાં વરસાદી પાણીના સંગ્રહની વ્યવસ્થા હતી

સદીઓ પહેલાંના ધોળાવીરા પાસેથી વૉટર મેનેજમેન્ટ ટેકનિક શીખવાની જરૂર છે. જ્યાં સુધી વરસાદી પાણીના સંગ્રહ કરવાની સિસ્ટમ આપણે ના વિકસાવીએ ત્યાં સુધી સસ્ટેન થવામાં આપણને તકલીફ થશે. અથર્વવેદમાં ખેતી માટે આપવામાં આવતા પાણી ઉપર કર લગાવવાની વાત કરી છે. આ અંગે પણ નેશનલ ડિબેટ થઈ શકે.

### ભારતીયો સદીઓથી પ્રકૃતિના પૂજક છે

અત્યારે માણસે ફક્ત પોતાની જરૂરિયાતો પર ફોક્સ કરીને પ્રકૃતિના તમામ થઈ શકે તેટલાને હાનિ પહોંચાડી છે. હવે પ્રકૃતિના તત્ત્વોને માન આપવાની અને જાળવણી કરવાની જાગૃતિ લોકોમાં ધીરે ધીરે આવી રહી છે પણ ભારતીયો તો સદીઓથી પ્રકૃતિના જેમ કે પર્વત, નદી, જમીન, વૃક્ષો વગેરેની પૂજા કરવાની તેમને માન આપવાની સંસ્કૃતિ ધરાવે છે.

*ગુજરાત સમાચાર, ત. ૧૮-૩-૨૦૧૭*

## કોંગ્રેસનો ભાજપને સણસણતો સવાલ : રૂ. ૮૬.૮૩ લાખ કરોડનું રોકાણ ક્યાં ગયું.?

### ગુજરાતમાં વાઈબ્રન્ટ હેઠળ વાસ્તવમાં રૂા. ૩૪,૨૩૪ કરોડનું જ રોકાણ થયું છે

વાઈબ્રન્ટ ગુજરાતમાં કરવામાં આવેલા રૂ. ૮૬.૮૩ લાખ કરોડના મેમોરેન્ડમ ઑફ અન્ડરસ્ટેન્ડિંગ સામે વાસ્તવમાં અત્યાર સુધીમાં રૂ. ૩૪૨૩૪ કરોડનું જ રોકાણ આવ્યું હોવાનો આક્ષેપ ગુજરાત કોંગ્રેસના નેતાઓએ તાજેતરમાં રાજ્ય વિધાનસભામા કર્યો હતો.

છેલ્લી ત્રણ વાઈબ્રન્ટ સમિટમાં ગુજરાત સરકારે રૂા. ૧૩૬.૯૫ કરોડનું આંધણ કર્યું છે તેની સામે વાઈબ્રન્ટ ગુજરાતમાં થયેલા રૂા. ૮૬.૮૩ લાખ કરોડના થયેલા એમ.ઓ.યુ. માંથી વાસ્તવમાં કેટલું મૂડીરોકાણ ગુજરાતમાં આવ્યું છે અને તેને કારણે કેટલી રોજગારી નિર્માણ થઈ છે તે અંગેના આંકડાઓ જાહેર કરવાની માગણી કરવામાં આવી છે. બીજું વાઈબ્રન્ટ ગુજરાતમાં એમ.ઓ.યુ. કરનારાઓને સરકાર તરફથી મદદ કરવામાં આવી છે, તેમ છતાંય તેમણે ૮૦ ટકા સ્થાનિકોને રોજગારી આપવાના નિયમોનું પાલન જ ન કર્યું હોવાના આક્ષેપો પણ રાજ્ય વિધાનસભામાં કોંગ્રેસી ધારાસભ્યોએ કર્યા હતા. સાત વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં કુલ ૩૮૫૨૮ એમ.ઓ.યુ. થયા અને ૫૧૩૦૪ પ્રોજેક્ટ નાખવા માટે ઔદ્યોગિક સાહસિકો આગળ આવ્યા હતા. તેમાંથી ૮૬૦૨ પ્રોજેક્ટ ડ્રોપ થઈ ગયા છે. ચીફ સેક્રેટરીએ આઠમા વાઈબ્રન્ટ સમિટ પછી પ્રેસ કોન્ફરન્સમાં જાહેર કર્યું છે કે રિયલ મૂડીરોકાણ રૂા. ૩૪,૨૩૪ કરોડનું થયેલું છે.

આ સંજોગોમાં ૮૬.૮૩ લાખ કરોડનું મૂડી રોકાણ ક્યાંથી આવ્યું અને ક્યાં ગયું તે અંગે સરકારે ફોડ પાડવો જોઈએ. આ વાઈબ્રન્ટના તાયફા પાછળ સરકારે અત્યાર સુધીમાં રૂ. ૧૩૬.૯૫ કરોડનું આંધણ કર્યું છે. તેની સામે મધ્યાહ્ન ભોજન માટે બાળકો પાછળ એક દિવસના માત્ર રૂા. ૩.૬૦ અને છથી આઠ ધોરણના વિદ્યાર્થીઓના મધ્યાહ્ન ભોજન માટે દિવસના રૂા. ૫.૪૫ જ ખર્ચાય છે.

*ગુજરાત સમાચાર, તા. ૧૧-૩-૨૦૧૭*

## ગામડાઓમાં તબીબી સારવાર માટે સરકારને કંઈ પડી નથી.

### વાઇબ્રન્ટ ગુજરાતની વાસ્તવિક્તા : ૧૭,૦૩૬ની વસતિ વચ્ચે માત્ર એક જ એલોપેથિક ડોક્ટર

ગુજરાતમાં શ્રેષ્ઠ તબીબી સારવારના ઢોલ પીટાય છે પણ વાસ્તવમાં ગુજરાતના ગામડાઓમાં આરોગ્યની માળખાકીય સુવિધાનો ભારોભાર અભાવ છે. એક વિશ્લેષણમાં એવુ જાણવા મળ્યું છે કે, ગુજરાતમાં ૧૭૦૩૬ લોકો વચ્ચે માત્ર એક જ એલોપેથિક ડોક્ટર

ઉપલબ્ધ છે. આ દર્શાવે છે કે, રાજ્યના સરકારી દવાખાનાઓમાં તબીબોની જગ્યાઓ ખાલી પડી રહી છે. આ કારણોસર ગરીબ જનતા તબીબી સારવાર લેવા આમથી તેમ ભટકી રહી છે.

નેશનલ હેલ્થ પ્રોફાઈલ, ૨૦૧૬ના રીપોર્ટના મતે, રાષ્ટ્રીય ક્ષેત્રે ૧૧૫૨૮ લોકો વચ્ચે એક સરકારી એલોપેથિક ડૉક્ટર ઉપલબ્ધ છે. પોંડિચેરીમાં ૧૯૭૧ લોકો દીઠ એક ડૉક્ટર, દિલ્હીમાં ૨૨૦૩ લોકો વચ્ચે એક ડૉક્ટર, સિક્કીમમાં ૨૩૬૩ લોકો વચ્ચે એક ડૉક્ટર ઉપલબ્ધ છે. આસામમાં ૭૦૯૨, રાજસ્થાનમાં ૮૦૭૬ લોકો વચ્ચે એક ડૉક્ટર છે. ગુજરાત કરતાંયે આર્થિક રીતે પછાત ગણાતાં રાજ્યોમાં પણ સરકારી ડૉક્ટરોની ઉપલબ્ધિ છે પણ ગુજરાતમાં ૧૭૦૩૬ જણાં વચ્ચે એક ડૉક્ટર છે. આવી સ્થિતિમાં તબીબી સેવાઓ પર ગંભીર અસર પડી રહી છે. આજે ગુજરાતમાં ૩૬૦૦ સરકારી ડૉક્ટરો સેવા આપી રહ્યાં છે.

રાજ્ય સરકાર શહેરીજન કરતાં ગ્રામ્યવાસી પાછળ આરોગ્ય ક્ષેત્રમાં ઘણો ઓછો ખર્ચ કરી રહી છે. ચાલુ વર્ષે રાજ્ય સરકાર શહેરી આરોગ્ય સેવા પાછળ માથાદીઠ ખર્ચ રૂ. ૧૪૩૦ ખર્ચશે જ્યારે ગામડાઓમાં સરકાર આરોગ્યની સેવામાં માથાદીઠ ખર્ચ રૂ. ૪૧૨ ખર્ચી રહી છે. આમ, સરકારને ગામડાઓમાં તબીબી સારવાર માટે પડી જ નથી.

ગામડાઓમાં તબીબી સારવાર અભાવે ગરીબ લોકોને મોંઘી સારવાર લેવા મજબૂર થવું પડે છે.

*ગુજરાત સમાચાર, તા. ૧૫-૩-૨૦૧૭*

## ૨૫૬૮ પ્રો. શાળાઓમાં માત્ર બે વર્ગખંડ – છાપરાંમાં ને ઝાડ નીચે શાળા ચાલે છે.

એક તરફ, ભાજપ સરકાર ગુજરાતમાં 'વાંચે ગુજરાત, રમે ગુજરાત', ગુણોત્સવ, પ્રવેશોત્સવ જેવા કાર્યક્રમો ઘડી કરોડોનો ધુમાડો કરી રહી છે સાથે એવો દાવો કરી રહી છે કે, અન્ય રાજ્ય કરતાં ગુજરાતમાં શિક્ષણની ગુણવત્તા સારી છે, વિદ્યાર્થીઓને સારુ શિક્ષણ આપવામાં આવે છે. બીજી તરફ, જાહેર હિસાબ સમિતિના અહેવાલમાં શિક્ષણ વિભાગની પોલંપોલ ઉઘાડી પડી છે.

આ અહેવાલમાં એવી ટીકા કરાઈ છે કે, ગુજરાતમાં આરટીઈના ધોરણો અનુસાર શાળામાં સુવિધાનો ભારોભાર અભાવ છે. રાજ્યમાં ૨૫૫૮ પ્રાથમિક શાળાઓ એવી છે કે, જેમાં માત્ર બે જ વર્ગખંડ છે. એટલું જ નહીં, રાજ્યમાં એવી શાળાઓ છે કે છાપરામાં ચાલે છે. આ ઉપરાંત ઝાડ નીચે પણ શાળા ચાલે છે. આરટીઆઈના ધોરણો મુજબ, દરેક હવામાનને અનુકુળ હોય તેવું શાળાનું મકાન હોવું જોઈએ પણ રાજ્યમાં ૪૮ એવી શાળા જોવા મળી કે, તેમના પોતાના મકાન ન હતાં. ૫૬ શાળાના મકાનો જર્જરીત અવસ્થામાં હતાં. એક શાળા છાપરામાં ચાલતી હતી. શાળાઓમાં વિદ્યાર્થી-વિદ્યાર્થીઓના અલગ અલગ શૌચાલય નથી. સ્વચ્છ પીવાના પાણીની સુવિધા નથી. મધ્યાહ્ન ભોજન માટે રસોડું નથી. શાળામાં કમ્પાઉન્ડ વોલ નથી. ૩૦૦ શાળાઓ એવી જોવા મળી કે, જ્યાં મૂળભૂત પાયાની સુવિધા નથી. શાળાની માળખાકીય સુવિધા માટે વર્ષ ૨૦૦૮-૦૯ થી માંડીને વર્ષ ૨૦૧૨-૧૩ સુધીમાં રૂા. ૧૧૦૬ કરોડ ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી તેમ છતાંયે રૂા. ૩૦૪ કરોડ વણવપરાયેલા પડી રહ્યાં હતાં.

*ગુજરાત સમાચાર, તા. ૧૧-૩-૨૦૧૭*

## નેશનલ ફેમિલી હેલ્થ સર્વે – વર્ષ ૨૦૧૬ પ્રમાણે ૧૦ વર્ષમાં ગુજરાતમાં ૬ થી વધુ વય ધરાવતી ૨૮ ટકા છોકરીઓ સ્કૂલમાં ગઈ જ નથી.

કેન્દ્ર સરકાર દ્વારા દર ૧૦ વર્ષે કરવામાં આવતા નેશનલ ફેમિલી હેલ્થ સર્વે ૨૦૧૫-૧૬ ના રિપોર્ટ પ્રમાણે ગુજરાતમાં ૬ વર્ષ કરતાં વધારે વય ધરાવતી કુલ સંખ્યાની ૨૮ ટકા બાળકીઓ ક્યારેય શાળામાં ગઈ નથી. જિલ્લા પ્રમાણે થયેલા સર્વેમાં સ્કૂલમાં જતી બાળકીઓમાં બનાસકાંઠા ૫૪, દાહોદ ૫૫, સુરેન્દ્રનગરમાં ૫૬ ટકા અને ત્યારબાદ કચ્છમાં ૫૭ ટકા સંખ્યા જ નોંધાઈ છે.

દર વર્ષે રાજ્ય સરકાર દ્વારા પ્રવેશોત્સવ ઉજવવામાં આવે છે આમ છતાં છોકરીઓને શિક્ષણ પ્રાપ્ત થતુ નથી. આ સર્વેમાં ડ્રોપ આઉટ વિદ્યાર્થીનીઓની સંખ્યા દર્શાવવામાં આવી નથી. સર્વેમાં માત્ર ક્યારેય સ્કૂલ ન ગઈ હોય તેવી બાળકીઓની છે. કન્યા કેળવણી, સ્ત્રી સશક્તિકરણ અને બેટી બચાવો બેટી પઢાઓ જેવી ઝુંબેશ વચ્ચે લાખો બાળકીઓ શાળા સુધી પહોંચી શકતી નથી.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાતમાં વડોદરા ગ્રામીણ, પાટણ, અમરેલી, બનાસકાંઠા, કચ્છ, સુરેન્દ્રનગર, દાહોદ, નર્મદા અને પંચમહાલ જેવા જિલ્લાઓમાં ૬ થી વધુ વર્ષ ધરાવતી કુલ બાળકીઓમાં સરેરાશ ૫૦ થી ૫૬ ટકા જ સ્કૂલમાં અભ્યાસ કરે છે. ગુજરાત સરકારે ૨૦૦૩ માં કન્યા કેળવણી માટે એક ઝુંબેશ શરૂ કરી હતી. આમ છતાં ૨૦૧૫-૧૬ ના નેશનલ ફેમિલી હેલ્થ સર્વે પ્રમાણે ગુજરાતમાં ૨૮ ટકા બાળકીઓ સ્કૂલના પગથિયા સુધી પહોંચી નથી. ગુજરાત કાઉન્સિલ ઓફ એલીમેન્ટરી એજ્યુકેશન અને સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા કરોડો રૂપિયા ખર્ચ કરવામાં આવે છે આમ છતાં ગુજરાતમાં કન્યા કેળવણીનું સ્તર કેટલાંક જિલ્લાઓમાં કથળતુ દેખાય છે. ખાસ કરીને છૂટક મજૂરી કરતાં પરિવારોની બાળકીઓને શિક્ષણ આપવાનું મહત્ત્વ સમજતા નથી. સામાજિક અસમાનતાને કારણે બાળકીઓ શિક્ષણથી વંચિત રહી જાય છે.

*ગુજરાત સમાચાર, તા. ૧૫-૩-૨૦૧૭*

## કોંગ્રેસને સારા સેલ્સમેન પણ ઉગારી શક્યા નહીં

પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓનાં પરિણામોએ ભલભલાની ગણતરીઓ ઊંધી વાળી દીધી છે. ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કરિશ્માને ખાળવામાં ખેરખાંઓ ચિત્ત થઈ થયા છે. કોંગ્રેસ અને સમાજવાદી પક્ષ તો હવે હારનાં કારણ પણ શોધી શકે તેવી સ્થિતિ રહી નથી તેવી સ્થિતિમાં દેશના સ્ટાર કિંગમેકર કે પછી રાજકીય સેલ્સમેન પ્રશાંત કિશોરની ક્ષમતાઓ સામે પણ હવે સવાલ ઊભો થઈ ચૂક્યો છે. ૨૦૧૪ ની લોકસભાની ચૂંટણી સમયે ભારતીય જનતા પક્ષની વ્યૂહરચનાના કેન્દ્રમાં રહેલા આ રાજકીય કન્સલ્ટન્ટ પ્રશાંત કિશોર કોંગ્રેસને ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડમાં ઉગારી

શક્યા નહીં એની અસર તેમની પોતાની પ્રતિષ્ઠાને ધોઈ નાખે તેવી બની રહેશે એમાં કોઈ શંકા જણાતી નથી.

લોકસભાની ચૂંટણીઓમાં ભાજપના ભારે વિજયથી રાતોરાત સ્ટાર બની ગયેલા આ રાજકીય સેલ્સમેને તે પછી બિહારમાં લાલુપ્રસાદ યાદવ અને નીતીશકુમારના જોડાણને જીતાડવા માટેનું બીડું ઝડપ્યું હતું. તેમાં પણ તેમને ભારે સફળતા મળતાં રાજકીય પક્ષોમાં તેમનું નામ ગુંજતું થઈ ગયું હતું. અશક્યને શક્યમાં પલટાવવાની હથોટી ધરાવતા હોવાની છાપે પ્રશાંત કિશોર તરફ કોંગ્રેસને ખેંચી હતી. આરંભમાં કોંગ્રેસે તેમને ઉત્તરપ્રદેશની જવાબદારી સોંપી હતી તે પછી ઉત્તરાખંડમાં પણ પક્ષની બાબતો મજબૂત કરવાની કામગીરી તેમને સોંપાઈ હતી. દેશના સૌથી જૂના રાજકીય પક્ષ માટે એક કડવી વાસ્તવિકતા હતી કે તેણે રાજકીય કન્સલ્ટન્ટની મદદ લેવી પડી હતી.

પણ વક્તા એ સામે આવી ચૂકી છે કે પ્રશાંત કિશોરનો જાદુ પણ કોંગેસને કામ આવ્યો નથી. આની પાછળ કોંગ્રસ પાસે પાયાના સ્તરે સંગઠનનો અભાવ અને પ્રશાંતની ભૂમિકામાં નિયંત્રણો મૂકવાનાં પગલાં જવાબદાર હોવાની છાપ ઊભી થઈ રહી છે. આરંભમાં રાજ્યસ્તરે સક્રિય રહેલા પ્રશાંત અને તેમની ટીમની જવાબદારી પછીથી જિલ્લા કક્ષાના મુદ્દા શોધીને તેના પર ધ્યાન આપવા અને કોંગ્રેસની છાપ સુધારવા પૂરતી મર્યાદિત રહી હતી. આમ પણ તેમની વ્યૂહરચના અમલમાં મૂકી શકે એવું કોંગ્રેસ પાસે માળખું જ ન હતું. તેમ છતાં પણ પ્રશાંત કિશોરે કોંગ્રેસ અને સમાજવાદી પક્ષ વચ્ચે જોડાણમાં ચાવીરૂપ ભૂમિકા ભજવી હોવાનું કહેવાય છે. પણ તેમનો આ દાવ પણ ધૂળ ચાટતો થયો છે.

આમ હવે કોંગ્રેસ અને રાહુલ ગાંધીની ક્ષમતાઓ અંગે જ્યારે ચર્ચા છેડાઈ છે ત્યારે દેશના રાજકીય ક્ષેત્રમાં પ્રશાંત કિશોરની ક્ષમતાઓ અંગે હવે સવાલ ઊભા થાય તે સ્વાભાવિક છે. આવનારા સમયમાં આ માસ્ટર સ્ટ્રેટેજીસ્ટે તેમના નામ સામેના સવાલો શમી જાય તેની રાહ જોવી રહી. તેની સાથોસાથ નવી તક લેતાં અગાઉ તેની સાથે રહેલી સફળતાની શક્યતાઓને નાણી લેવાની જરૂરત પણ રહેશે. કોઈ પણ ખરાબ પ્રોડક્ટ સારા સેલ્સમેનના આત્મવિશ્વાસને પણ ચિત કરી દેતી હોય છે.

*કચ્છમિત્ર, તા. ૧૩-૩-૨૦૧૭*

## સુમનદીપના સંચાલકોએ વિદ્યાર્થી દીઠ રૂ. ૮૭ લાખના કોરા ચેક લીધા હતા.

વડોદરાની સુમનદીપ વિદ્યાપીઠના સંચાલકો દ્વારા લાખ્ખોનું ડોનેશન અને પરીક્ષામાં પાસ કરાવવા માટે મોટી રોકડી કરવાના કેસમાં ત્રણ વ્યક્તિને એસીબીએ ટ્રેપ કરી ધરપકડ કરી હતી. વલસાડ જિલ્લામાંથી પણ ત્રણ વિદ્યાર્થીઓ પાસેથી પહેલા અને બીજા સેમેસ્ટરની ફી પેટે રૂ. ૧૬-૧૬ લાખ લેવા સાથે તે અધવચ્ચેથી યુનિ. છોડી નહીં જાય તે માટે રૂા. ૮૭ લાખના તારીખ વગરના કોરા ચેકો પણ લીધા હોવાની માહિતી સાંપડી છે.

વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકામાં આવેલી સુમનદીપ વિદ્યાપીઠ યુનિવર્સિટીમાં પરીક્ષામાં પાસ કરવા માટે યુનિવર્સિટીના સંચાલક મનસુખ શાહ, ભરત સાવંત અને ડૉ. ધ્રુવીલ શાહ રૂા. ૨૦ લાખની લાંચ લેતાં ઝડપાયા હતા. વલસાડ જિલ્લામાંથી પણ ત્રણ વિદ્યાર્થીઓએ સુમનદીપ વિદ્યાપીઠમાં એમબીબીએસના પ્રથમ વર્ષમાં એડમિશન લીધું હતું. જેમાં વાપીમાં રહેતા પારસ હિમાંશુભાઈ શાહ, શિવાની વિજયભાઈ તન્ના અને ભિલાડ રહેતા કુશાંગ ભરતભાઈ જાદવે પ્રથમ વર્ષની ફી પેટે અંદાજિત રૂા. ૧૬ લાખ ચુકવી દીધા હતા. કૉલેજ ડિપોઝીટ પેટે રૂા. ૨૫ હજાર પણ ભર્યા હતા.

આ ઉપરાંત એમબીબીએસનો ૪.૫ વર્ષનો અભ્યાસક્રમ વિદ્યાર્થી સુમનદીપ વિદ્યાપીઠમાં જ કરે અને અધવચ્ચેથી યુનિવર્સિટી છોડીને ચાલ્યો નહીં જાય તે માટે પ્રત્યેક વિદ્યાર્થી દીઠ તારીખ વગરના રૂા. ૮૭ લાખના કોરા ચેકો લીધા હતા. આ બાબતે આજે લાંચ રૂશવત વિરોધી શાખામાં ત્રણેય વિદ્યાર્થી અને વાલીઓના નિવેદનો લેવા માટે બોલાવવામાં આવ્યા હતા. નવસારી જિલ્લામાંથી પણ ત્રણ વિદ્યાર્થીઓએ સુમનદીપ વિદ્યાપીઠમાં પ્રવેશ લીધો છે. તેઓ પાસેથી કેવી રીતે પૈસા ઉઘરાવવામાં આવ્યા છે તેની પણ વિગત જાણવા એસીબીએ તજવીજ હાથ ધરી છે.

*ગુજરાત સમાચાર, તા. ૬-૩-૨૦૧૭*

